દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 222 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 September 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ટ્રમ્પની હત્યાનો વધુ એક પ્રયાસ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ફ્લૉરિડાસ્થિત ગૉલ્ફ કોર્સમાં ગોલ્ફ રમી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરવાનો વધુ એક નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

માત્ર બે જ મહિનાના ટૂંકા સમયગાળામાં ટ્રમ્પની હત્યાનો આ બીજો પ્રયાસ હતો. અગાઉ જુલાઈ મહિનામાં પૅન્સિલવૅનિયામાં એક રેલી દરમિયાન ટ્રમ્પ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. યુવાન શૂટરે ટ્રમ્પ પર અનેક ગોળીઓ છોડી હતી જેમાંની એક ગોળી ટ્રમ્પના જમણા કાનને અડીને પસાર થઈ હતી. ફ્લૉરિડાના વૅસ્ટ પામ બીચસ્થિત ટ્રમ્પ ઈન્ટરનેશનલ ગોલ્ફ ક્લબ ખાતે રવિવારે આ ઘટના બની હતી. જોકે આ હુમલામાં ટ્રમ્પને કોઈ ઈજા નહોતી થઈ.

મિયામીસ્થિત સ્પેશિયલ એજન્ટ ઈન્ચાર્જના જણાવ્યા અનુસાર ગુપ્તચર સંસ્થાના એજન્ટે ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કરનાર ગનમૅન પર ગોળીબાર કર્યો હતો.

પામ બીચ કાઉન્ટિના શૅરિફ રિક શૉના જણાવ્યા અનુસાર ગન સાથે ઝાડીની પાછળ

(જુઓ પાનું ૨) ▸▸


સ્વાદ માટે અજોડ
જુની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી®
સંયુક્ત હિંગ
ડીલક્ષ પાવડર
સર્વત્ર ઉપલબ્ધ
આર. એમ. કાનાણી એન્ડ કું. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 67,500/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## દેશ માટે જીવીશ, ઝઝુમીશ અને દેશ માટે ખપી જઈશઃ મોદી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હું સરદારની ભૂમિમાંથી પેદા થયો છું, દરેક મજાક-અપમાન સહન કરતાં કરતાં ૧૦૦ દિવસ મેં દેશહિત માટે અને જનકલ્યાણલક્ષી નીતિ-નિર્ણયો માટે વિતાવ્યા છે. ભારતની શાન વધારવાના અને દરેક ભારતીયને સન્માનપૂર્વકનું જીવન આપવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર (જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારનું કાર્યાલય અનંત ચતુર્દશી નિમિત્તે તા. ૧૭.૯.૨૦૨૪, મંગળવારે સંપૂર્ણ બંધ રહેવાનું હોવાથી તા. ૧૮.૯.૨૦૨૪, બુધવારનો અંક પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો, અખબારના વિક્રેતાઓ, જાહેરખબર આપનારા લોકો વગેરેએ નોંધ લેવી.

– વ્યવસ્થાપક

## ભારતીય હોકી ટીમ એશિયન ચેમ્પિયનની ફાઈનલમાં

બેઇજિંગઃ ભારતીય હોકી ટીમે તેનું શાનદાર પ્રદર્શન યથાવત્ રાખ્યું અને સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાને ૪-૧થી હરાવીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારત હવે ફાઇનલમાં ચીન સામે ટકરાશે, જેણે બીજી સેમિફાઇનલ મેચમાં પાકિસ્તાનને હરાવીને પ્રથમ વખત ટાઇટલ મેચમાં પ્રવેશ કર્યો છે. પેરિસ ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય ટીમે આ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને તે અજેય રહી છે. ભારત

(જુઓ પાનું ૨) ▸▸


મોટાભાઈ ! ૩૮ વરસનો અનુભવ છે!
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
www.heenatours.in
022-61596900

Freedom ESTD. 2014
TOUR PLAN
12N NZ GROUP TOUR - OCT-JAN '25
₹ 1,85,400/-* Land Package with BF
₹ 2,25,000/-* Land Package - Restaurant
₹ 2,43,000/-* Land Package with Chef
₹ 4,54,500/-* All Inclusive Package
+91 98751 62567
FREEDOMTOURISM.COM

કાશ્મીર ટુર, દિ-૭
₹20600PP થી શરૂ
શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગામ
પ્રાઈમ લોકેશન પર હોટલ્સ, ભરપુર સાઈટસીન, પ્યોર વેજ, જૈન અને સ્વામીનારાયણ ફૂડ, લકઝરીયસ વેહીકલમાં પ્રવાસ.
વધુ વિગત માટે સંપર્ક :
હરિયા ટ્રાવેલ્સ ખાર વેસ્ટ, મુંબઈ.
8779112094

પ્રીમીયમ પેકેજ
કાશ્મીર | ઓફ બીટ કાશ્મીર
કિન્નૌર-લાહુલ-સ્પીતિ
જીભી-કસોલ-મનાલી
ડેલહાઉસી-અમૃતસર
આસામ-મેઘાલય-અરૂણાચલ
અલ્માટી | સિંગાપુર | લેહ-લદાખ
જ્યોર્જીયા | બાકુ | દુબઈ
HAZEL Treks N Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938





## કોંગ્રેસ, રાહુલ ગાંધી જમ્મુ અને કાશ્મીરને ફરીથી આતંકવાદ તરફ ધકેલવા માગે છેઃ અમિત શાહ

ગુલાબગઢ (જમ્મુ-કાશ્મીર)ઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લેતાં કિશ્તવાડમાં રેલી કરી હતી. આ રેલીમાં અમિત શાહે નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કલમ ૩૭૦ અંગે સરકારનું વલણ પણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે હવે કલમ ૩૭૦ ઈતિહાસ બની ગઈ છે. તેમણે એવો દાવો કર્યો હતો કે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને એવા સ્તરે દફનાવી દેવામાં આવ્યો છે કે હવે તે ફરી પાછો જીવંત થઈ શકતો નથી.

નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ પર 'પરિવારની સરકાર' બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે તેઓ જમ્મુ અને કાશ્મીરમાં હવે ફરીથી સત્તામાં આવી શકશે નહીં. રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે કૉંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરને ફરીથી આતંકવાદ તરફ ધકેલવા માગે છે.

જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના નેતા અમિત શાહે વારંવાર

(જુઓ પાનું ૨) ▸▸

## મુંદરા બંદરેથી વધુ ₹ ૧૧૦ કરોડનો પ્રતિબંધિત ટેબ્લેટનો જથ્થો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભુજઃ ગત જુલાઈમાં કસ્ટમ તંત્રએ મુંદરા અદાણી બંદરેથી આફ્રિકન દેશોમાં નિકાસ અર્થે જઈ રહેલાં બે શંકાસ્પદ કન્ટેઈનરોમાંથી ૧૦૦ કરોડના મૂલ્યની ટ્રામાડોલ ટેબ્લેટ (અફીણમાંથી બનતી ગોળી)નો જથ્થો પકડાયાના પ્રકરણમાં તપાસ કરી રહેલી એજન્સીએ રાજકોટની નિકાસકાર પેઢીના પરત મંગાવેલાં શંકાસ્પદ કન્ટેનરોમાંથી અગાઉના ૪૧ કરોડ સહિત ૧૧૦ કરોડથી વધુનો ફાઈટર ડ્રગ્સ તરીકે ઓળખાતી ટ્રામાડોલ દવાનો જથ્થો મળી આવ્યો છે.

આ અંગે જાણવા મળેલી સત્તાવાર વિગતો મુજબ, રાજકોટની રેઈન ફાર્મા નામની બ્લેક લિસ્ટેડ કરી દેવાયેલી કંપનીના મુંદરા બંદરેથી બારોબાર આફ્રિકન દેશ તરફ નીકળી ગયેલા અને બાદમાં પરત બોલાવાયેલા ચાર કન્ટેનરમાંથી દવાનો જથ્થો મળી આવતા તપાસ એજન્સીઓ ચોંકી ઊઠી છે.

એક તપાસકર્તાના જણાવ્યા મુજબ, રાજકોટની નિકાસકાર પેઢીએ

(જુઓ પાનું ૨) ▸▸



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લિકર કેસમાં ઈડી-સીબીઆઈ કેમ પુરાવા ન શોધી શક્યાં?

**દિલ્હીના** મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે કથિત એક્સાઈઝ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન લઈને જેલની બહાર આવ્યા પછી મુખ્ય મંત્રીપદ છોડવાની જાહેરાત કરી તેની ચોતરફ ચર્ચા છે. કેજરીવાલે કોઈને કલ્પના ના આવે એવો રાજકીય દાવ રમી નાખ્યો તેથી આ ચર્ચા સ્વાભાવિક છે પણ તેના કારણે એક મહત્ત્વનો મુદ્દો બાજુ પર રહી ગયો છે. આ મુદ્દો લિકર કેસમાં કેજરીવાલને જામીન મળ્યા તેના સૂચિતાર્થ છે.

કેજરીવાલને જામીન આપતી વખતે સુપ્રીમ કોર્ટે આડકતરી રીતે લિકર કૌભાંડ રાજકીય રીતે ઊભું કરાયેલું તિકડમ છે એવું કહી દીધું છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને રાજકીય ઈશારે વર્તવાના બદલે ન્યાયી રીતે વર્તવાનું કહ્યું, પાંજરામાં પુરાયેલા પોપટ તરીકેની તેની ઈમેજ બદલવા કહ્યું તેના પરથી સ્પષ્ટ છે કે, સુપ્રીમ કોર્ટ પણ લિકર કેસમાં ચાલી રહેલા ચલકચલાણાથી કંટાળી છે ને તેને પણ ખબર પડી ગઈ છે કે, આ તલમાં તેલ નથી.

આ સંજોગોમાં લિકર કેસનું બહુ જલદી પડીકું થઈ જાય એવી પૂરી શક્યતા છે. આ વાતનો અહેસાસ સુપ્રીમ કોર્ટને બહુ પહેલાં જ થઈ ગયેલો તેથી જ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવીને આ કેસમાં મોટા ભાગના આરોપી જેલની બહાર આવી ગયા છે. દિલ્હી લિકર કેસમાં હવે એક માત્ર અમનદીપ ધલ જેલમાં છે પણ બાકીના બધા છૂટી જતાં તેનો પણ જલદી છુટકારો થવાની આશા છે. આ કેસમાં ઈડીએ અત્યાર સુધીમાં કુલ ૧૮ આરોપીઓની ધરપકડ કરી હતી ને તેમાંથી ૧૪ આરોપીને કોર્ટમાંથી જામીન મળી ગયા છે. ૧૧ આરોપીને રેગ્યુલર જામીન અને ૩ આરોપીને વચગાળાના જામીન મળ્યા છે જ્યારે ૩ આરોપી સરકારી સાક્ષી બની ગયા છે તેથી બહાર છે.

સીબીઆઈએ ૯ આરોપીઓની ધરપકડ કરી હતી અને તેમાંથી અમનદીપ સિવાયના બાકીના ૮ને જામીન મળી ગયા છે. ટૂંકમાં અમનદીપ સિવાયના બાકીના આરોપીઓ બહાર આવી ગયા છે. આ સંજોગોમાં માત્ર અમનદીપને જેલમાં રાખવાનો અર્થ નથી. સીબીઆઈ અને ઈડીએ કેજરીવાલ ઉપરાંત મનિષ સિસોદિયા, સંજયસિંહ અને કે. કવિતા એમ ચાર ટોચના નેતાઓની ધરપકડ કરી હતી. હવે આ ચારેય જેલની બહાર છે ને સીબીઆઈ કે ઈડી નવું કશું લાવી શક્યાં નથી એ જોતાં આ કેસ ડેડ એન્ડ પર આવીને ઊભો રહી ગયો છે.

આ સ્થિતિ એટલા માટે સર્જાઈ કે, ઈડી અને સીબીઆઈ બંનેએ પહેલા દિવસથી કોઈ પણ પ્રકારના નક્કર પુરાવા વિના એવો કેસ ઊભો કરી દીધો કે જેનો ઉદ્દેશ ભાજપના રાજકીય ફાયદો કરાવવાનો હતો. ભાજપ દિલ્હીમાં અરવિંદ કેજરીવાલને સીધા જંગમાં પછાડી શકે તેમ નથી એટલે લેફ્ટનન્ટ ગવર્નર અને બીજા અધિકારીઓને હાથો બનાવીને કેજરીવાલ સરકારને પરેશાન કર્યા કરે છે. લિકર કેસના બહાને ભાજપ એક કદમ આગળ વધ્યો. મોદી સરકારે કેજરીવાલ સરકારે બનાવેલી એક નીતિને આધાર બનાવીને ભ્રષ્ટાચારનો કેસ તો કરી દીધો પણ ભ્રષ્ટાચાર થયો હોવાનું સાબિત ના કરી શક્યા.

સીબીઆઈ અને ઈડીનો કેસ એકદમ ખોખલો હતો. આખો કેસ ભાજપના નેતાઓના આક્ષેપોને આધારે ઊભો કરાયો અને તેના આધારે ધરપકડ કર્યા પછી ધરપકડ કરાયેલા ત્રણ આરોપીને સરકારી સાક્ષી બનાવીને આમ આદમી પાર્ટીના નેતાઓ તથા કે. કવિતાને અંદર કરી દેવાયાં. ઓરોબિંદો ફાર્માના ડિરેક્ટર પી સરથચંદ્ર રેડ્ડી, ટીડીપીના લોકસભાના સભ્ય મગુંતા શ્રીનિવાસુલુ રેડ્ડીના પુત્ર રાઘવ મગુંતા અને બિઝનેસમેન દિનેશ અરોરા એ ત્રણ સરકરી સાક્ષી બની ગયેલા આરોપીઓનાં નિવેદનોને બાદ કરતાં સીબીઆઈ અને ઈડી પાસે કોઈ પુરાવા જ નથી. આ કેસમાં ઈડીએ દાખલ કરેલી ચાર્જશીટ જોશો તો આ વાત સમજાશે.

ઈડીનો દાવો છે કે કે. કવિતા દારૂના વેપારીઓની ‘સાઉથ ગ્રુપ’ લોબી સાથે સંકળાયેલી હતી. કવિતાએ સાઉથના લિકરના વેપારીઓને ફાયદો કરાવવા મધ્યસ્થી કરેલી અને દારૂ કૌભાંડના આરોપી વિજય નાયરે કથિત રીતે ‘સાઉથ ગ્રુપ’ પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ લીધી હતી. આ લાંચ ક્યાંથી આવી અને ક્યાં ગઈ તેની વાતો કરાઈ પણ બે વર્ષમાં તેના કોઈ નક્કર પુરાવા નથી રજૂ કરાયા. સાઉથની લોબી પાસેથી મળેલી ૧૦૦ કરોડ રૂપિયાની લાંચમાંથી ૪૫ કરોડ રૂપિયા આપ દ્વારા ગોવાની ચૂંટણીમાં વાપરવામાં આવ્યા હતા એવો ઈડીનો દાવો છે પણ તેના પુરાવા નથી. બાકીના ૫૫ કરોડ રૂપિયાનું શું થયું એ પણ તેમને ખબર નથી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જુલાઈમાં રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડમાં ચાર્જશીટ દાખલ કરી તેમાં આમ આદમી પાર્ટીને આરોપી બનાવી હતી અને અરવિંદ કેજરીવાલને આરોપી નંબર ૩૭ બનાવવામાં આવ્યા છે. ઈડીએ આમ આદમી પાર્ટીના આરોપી ચરણપ્રીતને હવાલા મારફતે નાણાં મળ્યા હોવાનો દાવો કર્યો છે. આ વાતના કોઈ પુરાવા નથી. ઈડીએ કેજરીવાલ અને વિનોદ ચૌહાણ વચ્ચેના મેસેજ અપરાધ સ્થાપિત કરવા માટે પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કર્યા છે. આ ઉપરાંત ચાર્જશીટમાં બેંક નોટ, સિરિયલ નંબર અને વોટ્સએપ ચેટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ તેનાથી કશું સાબિત ના થાય. નોટો પકડાઈ હોય તો એ પુરાવો ગણાય, બાકી ગમે તે નોટોનો નંબર આપી દો તેનાથી લાંચ અપાયાનું સાબિત થોડું થાય ?

આ કેસમાં અરવિંદ કેજરીવાલને એટલે આરોપી બનાવાયા કે, આમ આદમી પાર્ટીના સંરક્ષક હોવાથી અરવિંદ કેજરીવાલ પાર્ટી દ્વારા કરવામાં આવતા દરેક કાર્ય માટે જવાબદાર છે. આમ આદમી પાર્ટી આ કૌભાંડ અને અપરાધમાંથી મળેલી આવકની મુખ્ય લાભાર્થી છે એવો દાવો છે પણ પહેલાં આમ આદમી પાર્ટીએ કોઈ અપરાધ કર્યો છે એવું તો સાબિત કરવું પડે કે નહીં ? ચાર્જશીટમાં ઈડીએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ વિશે સંપૂર્ણ જાણકારી હતી. કેજરીવાલ પોતે પણ અપરાધમાં સામેલ હતા. આ પૈસાનો ઉપયોગ ગોવાની ચૂંટણીમાં કરવામાં આવ્યો હતો.

લિકર પોલિસીમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા વિજય નાયર અરવિંદ કેજરીવાલની ખૂબ નજીક છે અને કેજરીવાલના ઈશારે કામ કરતા હતા. સમીર મહેન્દ્રુએ પૂછપરછ દરમિયાન જણાવ્યું કે વિજય નાયરે તેને કહ્યું હતું કે એક્સાઇઝ પોલિસી પાછળનું ભેજું મગજ અરવિંદ કેજરીવાલનું છે. આ ઉપરાંત એક્સાઇઝ પોલિસી તૈયાર બનતી હતી ત્યારે ઘણા આરોપી કેજરીવાલના સંપર્કમાં હતા. બુચીબાબુ ગોરંતલા અને દિનેશ અરોરાએ કેજરીવાલ વિરુદ્ધ જુબાની આપી હતી. એ વખતે વાયએસઆર કોંગ્રેસના સાંસદ અને અત્યારે ટીડીપીના સાંસદ મંગુતા શ્રીનિવાસુલુ રેડ્ડી અને કેજરીવાલ વચ્ચે ઘણી બેઠકો થઈ હતી. આ બધી વાતો અધ્ધરતાલ છે ને તેના આધારે કેજરીવાલને અંદર કરી દેવાયેલા.

ટૂંકમાં આખો કેસ ખાલી વાતો પર આધારિત છે એ જોતાં હવે કશું થાય એવી શક્યતા નથી.

# કેજરીવાલ આજે ઉપ-રાજ્યપાલને રાજીનામુ સોંપે તેવી શક્યતા

નવી દિલ્હી : દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ મંગળવારે બપોરે સાડાચાર વાગ્યે ઉપ રાજ્યપાલ વી કે. સકસેનાને મળશે અને તેઓ દિલ્હીના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપે એવી સંભાવના છે.

સકસેનાએ કેજરીવાલને સાંજે સાડાચાર વાગ્યાની અપોઈન્ટમેન્ટ આપી છે, એવી સત્તાવાર સૂત્રોએ માહિતી આપી હતી. આપના સુપ્રીમો કેજરીવાલે કહ્યું હતું કે અમે પ્રમાણિક છીએ એમ લોકો કહેશે ત્યારે જ હું મુખ્ય પ્રધાન અને મનીષ સિસોદીયા ઉપ મુખ્ય પ્રધાન બનીશું

આપે અગાઉ કહ્યું હતું કે કેજરીવાલે મંગળવાર માટે ઉપ રાજ્યપાલ પાસે સમય માગ્યો છે અને કેજરીવાલ તેમનું રાજીનામુ આપે એવી સંભાવના છે. એકસાઈઝ પોલિસી કેસમાં તિહાર જેલમાંથી મુક્ત કર્યાના દિવસો બાદ આપના નેશનલ કન્વીનર કેજરીવાલે કહ્યું હતું કે હું ૪૮ કલાકમાં રાજીનામું આપીશ. તેમણે વિધાનસભાની ઝડપી ચૂંટણીની માગણી કરી હતી. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે લોકો તેમને પ્રમાણિકતાનું પ્રમાણપત્ર આપશે ત્યારે જ તેઓ મુખ્ય પ્રધાનની ખુરશીમાં બેસશે. કેજરીવાલે કહ્યું હતું કે હું બે દિવસની અંદર આપ વિધાનસભ્યોની બેઠક બોલાવીશ અને પક્ષના નવા નેતા મુખ્ય પ્રધાન બનશે.

# ‘એક દેશ, એક ચૂંટણી’ હાલના બંધારણમાં સંભવ નથીઃ ચિદમ્બરમ

ચંડીગઢ : કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે ‘એક દેશ એક ચૂંટણી’અંગે ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે હાલના બંધારણમાં ‘એક દેશ એક ચૂંટણી’ સંભવ નથી અને આ માટે ઓછામાં ઓછા પાંચ બંધારણીય સુધારા કરવા પડશે.

ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારની તેની હાલની મુદતમાં ‘એક દેશ એક ચૂંટણી’ અમલમાં મૂકશે એવા અહેવાલોનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે લોકસભા કે રાજ્યસભામાં આ બંધારણીય સુધારા કરવાના આંકડા નથી.

ગયા મહિને આઝાદી દિનના સંબોધનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘એક દેશ એક ચૂંટણી’ની જોરદાર હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે અનેક ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અંતરાયો ઊભા કરે છે. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન ચિદમ્બરમે કહ્યું હતું કે મોદી પાસે આ બંધારણીય સુધારા કરવા લોકસભા કે રાજ્યસભામાં બહુમતી નથી. ‘એક દેશ એક ચૂંટણી’માં બંધારણીય અડચણો છે અને એ શક્ય નથી. ઈન્ડિયા બ્લોક ‘એક દેશ એક ચૂંટણી’નો સંપૂર્ણ વિરોધ કરે છે. વડા પ્રધાન મોદીએ તાજેતરમાં એવો આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ અનામત પ્રથા કાઢી નાખવા માગે છે. આ અંગેના સવાલના જવાબમાં ચિદમ્બરમે કહ્યું હતું કે અમે શા માટે અનામત કાઢી નાખીએ. અમે તો અનામતની ૫૦ ટકાની મર્યાદાને કાઢવાની વાત કરી રહ્યા છીએ. (એજન્સી)

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૧૭-૯-૨૦૨૪, અનંત ચતુર્દશી, વ્રતની પૂનમ**

- ભારતીય દિનાંક ૨૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩

- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૧૩-૫૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૩ સુધી (તા. ૧૮મી) પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૧૧-૧૪, રાત્રે ક. ૨૩-૩૪
- ઓટઃ સાંજે ક. ૧૭-૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૭ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ‘રાક્ષસ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્દશી. અનંત ચતુર્દશી, પાર્થિવ ગણેશ વિસર્જન, વ્રતની પૂનમ, પૌષ્ઠપદી પૂનમ, અન્વાધાન, વિષ્ટિ ક. ૧૧-૪૫થી ૨૧-૫૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ-માંગલિક કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ આજ રોજ પર્વ નિમિત્તે ધાર્મિક કાર્યો થઈ શકે છે. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી ગણેશ પૂજા અભિષેક, હવન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રીસુક્ત-પુરુસુક્ત અભિષેક. રાહુ ગ્રહદેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, આંબો વાવવો, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, માલ લેવો, રત્નધારણ, વૃક્ષ વાવવા, ધાન્ય વેંચવું, હનુમાન ચાલીસા વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન.
- ગણેશ મહિમાઃ આજ રોજ શ્રી ગણેશ મહાપર્વનું સમાપન થાય છે. શ્રી ગણેશ ઓંકારનું જ સ્થૂળ, પ્રત્યક્ષ સ્વરૂપ દર્શાવે છે. ગજમુખ ધરાવનાર શ્રી ગણેશ પરમાત્માના મહિમાને કોઈ વિશિષ્ટ રીતે પ્રગટ કરે છે અને આમ તે ખરેખર પ્રત્યક્ષ બ્રહ્મ જ છે એમ પ્રતીત થાય છે. શ્રી ગણેશની ભક્તિ, કીર્તન, નામસ્મરણ માટેની તક આપતું આ મહાપર્વ હજારો વર્ષથી મહિમાવંત છે.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃતિના, ચંદ્ર-શનિ યુતિ કામમાં સતત પ્રવૃત્ત રહે. ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૧૮),
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

- - - - -

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૧૮-૯-૨૦૨૪, પ્રતિપદાનું શ્રાદ્ધ, અંબાજીનો મેળો,

- ભારતીય દિનાંક ૨૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬

નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૦-૫૯ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા.

ચંદ્ર મીનમાં

- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૧૧-૫૦, મધ્યરાત્રે ક. ૦૦-૧૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૮ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ‘‘રાક્ષસ’’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘‘ક્રોધી’’ નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પૂર્ણિમા. અંબાજીનો મેળો, ભાદરવી પૂનમ, ભાગવત સપ્તાહ સમાપ્તિ, સંન્યાસીના ચાતુર્માસ સમાપ્તિ, મહાલય પ્રારંભ, પ્રતિપદાનું શ્રાદ્ધ, ગોત્રીરાત્રિ વ્રત સમાપ્તિ, એકમનો ક્ષય છે. શુક્ર તુલામાં ક. ૧૩-૫૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રાદ્ધ પર્વઃ આજથી ભાદ્રપદના શ્રાદ્ધ પર્વ કર્મનો પ્રારંભ થાય છે. આજે એકમનું શ્રાદ્ધ કરવું. આજથી તા. ૨ ઓક્ટો.પર્યંત છે. તા. ૧૮એ એકમનું શ્રાદ્ધ, તા. ૧૯મીએ બીજનું, તા.૨૦મીએ ત્રીજનું, તા.૨૧મીએ ચોથનું શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ તા. ૨૨મી પાંચમ, છઠ્ઠનું શ્રાદ્ધ, કૃત્તિકા શ્રાદ્ધ, તા.૨૩મીએ સાતમનું શ્રાદ્ધ, તા. ૨૪મીએ આઠમનું શ્રાદ્ધ, તા. ૨૫મીએ નવમીનું સૌભાગ્યવતીનું શ્રાદ્ધ, તા. ૨૬મીએ દશમનું શ્રાદ્ધ, તા. ૨૭મીએ એકાદશીનું શ્રાદ્ધ, તા. ૨૮મીએ તિથિ શ્રાદ્ધ નથી. તા. ૨૯મીએ બારસનું, મઘા શ્રાદ્ધ, સંન્યાસીના શ્રાદ્ધ, તા. ૩૦મીએ તેરસનું શ્રાદ્ધ, તા. ૧લીએ ચતુર્દશીનું, શસ્ત્રોથી મરેલાનું શ્રાદ્ધ. તા. ૨જીએ સર્વપિત્રી, દર્શ અમાસ,પૂનમ-અમાસનું શ્રાદ્ધ મહાલય સમાપ્ત.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ કુટુંબ કલેશ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ ભાવનાપ્રધાન, બુધ-શનિ પ્રતિયુતિ સંકુચિત મનના, ચંદ્ર-રાહુ યુતિ શંકાશીલ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, બુધ-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ (તા. ૧૯) શુક્ર-ચિત્રા યુતિ.ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ. ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ભાદ્રપદ પૂર્ણિમા યોગ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

પહેલા પાનાનું ચાલુ

## ટ્રમ્પની હત્યાનો

સંતાયેલ શંકાસ્પદ વ્યક્તિની ગુપ્તચર સંસ્થાના એજન્ટે નોંધ લીધી હતી અને તે નાસી છૂટે તે પહેલા જ તેના પર ગોળીબાર કર્યો હતો.

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના રિપબ્લિક પક્ષના ઉમેદવાર ૭૮ વર્ષના ટ્રમ્પ ઘટના સમયે શંકાસ્પદ ગનમૅનથી માત્ર ૩૦૦થી ૫૦૦ યાર્ડના અંતરે હતા. સમર્થકોને કરેલા મૅસેજમાં ટ્રમ્પે હું સુરક્ષિત છું એમ જણાવ્યું હતું. ઘટનાને મામલે હવાઈસ્થિત નાની કન્સ્ટ્રક્શન કંપનીના માલિક ૫૮ વર્ષના રયાન વૅસ્લે રુથને અટકાયતમાં લેવામાં આવ્યો હતો.

રુથ ટ્રમ્પનો કટ્ટર ટીકાકાર છે. (એજન્સી)

## ભારતીય હોકી ટીમ

માટે આ મેચમાં કેપ્ટન હરમનપ્રીત સિંહે બે ગોલ કર્યા હતા જ્યારે ઉત્તમ સિંહ અને જરમનપ્રીત સિંહે એક-એક ગોલ કર્યો હતો. દક્ષિણ કોરિયા માટે એકમાત્ર ગોલ જિહુન યાંગે ત્રીજા ક્વાર્ટરમાં કર્યો હતો.

ભારત માટે કેપ્ટન હરમનપ્રીત સિંહે સૌથી વધુ બે ગોલ (૧૯મી અને ૪૫મી મિનિટ) કર્યા હતા. જ્યારે ઉત્તમ સિંહ (૧૩મી મિનિટ) અને જરમનપ્રીત સિંહ (૩૨મી મિનિટ)એ એક-એક ગોલ કર્યો હતો. આ બંને ગોલ હરમનપ્રીતે પેનલ્ટી કોર્નર પર કર્યા હતા જ્યારે ઉત્તમ અને જરમનપ્રીતે ફિલ્ડ ગોલ કર્યા હતા.

બીજી તરફ કોરિયા માટે એકમાત્ર ગોલ યાંગ જિહુને (૩૩મી મિનિટ) પેનલ્ટી કોર્નર પરથી કર્યો હતો. ફાઇનલમાં ભારતનો સામનો યજમાન ચીન સામે થશે. ચીને પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાનને શૂટઆઉટમાં ૨-૦થી હરાવ્યું હતું. ચીનની ટીમ પ્રથમ વખત ફાઇનલમાં પહોંચી છે. ફાઈનલ મેચ ૧૭ સપ્ટેમ્બર (મંગળવાર)ના રોજ રમાશે.

વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત છઠ્ઠી જીત હતી. નોંધનીય છે કે ભારતીય ટીમે પુલ સ્ટેજમાં તેની તમામ પાંચ મેચ જીતી હતી અને ટૂર્નામેન્ટની વર્તમાન સિઝનમાં અજેય રહેનારી એકમાત્ર ટીમ છે. ભારતીય ટીમે તેની છેલ્લી પુલ મેચમાં પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું હતું. આ પહેલા તેણે કોરિયાને ૩-૧થી હરાવ્યું હતું. જ્યારે ભારતીય ટીમે મલેશિયાને ૮-૧થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા ભારતીય ટીમે ચીનને ૩-૦ અને જાપાનને ૫-૦થી હરાવ્યું હતું.

નોંધનીય છે કે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪માં ભારત સહિત કુલ છ ટીમોએ ભાગ લીધો છે. ભારતે ગયા વર્ષે હોમ ગ્રાઉન્ડ પર ટાઈટલ જીત્યું હતું, જેનાથી તે ટૂર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ૪ ટાઈટલ જીતનારી ટીમ બની ગઈ હતી. ભારતે આ મામલે પાકિસ્તાનને હરાવ્યું હતું, જેણે ત્રણ વખત ટાઇટલ જીત્યું હતું. ભારત અને પાકિસ્તાન સિવાય માત્ર કોરિયાએ એક વખત આ ટૂર્નામેન્ટ જીતી છે. કોરિયાએ ૨૦૨૧ની સિઝનમાં ટાઇટલ જીત્યું હતું.

## દેશ માટે જીવીશ

સરકાર સતત નવી ઊર્જા અને નવી ચેતના સાથે કાર્યરત રહેશે. દેશ માટે જીવીશ, ઝઝૂમીશ અને દેશ માટે ખપી જઈશ. ૧૪૦ કરોડ ભારતવાસીઓના આશીર્વાદ મારા માટે સર્વસ્વ છે, એવું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગુજરાતમાં રૂ. ૮૦૦૦ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા વડા પ્રધાને વધુમાં કહ્યું હતું કે, ૬૦ વર્ષ પછી દેશની જનતાએ નવો ઇતિહાસ રચ્યો છે. આ સરકારને સતત ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર આપ્યો છે. આ સરકારે દેશવાસીઓને ગેરંટી આપી હતી કે, ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં કેન્દ્ર સરકારે રાત-દિવસ જોયા વગર દેશના નાગરિકોની સેવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં રૂ. ૧૫ લાખ કરોડથી વધુની યોજનાઓ પર કામ શરૂ થયું છે.

વડા પ્રધાને નવી શુભારંભ કરવામાં આવેલી મેટ્રોમાં ગિફ્ટ સિટી સુધી કરેલી તેમની સફરનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, અમદાવાદ સહિત દેશના અનેક શહેરોમાં મેટ્રોના વિસ્તરણનું કાર્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. આજે અમદાવાદ અને ભુજ વચ્ચે ‘નમો ભારત રેપિડ રેલ’ની શરૂઆત થઈ રહી છે. રોજિંદું આવાગમન કરનારા મધ્યમવર્ગીય નાગરિકોને આનો મોટો લાભ મળશે તેમ જણાવીને તેમણે કહ્યું કે, આવનારા સમયમાં દેશનાં અન્ય શહેરો પણ ‘નમો ભારત રેપીડ રેલ’થી કનેક્ટ થશે.

પાછલા ૧૦૦ દિવસમાં દેશમાં વંદે ભારત ટ્રેનોનાં વિકાસ વિશે વાત કરતા વડા પ્રધાનશ્રીએ જણાવ્યું કે, દેશમાં વંદે ભારત ટ્રેનના નેટવર્કને ઝડપથી વિકસાવવામાં પાછલા ૧૦૦ દિવસમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. દેશમાં ૧૫થી વધુ રૂટ ઉપર નવી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે. ગત ૧૫ સપ્તાહમાં દરેક સપ્તાહમાં એક વંદે ભારત ટ્રેન દેશમાં શરૂ કરવામાં આવી છે. ૧૨૫થી વધુ વંદે ભારત ટ્રેન દેશમાં હજારો લોકોને બહેતર સફરનો અનુભવ કરાવશે, એમ તેમણે ઉમેર્યું હતું. વડા પ્રધાને કહ્યું હતું કે, કેટલાક નકારાત્મક લોકો દેશની એકતા પર પ્રહાર કરે છે, તૃષ્ટિકરણમાં રચ્યાપચ્યા રહેનારા લોકો સત્તાલાલસા માટે કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવવા મરણિયા થયા છે, આવા લોકોને જનતા મક્કમ જવાબ આપશે. ચૂંટણી દરમિયાન ત્રણ કરોડ નવા ઘરો બનાવવાની ગેરેંટી આપી હતી, તેના પર કામ થઈ રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે.

દેશના ખેડૂતોના વિકાસ માટે સરકાર સતત પ્રયાસરત છે એમ જણાવતાં વડા પ્રધાને ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારે તેલીબિયાં પકવનારા ખેડૂતોને એમએસપીથી પણ વધુ ભાવ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ, સરકારે વિદેશી તેલની આયાત પર ડ્યૂટી વધારી છે. સોયાબીન અને સૂર્યમુખીની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે.

અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત ‘વિકસિત ભારત, વિકસિત ગુજરાત’ સમારંભમાં વડા પ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૫૬,૫૦૦થી વધારે મકાનોનું લોકાર્પણ કરાયું હતું. ૩૦,૦૦૦ નવા આવાસોને મંજૂરી સાથે પ્રથમ હપ્તાના રૂ. ૯૦ કરોડ લાભાર્થીઓના બેન્ક ખાતામાં સીધા ટ્રાન્સફર કરાયા હતા. ગિફ્ટ સિટી સુધીની મેટ્રોનું લોકાર્પણ કરવા સાથે ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ સહિત સાત વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવાયું હતું. આ ઉપરાંત ગિફ્ટ સિટી ખાતે આવેલા ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટીના સિંગલ વિન્ડો આઈટી સિસ્ટમનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

## કૉંગ્રેસ, રાહુલ ગાંધી

એવો દાવો કર્યો છે કે કૉંગ્રેસ અને તેની સહયોગી નેશનલ કોન્ફરન્સ (એનસી) આતંકવાદ પ્રત્યે કૂણું વલણ ધરાવે છે અને જો આ પાર્ટીની ગઠબંધન સરકાર સત્તામાં આવશે, તો તેઓ આતંકવાદીઓ અને પથ્થરબાજોને જેલમાંથી મુક્ત કરશે. જોકે, તેમના દાવાને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ અને પૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ પહેલા જ રદિયો આપ્યો છે.

સોમવારે પેડર-નાગસેની વિધાનસભા ક્ષેત્ર માટેની ચૂંટણી રેલીમાં અમિત શાહે કહ્યું હતું કે, અહીં ફરી એકવાર આતંકવાદને સમર્થન મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એનસી અને કૉંગ્રેસે તો વચન પણ આપ્યું છે કે જો તેઓ સત્તામાં આવશે, તો તેઓ આ આતંકવાદીઓને છોડી દેશે. પરંતુ હું આજે તમને ખાતરી આપું છું કે જ્યાં સુધી નરેન્દ્ર મોદીની સરકાર (કેન્દ્રમાં) છે ત્યાં સુધી ભારતની ધરતી પર આતંકવાદ ફેલાવવાની કોઈ હિંમત નહીં કરે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આતંકવાદને એવા સ્તરે દફનાવી દેવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે કે તે પાછો ફરી જ ન શકે. આજે હું આ ક્ષેત્રના તમામ શહીદોને યાદ કરું છું અને વચન આપું છું કે અમે આતંકવાદને એવી રીતે ખતમ કરીશું કે તે ફરી ક્યારેય ઊભરી ન શકે, એમ તેમણે કહ્યું હતું.

અમિત શાહે ફરી એક વખત કહ્યું હતું કે કલમ ૩૭૦, જેણે જમ્મુ અને કાશ્મીરને ‘વિશેષ દરજ્જો’ આપ્યો હતો અને ઓગસ્ટ ૨૦૧૯ માં ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર દ્વારા તેને રદ કરવામાં આવ્યો હતો, તેને પાછી લાવી શકાતી નથી કારણ કે કલમ ૩૭૦ હવે ઇતિહાસ બની ગઈ છે. તેમણે વધુમાં કહ્યું કે જો કલમ ૩૭૦ પાછી લાવવામાં આવશે તો ગુર્જરો અને પહાડીઓને આપવામાં આવેલું આરક્ષણ છીનવાઈ જશે.

તમે ચિંતા કરશો નહીં, કાશ્મીરની સ્થિતિ પર મારી નજર છે. અબ્દુલ્લા કે રાહુલની પાર્ટી જમ્મુ-કાશ્મીરમાં સરકાર બનાવી શકશે નહીં, તે હું સુનિશ્ચિત કરીશ, એમ તેમણે કહ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે ગૃહ પ્રધાનની પખવાડિયાની અંદર આ બીજી જમ્મુ ક્ષેત્રની મુલાકાત છે. આ પહેલાં જમ્મુની બે દિવસની મુલાકાતે તેઓ આવ્યા હતા અને ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. પહેલા તબક્કામાં ૧૮ સપ્ટેમ્બરે જ્યાં મતદાન થવાનું છે ત્યાં પ્રચાર માટે સોમવાર છેલ્લો દિવસ હતો. (પીટીઆઈ)

## મુંદરા બંદરેથી

મુંદરાથી સાત જેટલા કન્ટેનરોને આફ્રિકાની સીએરા લિયોન અને નાઈનેટ કંપનીને મોકલ્યા હતા અને આ શિપમેન્ટમાં ડાઈકલોફેનિક અને ગેબીડોલ નામની દવાઓ હોવાનું મિસડિકલેરેશન થકી જાહેર કરાયું હતું, જોકે પૂર્વ બાતમીના આધારે મુંદરા કસ્ટમના સ્પેશિયલ ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ ત્રણ કન્ટેનરોને જપ્ત કરી ૧૦૦ કરોડથી વધુના મૂલ્યની પ્રતિબંધિત દવાનો મસમોટો જથ્થો ખોળી કાઢ્યો હતો. આ પ્રકરણની તપાસ દરમ્યાન અગાઉ ચાર કન્ટેનરો પણ સાઉથ આફ્રિકા તરફ દરિયાઈ માર્ગે જવા માટે સરકી ગયા હોવા અંગે ઇનપુટ મળતાં કસ્ટમ વિભાગે સાઉથ આફ્રિકાના બંદરનો સંપર્ક કરીને ચાર કન્ટેનરો પરત મોકલવા લેખિતમાં જાણ કરી હતી. આ ચાર કન્ટેનરોને મુંદરા કસ્ટમમાં પરત આવતાં વેંત તપાસ કરી હતી અને ચારે કન્ટેનરમાંથી આંતરરાષ્ટ્રીય બજાર કિંમતમાં ૧૧૦ કરોડથી વધુના મૂલ્યની ટ્રામાડોલ દવાનો જથ્થો જપ્ત કર્યાની સાથે અત્યાર સુધીમાં અંદાજે ૨૧૦ કરોડની પ્રતિબંધિત દવાઓ કસ્ટમ વિભાગે જપ્ત કરી લીધી છે.

આ સમગ્ર પ્રકરણમાં કરોડો રૂપિયાનું હવાલા કૌભાંડ પણ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. અત્યાર સુધી કોઈની ધરપકડ કરાઈ નથી. હાઈ સિક્યોરિટી ઝોનમાં આવતાં મુંદરા બંદરેથી નશાકારક દવાઓથી ભરેલાં અત્યાર સુધી કેટલાં શિપમેન્ટ નીકળી ગયા, પૈસાની લેતી-દેતી કોણે અને ક્યારે કરી એ બાબતની હાલ ઝીણવટભરી તપાસ ચાલુમાં હોવાનું તપાસકર્તાએ ઉમેર્યું હતું.

# આજે વિસર્જન નિમિત્તે અનેક માર્ગો બંધઃ ગ્રીન કોરિડોરની વ્યવસ્થા

મુંબઈઃ અનંત ચતુર્દશીએ મુંબઈમાં ટ્રાફિકમાં અવરોધ ઊભો ન થાય એ માટે વિશેષ ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો છે અને ટ્રાફિક વિભાગના અઢી હજારથી વધુ અધિકારી અને કર્મચારીઓને ટ્રાફિકના નિયમન માટે રાખવામાં આવ્યા છે. મુંબઈમાં વિસર્જનને દિવસે બંદોબસ્ત માટે ૨૩ હજારથી વધુ પોલીસ તહેનાત કરાયા છે, જ્યારે લાલબાગ ચા રાજાની સુરક્ષા માટે પાંચ હજાર પોલીસને રાખવામાં આવ્યા છે. એ સિવાય ધ્વનિ પ્રદૂષણ બાબતે ન્યાયાલયના આદેશ અનુસાર કાર્યવાહી કરાશે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

## કયા માર્ગ રહેશે બંધ?

ટ્રાફિક પોલીસે મુંબઈમાંના નાથાલાલ પારેખ માર્ગ, કેપ્ટન પ્રકાશ પેઠે માર્ગ, રામભાઉ સાળગાંવકર માર્ગ, જે. એસ. એસ. રોડ, વિઠ્ઠલભાઇ પટેલ માર્ગ, બાબાસાહેબ જયકર માર્ગ, રાજા રામ મોહન રોય રોડ, કાવસજી પટેલ ટેન્ક રોડ, પંડિતા રમાબાઇ માર્ગ, દાદાસાહેબ ભડકમકર માર્ગ, નેતાજી સુભાષચંદ્ર બોઝ માર્ગ, મહાપાલિકા માર્ગ, એસ.વી. રોડ, સંત સેના માર્ગ, નાનુભાઇ દેસાઇ રોડ, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ. જીનાભાઇ મૂળજી રાઠોડ માર્ગ, પી. ડિમેલો રોડ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ■



ગિરગામ ચોપાટી પર વિસર્જનની તૈયારી. (અમય ખરાડે)

## ગણેશ વિસર્જન વખતે બીચ પર જેલી ફીશનું જોખમ

મુંબઈઃ ગણપતિ વિસર્જન વખતે દરિયામાં ડંખ મારનારી માછલીઓથી સાવધાન રહેવાની પાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. ટ્રાયલ નેટિંગ વખતે આવી માછલીઓ મળી આવી હોવાનું મત્સ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારના મત્સ્ય વિભાગ દ્વારા ગિરગામ અને દાદર ચોપાટી ખાતે ડંખ મારનારી માછલીઓની તપાસ કરતા દરિયામાં સ્ટિંગ રે, જેલી ફિશ, બ્લૂ જેલી ફિશ વગેરે માછલીઓ મળી આવી હતી. તેથી વિસર્જન વખતે કાળજી રાખવાની અપીલ પ્રશાસન દ્વારા કરવામાં આવી હતી. ■

TOSAA
PRESSURE COOKER
NON-STICK COOKWARE
MUCH MORE...

## અંધેરી, પાર્લામાં ગુરૂ અને શુક્રવારે ૧૮ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાનગરપાલિકાના પાણીપુરવઠા વિભાગ દ્વારા કે-પૂર્વ અને કે-પશ્ચિમ વોર્ડમાં આઉટલેટના વાલ્વ બદલવાનું કામ કરવામાં આવવાનું છે. તેથી અંધેરીથી વિલે પાર્લેના વિસ્તારમાં ગુરુવાર રાતથી ૧૮ કલાક માટે પાણી પુરવઠો બંધ રહેશે.

સુધરાઈના જણાવ્યા મુજબ ગુરુવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રાતના આઠ વાગ્યાથી શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના બપોરના બે વાગ્યા સુધી અંધેરી-પૂર્વમાં વેરાવલી જળાશય-બેમાં ૭૫૦ મિલિમીટર વ્યાસના વર્સોવા આઉટલેટ પર ચાર વાલ્વ બદલવામાં આવવાના છે. અંધેરી-પૂર્વમાં મહાકાળી માર્ગ, પૂનમ નગર, ગોની નગર, તક્ષશિલા માર્ગ, એમએમઆરડીએ કોલોની, દુર્ગા નગર, પેપર બોક્સ, માલપા ડોંગરી-૩, શેર-એ પંજાબ, બિન્દ્રા કૉમ્પ્લેક્સ, ગણેશ નગર, સુંદર નગર, મોડર્ન બેકરી, પ્રજારપૂર પાડા, દુર્ગા નગર, માતોશ્રી કલબ વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે.

અંધેરી પશ્ચિમમાં સી.ડી.બર્ફીવાલ માર્ગ, ઉપાશ્રય ગલી, સ્વામી વિવેકાનંદ રોડ, દાઉદ બાગ, કેવીપાડા, ધાકુશેઠ પાડા, માલકમ બાગ, અંધેરી માર્કેટ, નવરંગ થિયેટર પાછળ, અંધેરી ગાવઠણ, આંબ્રે ગાર્ડન પંપ અને ગઝદર પંપ, ગિલ્બર્ટ હિલ, ગાવદેવી ડોંગરી માર્ગ, ઉસ્માનિયા ડેરી વિસ્તારમાં આ સમય દરમિયાન પાણીપુરવઠો બંધ રહેશે. ■

દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
મુંબઈ સમાચાર
ગરબા દાંડિયા વર્કશોપ
દ્વિતીય વર્ષ
In Association with MAGIC COLOURS
ELECTRON
PROUDLY INDIAN
'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ મુંબઈ સમાચાર દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાં ૨૦૨૩માં નવું પીંછું ઉમેરાયું છે ગરબા-દાંડિયા વર્કશોપનું, જેનો બહોળો પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે બીજા વર્ષે પણ મુંબઈ સમાચાર આ વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે
આ છે તમારા ગરબાના કોરિયોગ્રાફરો
કાંદિવલી
શ્રી લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ
★ પ્રશાંત ચોસાલિયા ★ બિજલ વીસરિયા
★ દિવ્યા સોની ★ ચાર્મી કક્કડ
★ બિજલ ટેલર ★ પરેશ જોશી
માટુંગા
માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં, માટુંગા (સેન્ટ્રલ રેલવે)
★ મેઘના શેઠ ★ જૈનેશ શાહ
★ નમિતા ઠક્કર ★ ચૈતાલી ગડા
★ પ્રશાંત ઠક્કર ★ આકૃતિ બાગવે
ઘાટકોપર
રામજી આસર સ્કૂલ, રુઇયા હોલ, પહેલો માળ, રામજી આસર સ્કૂલ કમ્પાઉન્ડ, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ
★ વૈશાલી સંઘવી ★ અરુણા પંચાલ
★ કરણ ઠક્કર ★ અવની ઠક્કર
★ રાજેશ જોશી ★ અજિત બાગવે
મુલુંડ
૫૦૧, પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ વેસ્ટ
★ પિંકી ત્રિવેદી ★ ખુશ્બૂ મુલાની
★ વૈશાલી સત્રા ★ સ્વાતિ ઠક્કર
★ સંજય સોની ★ વિદ્યા છેડા
ઘસારો વધે નહીં એ માટે તમારું નામ વહેલામાં વહેલી તકે નોંધાવી લેશો તમારી પસંદગીના સ્થળ પર આજે જ તમારું નામ નોંધાવી લેશો.
પ્રવેશ નિઃશુલ્ક
વર્કશોપનો સમય ૪થી ૭
૨૧-૨૨ સપ્ટે. ૨૮-૨૯ સપ્ટે.
સંપર્કઃ 9326152942

## એસી લોકલમાં ખામી : મ. રે. ફરી ખોટકાઇ

મુંબઈઃ સપ્તાહના પહેલા દિવસે મધ્ય રેલવેમાં નોન પીક અવર્સમાં ટ્રેનસેવા ખોટકાતા સોમવારે ટ્રાવેલ કરવાનું હાલાકીભર્યું રહ્યું હતું. મધ્ય રેલવેમાં મુમ્બ્રાથી દિવા વચ્ચે એસી લોકલમાં ખામી સર્જાતા લોકલની ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી દોડી રહી હતી.

ગણેશ વિસર્જનના પૂર્વે અઠવાડિયાના પહેલા દિવસે મધ્ય રેલવેની લોકલ ટ્રેન સેવા પર બ્રેક વાગી હતી. મધ્ય રેલવેમાં બપોરના ૧૨.૧૦ વાગ્યાના સુમારે એસી લોકલ ઠપ થઈ હતી. કંટ્રોલને જાણ કરવામાં આવ્યા પછી ૧૨.૫૦ વાગ્યાના સુમારે ટેક્નિકલ ખામી દૂર કરવામાં આવ્યા પછી ટ્રેન શરૂ કરવામાં આવી હતી. આમ છતાં દિવસભર લોકલ ટ્રેનો અડધો કલાકથી વધુ મોડી દોડી રહી હતી. ટેકનિકલ ખામીને કારણે ડાઉન લાઇનમાં મુમ્બ્રા ખાતે એસી લોકલ ટ્રેનને રોકી દેવામાં આવી હતી એના પછી એક પછી એક લોકલ ટ્રેન રોકતા બંચિંગ થઈ ગયું હતું. ■

### ધારાવી પુનઃવિકાસનાં શ્રી ગણેશ

## સામાજિક પ્રવૃત્તિઓ માટે ૨૫૦ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને ડીઆરપીપીએલનું યોગદાન

મુંબઈઃ આ વર્ષે ગણેશોત્સવની ઉજવણી દરમ્યાન, 'ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ' ડીઆરપીપીએલ એ ધારાવીમાં જાહેર ગણેશોત્સવ મંડળોને ઘણું યોગદાન આપ્યું છે, જેઓ સામાજિક ઉત્કર્ષ માટેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી રહ્યાં છે. ડીઆરપીપીએલએ ગણેશોત્સવ દરમિયાન વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ધારાવીમાં લગભગ ૨૫૦ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને નાણાકીય સહાય પૂરી પાડીને પોતાની સામાજિક પ્રતિબદ્ધતા નિભાવી છે.

ધારાવીમાં સાર્વજનિક ગણેશોત્સવમાં ધાર્મિક કાર્યક્રમોની સાથે મોટી સંખ્યામાં સામાજિક પ્રવૃત્તિઓ કરવાની પરંપરા છે. ગણેશોત્સવના દસ દિવસ દરમિયાન વિવિધ મંડળો દ્વારા આરોગ્ય તપાસ શિબિર, આંખની મફત સારવાર, શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ, વરિષ્ઠ નાગરિકો માટે મફત મોતિયાની શસ્ત્રક્રિયા કેમ્પ, વિદ્યાર્થીઓ માટે સંસ્કાર વર્ગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ વર્ષે ડીઆરપીપીએલએ આ સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પહેલ કરી. ડીઆરપીપીએલએ સ્થાનિક લોકોના લાભ માટે આ પ્રવૃત્તિઓમાંથી શક્ય તેટલા વધુ ધારાવીકરોને લાભ મળે તે માટે લગભગ ૨૫૦ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને નાણાકીય સહાય આપી છે. ડીઆરપીપીએલ હંમેશાં ધારાવીના યુવાનો માટે પહેલ કરે છે. સ્થાનિક ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા આંતરરાષ્ટ્રીય ટી-૨૦ના નિયમો અને શરતોના આધારે જ ધારાવીમાં ટી-૧૦ ક્રિકેટ મેચોનું આયોજન કરવામાં આવ્યું હતું. દહીહાંડીમાં ૩૦૦૦થી વધુ ગોવિંદાઓને મફત ટી-શર્ટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ગયા મહિને ધારાવીમાં યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા માટે રોજગાર મેળાનું આયોજન કરાયું હતું. ■

## સી લિંક પર લક્ઝરી કારની રૅસ નિર્દોષો માટે મોત તરફની રૅસ થાત

### મર્સિડીઝ અને બીએમડબ્લ્યુ ચલાવનાર બંને પર સદોષ મનુષ્યવધનો ગુનોઃ આ બંનેની ટક્કરમાં ઊંધી વળેલી કૅબમાંના ચાર જણને સદ્‌ભાગ્યે ગંભીર ઈજા નહીં

મુંબઈઃ બાંદ્રા-વરલી સી લિંક પર મર્સિડીઝ અને બીએમડબ્લ્યુ વચ્ચેની રેસિંગમાં કૅબ અડફેટમાં આવી ગઇ હતી. કારની ટક્કરથી કૅબ જમીણ બાજુના ડિવાઇડર સાથે અથડાયા બાદ ઊંધી વળી ગઇ હતી. સદ્‌નસીબે કૅબમાં હાજર ૧૦ વર્ષના બાળક સહિત પરિવારના ચાર સભ્યને અકસ્માતમાં ગંભીર ઇજા થઇ નહોતી. વરલી પોલીસે આ પ્રકરણે મર્સિડીઝ અને બીએમડબ્લ્યુના ડ્રાઇવરો વિરુદ્ધ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી હતી.

બંને ડ્રાઇવરને રવિવારે કોર્ટમાં હાજર કરવામા આવતાં તેમને એક દિવસની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર વરલી સી લિંક પર પિલર નંબર-૧૯ નજીક રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેને કારણે થોડા સમય માટે સી લિંક પર ટ્રાફિક જૅમ સર્જાયો હતો અને તેમાં બે એમ્બ્યુલન્સ અટવાઇ હતી.

કૅબ ડ્રાઇવર નિસાર અહમદ તેની મારુતિ વેગન-આરમાં દંપતી, તેમના ૧૦ વર્ષના પુત્ર અને વૃદ્ધાને વરલીથી બાંદ્રા લઇ જઇ રહ્યો હતો. નિસારની કાર સી લિંક પર ડાબી બાજુએ જઇ રહી હતી ત્યારે પાછળથી મર્સિડીઝ અને બીએમડબ્લ્યુ કાર સ્પીડમાં આવી હતી. બંને કારના ડ્રાઇવર વચ્ચે રેસ લાગી હતી અને કૅબની નજીક આવ્યા બાદ બંને કાર એકબીજા સાથે અથડાઇ હતી, જેને કારણે બીએમડબ્લ્યુના ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવતાં તે કૅબ સાથે ભટકાઇ હતી અને કૅબ બેથી ત્રણ વાર પલટી ખાતાં ચાર જણ ઘાયલ થયા હતા.

પોલીસે મર્સિડીઝના ડ્રાઇવર શાહબાઝ ખાન (૩૧) તથા બીએમડબ્લ્યુના ડ્રાઇવર તારીક ચૌધરી (૨૯)ને કસ્ટડીમાં લીધા હતા. કૅબના ડ્રાઇવર નિસારે તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસના કહેવા મુજબ શાહબાઝ અને તારીક ખાનગી કંપનીમાં કામ કરે છે અને આ અકસ્માતમાં સામેલ બંને કાર કંપનીના નામે રજિસ્ટર્ડ છે. ■

A Melodious Live Concert
Memorable songs
Down Memory Lane
★ Abhimaan ★ Amrapali ★ Anpadh ★ Kanhaiya ★ Karz
★ Kohinoor ★ Love In Tokyo ★ Madhumati ★ Mera Saaya ★ Mere Jeevan Saathi
★ Namak Halaal ★ Woh Kaun Thi & many more.....
Deepak Kapadia Presents
Yaadon Ki Geetmala
Prashant Rao Compere, Anil Bajpai, Mukhtar Shah, Shailaja Subramanian, Alok Katdare, Ajay Madan Music
શુક્રઃ ૨૦ સપ્ટે. સાંજે ૭ નહેરૂ
બુ. થિયેટર પર કાલથી શરૂ ૧૦-૬ Ph. 40245408
Contact Person: Mr. Deepak Kapadia 9869000614
Theatrix

## છૂટક વરસાદને લીધે ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના કેસ વધી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છૂટાછવાયા વરસાદને કારણે ઠેકઠેકાણે ભરાઈ રહેતાં પાણીનાં ખાબોચિયાને કારણે મચ્છરોનું પ્રમાણ વધી ગયું છે. તેથી છેલ્લા એક પખવાડિયામાં જ મુંબઈમાં ડેન્ગ્યૂના ૭૦૫ અને ચિકનગુનિયાના ૭૮ કેસ નોંધાયા છે. તો ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સ્વાઈન ફ્લૂના કેસમાં પણ વધારો નોંધાતા સુધરાઈનો આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો છે. મુંબઈમાં પહેલી સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન મલેરિયાના ૬૫૨, ડેન્ગ્યુના ૭૦૫, ચિકનગુનિયાના ૭૮, લેપ્ટોના ૩૫, ગૅસ્ટ્રોના ૩૨૬, હેપેટાઈટિસના ૫૯ અને સ્વાઈન ફ્લૂના ૪૬ કેસ નોંધાયા છે, જેમાં ગયા વર્ષે સ્વાઈન ફ્લૂના માત્ર ૧૮ કેસ નોંધાયા હતા. તો ગયા વર્ષના સપ્ટેમ્બર મહિનામાં ચિકનગુનિયાના માત્ર ૩૧ કેસ અને મલેરિયાના ૧૧૨૮, ડેન્ગ્યુના ૧૩૬૦, લેપ્ટોના ૭૩, ગૅસ્ટ્રોના ૫૭૩, હેપેટાઈટિસના ૬૩ અને સ્વાઈન ફ્લૂના ૧૮ કેસ નોંધાયા હતા.

ચિકનગુનિયા અને ડેન્ગ્યૂની બીમારી એડિસ મચ્છર કરડવાથી થાય છે. હાલ મુંબઈમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે, તેને કારણે ઘરની બહાર, સોસાયટીના કમ્પાઉન્ડમાં વરસાદનાં પાણી ભરાઈ રહેતાં હોય છે. વરસાદના આ પાણીમાં એડિસ મચ્છરોની ઉત્પત્તિ થાય છે અને તેને કારણે મુંબઈમાં છેલ્લા એક પખવાડિયામાં ચિકનગુનિયા, ડેન્ગ્યુ અને મલેરિયાના કેસમાં નોંધપાત્ર વધારો થયો હોવાનો દાવો સુધરાઈના આરોગ્ય ખાતાએ કર્યો હતો. પાલિકાએ હાથ ધરેલી ઝુંબેશ હેઠળ ૧,૪૮૮ સ્થળો પર મલેરિયા ફેલાવતા મચ્છરોના લાર્વા મળી આવ્યાં હતાં. તો ૧૧,૨૩૪ જગ્યાએ ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના ઉત્પત્તિ સ્થળ મળી આવ્યાં હતાં. ■

FULL ધમાલ - FULL મસ્તી
રવિઃ સાંજે ૭.૩૦ ભવન Ph. 23698085, 9930652094 Online: bookmyshow
ચોપાટી, બુ./ટેલી બુ. કાલથી થિયેટર પર ચાલુ ૯-૧૨,૪-૭ Free Valet Parking
ખડખડાટ હસતા રહો અને લાંબુ જીવો
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
વિનોદ સરવૈયા લિખિત
હાસ્યવેધ સંજય ગોરડિયા નિર્મિત-દિગ્દર્શિત-અભિનિત
Sanjay Goradia Productions
Show Cont. 9820437187
બે અઢી ખીચડી કઢી
Deepak Somaiya

## સરહદ-બંદરો પર મોટા પ્રમાણમાં કાંદા અટવાયેલા છે

### આને કારણે હવે ડુંગળી સડી જવાનો ભય

મુંબઈઃ ડુંગળીની નિકાસ પરનાં નિયંત્રણો કેન્દ્ર સરકારે હટાવી દીધા છે. એ સિવાય બે દિવસ પહેલા એક્સપોર્ટ ડ્યૂટી ૪૦ ટકાથી ઘટાડી ૨૦ ટકા કરવાનો નિર્ણય પણ લીધો હતો. કેન્દ્ર સરકારના આ નિર્ણયને ખેડૂતો અને ડુંગળીના વેપારીઓએ આવકાર્યો હતો. જોકે, નિકાસ પર રહેલાં નિયંત્રણો દૂર કરવામાં આવ્યા પછી ડુંગળીના વેપારીઓ અને નિકાસકારો હજી પણ હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. લાખો ટન ડુંગળી સરહદ પર પડી રહી છે. મુંબઈ બંદરમાં પણ ૩૦૦ કન્ટેનર અટકી પડ્યા છે. નાશિક જિલ્લામાં નિકાસ માટે જતી ડુંગળીની ટ્રકો અટકાવી દેવામાં આવી છે. આ સમસ્યા ટેકનિકલ કારણોસર ઊભી થઈ છે.

લોકસભા ચૂંટણીમાં ડુંગળીના મુદ્દે ડુંગળીનો પાક લેવાય છે એ પટ્ટામાં મહાયુતિને ફટકો લાગ્યો હતો. હવે વિધાનસભાની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ નિયંત્રણો હટાવ્યા છે. ૧૪ સપ્ટેમ્બરે લેવાયેલા આ નિર્ણયનો ઝડપથી અમલ કરવામાં આવતા ડુંગળી નિકાસ માટે ચપોચપ જવા લાગી. જોકે, બાંગ્લાદેશ બોર્ડર પર ડુંગળીની ૧૦૦ ટ્રક અટકી પડી છે. મુંબઈ બંદર પર પણ ૩૦૦ કન્ટેનર અટકી પડ્યાં છે. નાશિકના જનોરીમાં પણ એક્સપોર્ટ માટેના ૭૦ - ૮૦ વાહનો અટકી પડ્યાં છે. ડુંગળીની નિકાસ સંબંધિત માહિતી સિસ્ટમમાં અપડેટ ન કરવામાં આવી હોવાથી કસ્ટમ વિભાગને દસ્તાવેજો તૈયાર કરવામાં મુશ્કેલી પડી રહી હોવાથી કાંદા પડી રહ્યા છે. ■

'હાઉસવાઈફની હુતુતુ'ની ભવ્ય સફળતા બાદ નવું નાટક
રવિઃ બપોરે ૩.૩૦ નહેરૂ
વર્લી, બુ. થિયેટર પર કાલથી શરૂ ૧૦-૬ (40245408, 9892629810)
સુરૂચી ગ્રુપનો ૧૮મી સપ્ટે.નો શો હવે ૨૫ સપ્ટે. બપોરે ૩ વાગે પ્રબોધન ઠાકરે, બોરીવલી ખાતે ભજવાશે
Online: www.bookmyshow.com
લીલા આર્ટસ-ગૌતમ જોષી
આસિફ પટેલ-જીતેન્દ્ર જોષી નિર્મિત
ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત
ઇમ્તિયાઝ પટેલ લિખિત કિરણ ભટ્ટ દિગ્દર્શિત
Show Cont. 9653397989
7977916660, 9321144944
કેતકી દવે
દિલીપ દરબાર
અભિનિત
નારી સબ પે ભારી
પત્ની નચાવે એને કોણ બચાવે
Deepak Somaiya

## થાણેમાં શોપિંગ કોમ્પ્લેક્સની અગાશી પર સિક્યુરિટી સુપરવાઇઝરનું માથું વાઢી હત્યા

થાણેઃ થાણેમાં શોપિંગ કોમ્પ્લેક્સની અગાશી પર ૩૫ વર્ષના સિક્યુરિટી સુપરવાઇઝરનું માથું વાઢી હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મૃતકની ઓળખ સોમનાથ સદગીર તરીકે થઇ હતી અને તેનો મૃતદેહ સોમવારે સવારે કાપુરબાવડી વિસ્તારમાં શોપિંગ કોમ્પ્લેક્સની અગાશી પરથી મળી આવ્યો હતો.

સોમનાથનું માથું ધડથી અલગ કરવામાં આવ્યું હતું.

ઝોન-પાંચના ડેપ્યુટી પોલીસ કમિશનર અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે સોમવારે રવિવારે રાતે ૧૦ વાગ્યે સિક્યુરિટી ગાર્ડ સાથે અગાશી પર ભોજન કર્યું હતું. એ સમયે બંને વચ્ચે વિવાદ થતાં સોમનાથની હત્યા કરવામાં આવી હોવાનું લાગી રહ્યું છે.બાજુની બિલ્ડિંગમાંથી એક વ્યક્તિએ સોમનાથનો મૃતદેહ જોયા બાદ તેણે પોલીસને જાણ કરી હતી, જેને પગલે અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. સોમનાથના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. દરમિયાન પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) (હત્યા) હેઠળ ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી. (પીટીઆઇ) ■

દેવિન્દ્રા આર્ટસ સર્જિત
નિમેષ શાહ પ્રસ્તુત
સુશીલા શાહ - મલ્લિકા શાહ આવટે નિર્મિત
નિમેષ શાહ લિખિત-દિગ્દર્શિત
Show Contact: 9820242726
નવા નાટક ની રજુઆત પહેલા તેજપાલ ખાતે છેલ્લો શો
રવિ ૭.૩૦ તેજપાલ
ગોવાલિયા ટેન્ક, બુ. કાલથી શરૂ. Online Bkg. open on bookmyshow
ફાફડા જલેબી
FAMILY ENTERTAINER
★ Comedy King નિમેષ શાહ, નિખિલ પરમાર, વિશ્વા ગરાછ તથા સમીર રાજડા અને Queen of Comedy મલ્લિકા શાહ
KAAJAL ADS

ફ્રી હિઅરીંગ સ્ક્રીનિંગ
SOUNDWELL Speech and Hearing Clinic
શું તમને સાંભળવાની તકલીફ છે?
• શું તમને ઓછુ સંભળાય છે?
• શું તમને જાહેરમાં સાંભળવામાં તકલીફ થાય છે?
• શું તમને ટીવી પર વૉલ્યૂમ વધુ વધારવો પડે છે?
• શું તમને વાતનું પુનરાવર્તન કરાવુ પડે છે?
RIC | BTE | Waterproof Rechargeable Hearing | CIC (Invisible) | Rechargable
બોરીવલી: જી-60 ધ ઝોન મોલ, ચંદાવરકર આર.ડી., ફૂડ લોર્ડ હોટેલ, એપેક્સ હોસ્પિટલ સામે, બોરીવલી (પ.), મુંબઈ - 400092.
ઘાટકોપર: દુકાન નં. 35, પ્લોટ નં. 104, સતિકૃપા શોપિંગ સેન્ટર, ગોરાડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - 400075.
વિલેપાર્લે: 01- ગુરુ સ્મૃતિ-કારભારી ઘર, પારલે તિલક વિદ્યાલય રોડ, હનુમાન રસ્તાની બાજુમાં, જીએમઈએસ સ્કૂલ પાસે,વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ- 57.
www.soundwellclinic.com
ENQUIRE NOW 9920773063/ 7045352935

## બદલાપુરમાં મેફેડ્રોનની ફેક્ટરીનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) બદલાપુરમાં મેફેડ્રોન બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ખાનગી કંપનીના પ્રોડક્શન મેનેજર સહિત ચારની ધરપકડ કરી હતી. પોલીસે ૩૩ લાખ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ અને વિવિધ કેમિકલ્સ સહિત રૂ૮૨ લાખ રૂપિયાની મતા જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એએનસીના ઘાટકોપર યુનિટે ૧૧ ઑગસ્ટે માનખુર્દ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બે આરોપીને શંકાને આધારે આંતર્યા હતા. બંનેની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી ૨૧.૨૦ લાખ રૂપિયાની કિંમતનું મેફેડ્રોન મળી આવ્યું હતું. આથી બંને વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. દરમિયાન બંનેની પૂછપરછમાં તેમના સાથીદારનું નામ સામે આવતાં તેને પણ પકડી પાડવામાં આવ્યો હતો. ■

## પત્નીનું ગળું ચીરી નાખ્યું પછી સાળીને ફોન કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દારૂ પીવાના વ્યસની બેરોજગાર પતિએ ગળું ચીરી પત્નીની કથિત હત્યા કરી હોવાની ઘટના થાણે જિલ્લાના દીવામાં બની હતી. ઘટના બાદ આરોપી પતિએ ડોમ્બિવલીમાં રહેતી સાળીને ફોન પર પોતે આચરેલા ગુનાની જાણ પણ કરી હતી. મુંબ્રા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ પ્રીતેશ કાશીનાથ શિર્કે (૫૦) તરીકે થઈ હતી. દીવા પૂર્વમાં મ્હાત્રે ગેટ સ્થિત તાનાજી મ્હાત્રે ચાલમાં રહેતા શિર્કેએ ગયા વર્ષે જ દ્રૌપદી માળી (૪૭) સાથે બાન્દ્રાના એક મંદિરમાં લગ્ન કર્યાં હતાં. બેરોજગાર શિર્કેને દારૂ પીવાનું વ્યસન હતું. પત્ની દ્રૌપદી તેને વારંવાર કામ કરવાનું સમજાવતી હતી. આ વાતને લઈ દંપતી વચ્ચે ઝઘડા થતા હતા. દારૂના નશામાં ચૂર શિર્કે પત્નીની મારપીટ પણ કરતો હતો. પતિ દ્વારા ગુજારાતા ત્રાસની વાત દ્રૌપદીએ ડોમ્બિવલીમાં રહેતી તેની બહેન રેશ્મા પાટીલને કરી હતી. રેશ્માના પુત્ર કુણાલના મોબાઈલ ફોન પર કૉલ કરી દ્રૌપદીની હત્યાની જાણ કરી હતી. 'મેં ઘણું સહન કર્યું છે એટલે મેં તેને મારી નાખી હતી. તેનો મૃતદેહ કિચનમાં પડ્યો છે. આવતી કાલે હું પણ જીવન ટૂંકાવીશ,' એમ શિર્કેએ રેશ્માને કહ્યું હતું. ■

ગણપતિ વિસર્જનના દિવસે ખાસ શો બોરીવલી ખાતે
આજે સાંજે ૪.૩૦ પ્રબોધન ઠાકરે
બુ/ટેલી બુ. આખો દિવસ Ph. 9022265381
રવિઃ સાંજે ૭.૩૦ નહેરૂ -વર્લી
બુ./ટેલી બુ. થિયેટર પર કાલથી શરૂ ૧૦-૬ (40245408, 9022265381)
Online: bookmyshow
રવિઃ ૨૯ સપ્ટે. સાંજે ૭.૩૦ ભવન -ચોપાટી
Show Cont.: 9820437187 9320085142
AMARDIP
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત
વિપુલ મહેતા લિખિત-દિગ્દર્શિત
ફૃત્વિકા દેસાઈ-મેહુલ બુચ અભિનિત
કળિયુગમાં અંગુઠો કાપીને નહિ, અંગુઠો બતાવીને બનાય...
એકલવ્ય
મૂળકૃતિ: સુદિપ મોડક વિશેષ આભાર: મનીષ પટેલ
Deepak Somaiya

## સંસ્થા સમાચાર

### થાણેમાં ક્વેસ્ટ ફાઉન્ડેશન ડાયાલિસિસ સેન્ટર નામકરણમાં એક કરોડનું દાન




થાણે મહાનગરપાલિકા અને નાના પાલકર સ્મૃતિ સમિતિ - કોપરી ગાંવ ખાતે નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટર નામકરણમાં ક્વેસ્ટ ફાઉન્ડેશન સાયન-મુંબઈ તરફથી રૂપિયા એક કરોડનું અનુદાન અર્પણ કરવામાં આવેલ.

તા. ૧૫-૦૯-૨૪ના રવિવારે સવારે ૧૦-૩૦ કલાકે અજયભાઈ અને બીનાબેન શેઠના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ. ૧૧ મશીન કાર્યરત રહેશે. ઉદ્ઘાટન અવસરે સર કીકાભાઈ હૉસ્પિટલના રાજીવભાઈ શાહ, દીપક મહેતા, પંકજ તન્ના, ભરતભાઈ જસાણી, ડૉ. શ્રીકાંત બડવે, સુમેધા જોશી વગેરેની ઉપસ્થિતિ હતી. ■

### રાજકોટમાં ૧૧૫ વર્ષ જૂની જૈન બોર્ડિંગનું નવનિર્માણ પૂર્ણતા ભણી



શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન, માલવીયા ચોક ખાતે ૧૧૫ વર્ષ જૂની જૈન બોર્ડિંગનું ઉદ્ઘાટન મહાત્માગાંધીજીના હસ્તે સર લાખાધિરાજ દરબારના પ્રમુખ સ્થાને યોજાયેલ.

ઉપાશ્રય, વિહારધામ, ગૌશાળા, ગર્લ્સ હૉસ્ટેલ વગેરેના નવનિર્માણ અને જિર્ણોદ્ધારના અનુગ્રહ પ્રદાતા પૂ. ધીરગુરુદેવની અસીમ કૃપાથી ૨૪ રૂમ, ભોજનાલય, લાઈબ્રેરી, વિવિધલક્ષી હોલ, જિમ્નેશિયમ સહિત નવનિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલુ છે. ગુરુદેવની દીર્ઘદૃષ્ટિને કારણે સમાજોપયોગી મહાવીરભવન અને છ હજાર સ્કેવર ફીટનો હોલ તથા ૧૧ ડીલક્ષ અતિથિ રૂમનું નિર્માણ બોર્ડિંગ પરિસરમાં ચાલુ છે. હાલમાં જૂના બિલ્ડિંગમાં વિદ્યાર્થીઓને રાખવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. શશીકાંત જી. બદાણી, ચંદ્રવદનભાઈ દેસાઈ, બીનાબેન અજયભાઈ શેઠ, સુશીલાબેન ઈન્દુભાઈ બદાણી, વસુબેન પ્રવીણભાઈ મહેતા, ઈન્દુભાઈ વોરા, પ્રમોદાબેન કોટીચા, ભૂપતભાઈ ટપુભાઈ શાહ વગેરે દેશ-વિદેશના દાતાઓની સખાવતથી ઐતિહાસિક સંભારણું મળશે. ૨૦૨૫માં ઉદ્ઘાટનની સંભાવના છે. વધુ વિગત માટે ઑફિસનો સંપર્ક કરવા વિમલ પારેખની યાદીમાં જણાવાયું છે. ■

### કલકત્તામાં સ્વામીવાત્સલ્યમાં ૩૧૦૦ ભાવિકો જોડાયા

પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ગુણોનો ગુણવૈભવ કાર્યક્રમ ગાયક સંજય શાહે રજૂ કરેલ. મૃદુલાબેન નવનીતલાલ સંઘવી પરિવારે લાભ લીધેલ. જ્યારે સંઘજમણમાં ૩૧૦૦ ભાવિકોએ પ્રસાદ લઈને પ્રસન્નતા પ્રગટ કરેલ.

વિઆન મુદિતભાઈ કામદારે મહાવીર સ્તુતિનું ગાન કરેલ. તા. ૨૨ ને રવિવારે ટોલીગંજ સંઘમાં પૂ. ધીરગુરુદેવનું પ્રવચન અને સંઘજમણ યોજાશે.

બોટાદ સંપ્રદાયના પૂ. જયેશચંદ્રજી મ.સા. તથા ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.ની નિશ્રામાં વૈરાગી દર્શનકુમાર દિપકભાઈ માલવણીયાની દીક્ષા તા. ૨-૦૩-૨૫ના પાળિયાદમાં ઉજવાશે. ■

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની વાર્ષિક સામાન્ય સભા તથા કારોબારી સમિતિની દ્વિવાર્ષિક ચૂંટણી હાલમાં જ સંપન્ન થઈ. બહોળી સંખ્યામાં સભ્યોની હાજરી વચ્ચે હર્ષોલ્લાસ સાથે સભાની કાર્યવાહી સંપન્ન થઈ હતી.

નિવૃત્ત થતા પ્રમુખ પ્રવીણભાઈ મૂળશંકર ઠાકરના કાર્યો અને કાર્યશૈલીને ઉપસ્થિત સભ્યોએ બિરદાવી હતી. તેમ જ નવનિર્વાચિત પ્રમુખ ફરી એકવાર 'સમાજ'ની ધુરા સંભાળનારા જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દવેને પણ આવકાર આપી તેમની ભૂતકાળની કાર્ય પદ્ધતિ, સૌને સાથે લઈ કાર્યને સફળતાપૂર્વક અંજામ આપવાની નિત-રીતિને પણ બિરદાવી સફળતાની શુભકામના આપી હતી.

નવી કારોબારી સમિતિના બિનવિરોધ, સર્વસંમતિથી નિયુક્ત પામેલા સભ્યોની નામાવલી નીચે મુજબ છે.

૧) પ્રમુખ : જ્યોતિન્દ્ર જયંતિલાલ દવે
૨) ઉપપ્રમુખ : મનોજ બાબુભાઈ ભટ્ટ તથા શ્રી રાજેન્દ્ર વાસુદેવ પંડ્યા
૩) કોષાધ્યક્ષ : ધ્રુવ સોમાલાલ વ્યાસ
૪) માનદ્ મંત્રીઓ : ભરત કાંતિલાલ ભટ્ટ, જતીન પ્રફુલચંદ્ર દવે
૫) એક્સ ઓફિસિઓ : પ્રવીણભાઈ મૂળશંકર ઠાકર

કમિટી મેમ્બર

૬) કારોબારી સભ્યો : હસમુખલાલ જીવરામ રાવલ, કમલેશ કાંતિલાલ ભટ્ટ, ઉમેશ ચીમનલાલ પંડ્યા, આશાબેન મનોજભાઈ ભટ્ટ, મહેશ દયાશંકર મહેતા, વિપુલ રમેશચંદ્ર રાજગોર, કિશોર હિમ્મતલાલ જાની, ધીરેન નવિનચંદ્ર ગોર, દિપક વસંતલાલ જોષી, પ્રકાશ કાંતિલાલ ભટ્ટ, સોહમ શૈલેષચંદ્ર પંડ્યા
૭) કો-ઓપ્ટ સભ્યો
૧) ઘનશ્યામ હરજી વ્યાસ
૨) હિતેશ શંકરલાલ રાજગોર
૩) પૂર્વીબેન સ્મિત જોશી
૪) ઈન્દુબેન જશવંતલાલ ઉપાધ્યાય ■

### મુલુન્ડ બ્રાહ્મણ સમાજ મહિલા મંડળ દ્વારા મેઘધનુષ રાસ ગરબા સ્પર્ધાનું ભવ્યાતિભવ્ય આયોજન

દર વર્ષની જેમ આ વર્ષે પણ મુલુન્ડ બ્રાહ્મણ સમાજ મહિલા મંડળ દ્વારા 'મેઘધનુષ' રાસ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાનું આયોજન તા. ૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ બપોરે ૩.૩૦ થી ૭ વાગ્યા વચ્ચે કાલિદાસ ઑડિટોરિયમ, પી.કે.રોડ, મુલુન્ડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાની ખાસિયત એ છે કે બાળકો, યુવાનો અને વયસ્કો એક જ મંચ પર, એક સાથે પોતાની ટેલેન્ટ લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે. મુંબઈ અને મુંબઈ બહારથી પણ બેસ્ટ કોરિયોગ્રાફર અને સંસ્થાઓ દર વર્ષે આ સ્પર્ધામાં ભાગ લે છે. સ્પર્ધા પ્રત્યક્ષ માણવા માગતા રસિકો અને સંસ્થાઓ પાસ માટે મહિલા મંડળના નિશાબેન રાવળ અથવા ભાવના વેદાંતનો સંપર્ક કરી શકે છે. કાર્યક્રમના બે દિવસ પહેલાથી કાલિદાસ નાટ્યગૃહ ઉપર પણ પાસ ઉપલબ્ધ હશે. ■

## પાણીનું નો ટેન્શનઃ મુંબઈનાં જળાશયો ૯૯ ટકા ભરાયાં

મુંબઈઃ મુંબઈગરાઓ માટે રાહતના સમાચાર છે, મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતા સાત જળાશયો અપર વૈતરણા, મધ્ય વૈતરણા, ભાતસા, તાનસા, તુલસી, વિહાર અને મોડક સાગરમાં પાણીનું સ્તર આગામી દિવસોમાં ૧૦૦ ટકા સુધી પહોંચવાની અપેક્ષા છે. આ ચોમાસામાં પૂરતા વરસાદને પગલે આજે વહેલી સવારે સાત જળાશયોમાં પાણીનો જથ્થો ૯૮.૭૧ ટકાની સપાટી પારા કરી છે. ઉનાળા દરમિયાન પાણીના કાપને ટાળવા માટે જળાશયોમાં પાણીનું સ્તર તેની ક્ષમતા સુધી પહોંચે તે ખૂબ જરૂરી હોય છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગના અહેવાલ મુજબ સાત જળાશયોમાં કુલ પાણીનો સ્ટોક ૧૪,૨૯,૬૯૭ મિલિયન લિટર છે, જે ગયા વર્ષે આ જ દિવસે ૧૪,૦૩,૬૪૮ મિલિયન લિટર એટલે કે ૯૬.૯૮ ટકા હતો.

આજે સવારના પાલિકાના અહેવાલ મુજબ, અપર વૈતરણામાં લાઇવ સ્ટોરેજ અને ઉપયોગી પાણીની ટકાવારી ૯૮.૫૧ ટકા, મધ્ય વૈતરણામાં ૯૯.૨૦ ટકા, તાનસા ૯૮.૨૯ ટકા અને ભાતસામાં ૯૮.૪૩ ટકા હતી, જ્યારે વિહાર, તુલસી અને મોડક સાગર તેમની ક્ષમતાના ૧૦૦ ટકા સુધી પહોંચી ગયા છે. આ ચોમાસામાં, અત્યાર સુધી તુલસી, તાનસા, વિહાર અને મોડક સાગર ઓવરફ્લો થઈ ગયા છે.

**મરાઠવાડાને પણ મોટી રાહત**

દુષ્કાળગ્રસ્ત મરાઠવાડાને પણ મોટી રાહત થઇ છે, જયકવાડી ડેમ શનિવાર, ૭ સપ્ટેમ્બરના રોજ ૧૦૦ ટકા જળસ્તર પર પહોંચી ગયો હતો. પૈઠણ, છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)માં આવેલો આ ડેમ મરાઠવાડા માટે પાણીનો મુખ્ય સ્રોત છે.

મહારાષ્ટ્ર વોટર રિસોર્સિસ વિભાગના ડેટા અનુસાર ગયા વર્ષે આ જ દિવસે જયકવાડી ડેમમાં માત્ર ૩૨.૬૦ ટકા પાણીનો સંગ્રહ હતો. આ ચોમાસામાં ભારે વરસાદ વચ્ચે, મહારાષ્ટ્રના તમામ ૨,૯૯૭ ડેમ (મોટા અને નાના સહિત) કુલ ૮૩.૧૫ ટકા જળ સ્તરે પહોંચી ગયા છે, જે ગયા વર્ષ કરતાં લગભગ ૨૦ ટકા વધુ છે. ■

## મુંબ્રામાં હોર્ડિંગ તૂટી પડતા ચાર ઘાયલ

થાણેઃ ઇદ-એ-મિલાદ નિમિત્તે મુંબ્રામાં ઊભું કરાયેલું લોખંડનું હોર્ડિંગ તૂટી પડવાની ઘટનામાં ચાર જણ ઘાયલ થયા હતા. આ હોર્ડિંગ પર ઇદ માટેના શુભેચ્છા સંદેશ લગાવવામાં આવ્યા હતા. ખાદી મશીન રોડ પર બપોરે ૨.૩૦ કલાકે આ ઘટના બની હોવાનું થાણે પાલિકાના ડિઝાસ્ટર સેલના પ્રમુખ યાસિન તડવીએ જણાવ્યું હતું.

હોર્ડિંગ નીચે ઊભેલા ચાર જણ જખમી થયા હતા. તેઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

ઘટનાની જાણ થયા બાદ અગ્નિશમન દળ અને ડિઝાસ્ટમ મેનેજમેન્ટ સેલ (આરડીએમસી)ના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ત્યાંથી હોર્ડિંગ દૂર કર્યું હતું, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## રાણીબાગ આવતી કાલે ખુલ્લું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલા (પૂર્વ)માં આવેલું વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય (રાણીબાગ) આ અઠવાડિયામાં બુધવાર, ૧૮ સપ્ટેમ્બરના ખૂલ્લુ રહેશે અને બુધવારને બદલે તેને બદલે ગુરુવારે બંધ રહેશે.

મહારાષ્ટ્ર સરકારે બુધવારના ઈદની રજા જાહેર કરી છે. મુંબઈ મહાનગરપાલિકાએ ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને અગાઉ મંજૂર કરેલા પ્રસ્તાવ મુજબ બુધવારના સાર્વજનિક રજા હોય તે દિવસે રાણીબાગને ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

તો સાપ્તાહિક મેઈન્ટેન્સના કામ માટે બુધવારને બદલે ગુરુવારના બંધ રાખવામાં આવશે. ■

## મઢથી અંધેરી ૨૦ મિનિટમાંઃ ૨,૦૩૮ કરોડના ખર્ચે પુલ બનશે

મુંબઈઃ મલાડ પશ્ચિમમાં આવેલા મઢ આઇલેન્ડના રહેવાસીઓને અંધેરી સુધી પહોંચવા માટે અંદાજે ૧૮.૬ કિલોમીટરનું અંતર કાપવું પડે છે. આના માટે ઓછામાં ઓછો દોઢ કલાક લાગે છે. હવે ટૂંક સમયમાં આ અંતર ઓછું થઇ જવાનું છે.

સૂત્રોના જણાવ્યાનુસાર વર્સોવા ખાડી પર પ્રસ્તાવિત પુલ બન્યા બાદ આ ૧૮.૬ કિ.મી.નું અંતર ફક્ત પાંચ કિ.મી. થઇ જશે અને પ્રવાસનો સમય દોઢ કલાકથી ઘટીને વીસ મિનિટ થઇ જશે.

આ પુલ બનાવવા માટે અંદાજે ૨,૦૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પુલના નિર્માણ બાદ લોકોને ઘણી સુવિધા થઇ જશે તથા સમય અને ઇંધણની બચત પણ થશે.

મઢના સ્થાનિક રહેવાસીઓ દ્વારા ઘણાં વર્ષોથી માગણી કરવામાં આવી રહી હતી કે મઢ જેટ્ટી અને વર્સોવા ખાડી પર પુલ બનાવવામાં આવે. હવે તેમના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે અને તેની માટે ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે. પાલિકાનું કહેવું છે કે આ પ્રોજેક્ટના ખર્ચમાં કોઇ વધારો થયો નથી. ■

**ટેન્ડરમાં વિવિધ કાર્યોનો સમાવેશ**

ટેન્ડરમાં આ પ્રકલ્પ માટે મુખ્ય એન્જિનિયરિંગ કાર્ય, સિવિલ/મેકેનિકલ અને ઇલેક્ટ્રિકલ, એલિવેટેડ રોડ, કેબલ સ્ટે બ્રિજ, સીસીટીવી, કન્ટ્રોલ રૂમ અને અન્ય સિસ્ટમ, પર્યાવરણ મેનેજમેન્ટ, પુલની દેખરેખ અને વીમો વગેરેનો સમાવેશ કરાયો છે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરીબેન કરમશી પોપટ ગામ (વાયોર) તેમના સુપુત્ર હાલ મુલુંડ (ચેકનાકા) મહેન્દ્રભાઇ (ઉં. વ. ૬૪) તે તા. ૧૫-૯-૨૪ના રવિવાર રામશરણ પામેલ છે. તે સ્વ. મણીબેન વિસનજી ચોથાણી ગામ મુંદ્રાવાળાના જમાઇ. અને કુસુમબેનના પતિ. લક્ષ્મીકાંત પરેશભાઇ દિપક, સીતાબેન, માલતીબેનના ભાઇ. સ્વ. વસંતભાઇના મોટાભાઇ. જીજ્ઞેશ, ટીનાના પપ્પા. વૈશાલી અને કેતનના સસરા. પ્રાર્થનાસભા મુકતેશ્વર મહાદેવ મંદિર, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), તા. ૧૭-૯-૨૪ના મંગળવાર સમય ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે, બેરાઓએ તે જ દિવસે આવી જવું.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુલુંડ સ્વ. મથુરાદાસ નરોતમદાસ ગોરડીયાના પુત્ર સ્વ. હરેન્દ્રભાઇના ધર્મપત્ની નલીનીબેન (ઉં. વ. ૭૯) તા. ૧૩-૯-૨૪ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે અમીષા, તેજલ, પરાગના માતુશ્રી. સ્વ. વીરલ વોરા, કિરણ પારેખ, નમ્રતાના સાસુ. મહુવાવાળા સ્વ. હીરાબેન ભુપતરાય મગનલાલ પારેખના પુત્રી. બળવંતરાય, સ્વ. જસુભાઇ, ગં. સ્વ. પ્રભાબેન દિલીપભાઇ મથુરીયાના બેન. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામસલાયા હાલ બોરીવલી કરસનદાસ માધવજી બથીયા (ઉં. વ. ૮૬) તે સ્વ. હીરાબેન માધવજી ઓધવજી બથીયાના સુપુત્ર. તે પ્રવીણભાઇ, કિશોરભાઇ, નીમુબેન સુરેન્દ્ર દતાણી તથા નયનાબેન પ્રકાશકુમાર ઠક્કરના ભાઇ. તે ચિરાગ, સ્વ. બેલાબેન તથા શિલ્પાબેનના પિતા. તે લીનાબેન બથીયા, શૈલશભાઇ રાચ્છ તથા નીરવભાઇ રવેશીયાના સસરા. તે સ્વ. હરીદાસ હંસરાજ સંચદેના જમાઇ તા. ૧૫-૯-૨૪ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યહવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વિજયાબેન પ્રેમજી કોટક કચ્છ ગામ સાંધાણ હાલ મુલુંડના સુપુત્ર ઉમેશ (ઉં. વ. ૫૫) રવિવાર, તા. ૧૫-૯-૨૪ના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેનના પતિ. તે સ્વ. લીલાવતીબેન હંસરાજ રાયમંગીયાના જમાઇ. તે ભાવના રાજેશ મજેઠીયાના ભાઇ. તે જીતના પિતા. જીજ્ઞેશના મોટાભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળગામ ભુજ નિવાસી હાલ મલાડ ગં. સ્વ. રતનબેન જયરામ ઠક્કર (ઉં. વ. ૮૭) તે સ્વ. શાંતિભાઈ કાનજી પુજારા તથા ભાઈલાલભાઈ કાનજી પુજારા ના બહેન. ઉમેદ, પ્રકાશ તથા કેતન ના માતુશ્રી. કલ્પના, હેમા તથા દક્ષાના સાસુ, અભિષેક, રૂપેશ, જિજ્ઞેશ, હર્ષના દાદી. હીર તથા આરતીના દાદીસાસુ. ૧૫/૯/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૮/૯/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વી રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ મલાડ સ્વ. ચંદ્રભાગા ચકુભાઇ પારેખના પુત્ર અશ્વિનભાઇ (ઉં. વ. ૭૯) તે ૧૫/૯/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભારતીબેનના પતિ. સમીર-રૂપલ, કેયુર-બીજલના પિતા. સ્વ. ભદ્રાબેન, વિલાબેન, સુભાષભાઈ, અશોકભાઈ, સૂર્યકાન્તભાઈ, બિમલભાઈના ભાઈ. ભાવનગરવાળા સ્વ. નલિનીબેન કૃષ્ણપ્રસાદ દોશી ના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી, સ્વ. દ્વારકાદાસ પારેખના પુત્ર. તે સ્વ. મથુરદાસ પારેખના જમાઈ તથા નયનાબેનના પતિ ભરતભાઈ પારેખ (ઉં. વ.૭૮) તા.૧૪-૦૯-૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે કલ્પેશ મીતા હિરેન કાનકિયા, નીતા ધર્મેશ રાજાણીના પિતા. સ્વ. નરેન્દ્રભાઈ, કીર્તિભાઈ, પ્રકાશભાઈ, રમાબેન કિરણકુમાર દેસાઈના ભાઈ, તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૦૯-૨૪, ગુરુવાર, સાંજે ૪થી૬ વાગે. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ માં રાખેલ છે.

**કપોળ**

જલાલપુર માંડવાવાળા (હાલ અહમદનગર) સ્વ. કમળાબેન હરજીવન ભાઇચંદ મહેતાના પુત્ર સ્વ. મહેન્દ્રકુમારના પત્ની ગં.સ્વ કંચનબેન (ઉં. વ. ૯૨) તા. ૧૫/૦૯/૨૪ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે . તેઓ અનિલ, રાજેશ તથા રેખાના માતોશ્રી. તેઓ કિરતિકુમાર, સૌ. હિમાં, સૌ. શિલ્પાના સાસુ. તેઓ સ્વ જગજીવનદાસ આણંદજી ગાંધીના સુપુત્રી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯/૦૯/૨૪ ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે મહેતા બંગલો, કિલ્લાની બાજુમાં , અહમદનગર મુકામે રાખેલ છે .

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

કચ્છ ગામ નાગ્રેચા હાલ કાંજુર માર્ગ વિજય શામજી મામતોરા સિફર (ઉં. વ. ૭૮) તે સ્વ. લક્ષ્મીબેન શામજી મામતોરાના સુપુત્ર. તે સ્વ. હર્ષાબેનના પતિ. તે સ્વ. ડુંગરશી સોદાગર (ખુઆ)ના જમાઇ. તૈ સૌરભ, બિંદિયા પરેશ નિર્મળ, નિકિતા ગણેશ શેટ્ટીના પિતાશ્રી. તે સ્વ. દયારામ તથા સ્વ. કસ્તુરબેન મચ્છરના ભાઇ. તે નમ્રતાના સસરા તા. ૧૫-૯-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૯-૨૪ના બુધવારે સાંજે ૪થી ૫. ઠે. પાંજીવાડી, કાંજુરમાર્ગ (ઇસ્ટ), સ્ટેશનની બાજુમાં રાખેલ છે.

## પારસી મરણ

ફીરોઝ કેખુશરુ કાંગા તે ઝરીનના ધની. તે મરહુમો મેહરા કૈખુશરૂ કાંગાના દીકરા. તે અદી, પેરીન મિસ્ત્રી, રુસી તથા મરહુમો સાઇરસ, રોશન દીનશા, પરવેઝના ભાઇ. તે રુઝબે, સાઇરસના માસા. તે ઝરીરના મામા. તે રોહીન્ટન, રોહીનતન, શાહરૂખના કાકા. તે મરહુમો બાનુ બરજોર ખરેગાતના જમઇ. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૨૭, અહુનવર, માલકમ બાગ, જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૯-૨૪ના દિને બપોર ૩.૪૦ વાગે માલકમ બાગ અગિયારી જોગેશ્વરીમાં છે.

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. જયંતી મુરજી ગાલા (ઉં. વ. ૪૭) તા. ૧૫-૯-૨૪ના અવસાન પામેલ છે. સંતીબેન વેલજીના પૌત્ર. સ્વ. લાડુબેન મુરજીના પુત્ર. સ્વ. દક્ષા, સ્વ. ચંદ્રિકાના પતિ. ફલકના પિતાશ્રી. હિતેશ, ધીરજ, ઉર્મિલાના ભાઇ. સ્વ. ભારતી, સાવિત્રીના દેર. પુનઇબેન શામજી કારીઆના જમાઇ. પ્રાર્થના તા. ૧૮-૯-૨૪ના બુધવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. કરશન લધુભાઇ નિસર હોલ, દાદર.

**દશા શ્રીમાળી જૈન**

દામનગર નિવાસી સ્વ. પ્રવીણ ચંનદર છગનલાલ માયાણીના ધર્મપત્ની રસિલા (ઉં. વ. ૮૯) તે દીના અમિત શાહ, ભારતી સ્વ. કમલેશ મહેતા, મનોજ-પારુલના માતુશ્રી. જૈત્ર, જૈસીકાના દાદી. કૃતિ તરુણ અગરવાલ, મિતેશ-કેનડીસ, જય-આયુષી મહેતા, સાચી આકાશ વસાના નાની. ભાવનગર નિવાસી. સ્વ. જેકોરબેન નાગરદાસ શાહના દીકરી તા. ૧૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે

**વિશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ખારવા નિવાસી હાલ માટુંગા સ્વ. મહેન્દ્રભાઇ પાનાચંદભાઇ હીરાચંદ દોશીના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૮૦) તા. ૧૬-૯-૨૪ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે નિલેશભાઇ, હીના (ડોલી), મીતલ (બીકુ)ના માતુશ્રી. શિલ્પા, મયુરભાઇ, પરાગભાઇના સાસુ. તથા ડો. સી. પી. દોશી, જશવંતભાઇ, સ્વ. રમેશભાઇ, જયસુખભાઇ, સ્વ. જિતેશભાઇ, સ્વ. લીલીબેન, સ્વ. રંજનબેનના ભાભી. પિયર પક્ષે જગજીવનદાસ હીરાચંદ સંઘવીના દીકરી. આકાશ, મીત, ઉરલ, ધરવ, હિરલ, મિલોની, પરીના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૭-૯-૨૪ના મંગળવાર, ૧૦થી ૧૧.૩૦, માનવ સેવા સંઘ, માટુંગા ગાંધી માર્કેટ, સાયન મેન રોડ, સાયન (વેસ્ટ). ચક્ષુદાન તથા ત્વચા દાન આપેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (દખ્ખણો) હાલે ડોંબીવલીના રમેશ ડુંગરશી છેડા (ઉં. વ. ૬૫) તા. ૧૩-૯-૨૪ના અવસાન પામેલ છે. ગં.સ્વ. નિર્મળા ડુંગરશીના પુત્ર. કલ્પનાના પતિ. દિપ્તી, વિરલના પિતા. મુકેશ, અશ્વિન, ભાવનાના ભાઇ. તલવાણાના ધનવંતી ભવાનજીના જમાઇ. પ્રા. ૧૮-૯-૨૪ને બુધવાર, શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વ.) ટા. ૨ થી ૩.૩૦.

કોટડા રોહાના નરેન્દ્ર વલ્લભજી વિકમાણી (ઉં. વ. ૪૮) તા. ૧૫/૯/૨૪ના અવસાન પામેલ છે. હેમલતા વલ્લભજીના પુત્ર. ટિનાના પતિ. હર્ષલના પિતા. મનોજ, જયેશ, ભાવેશ, શીતલના ભાઈ. સરલાબેન મોહનલાલના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. : ટીના વિકમાણી, નવ કાન્તીલાલ કોમ્પલેક્ષ, ૨૦૩/એ, કલ્યાણ મોના રોડ, આમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧૧૦૨.

બિદડા (ઓ.ફ.)ના મંજુલા પ્રફુલ ગાલા (ઉં. વ. ૭૨) તા. ૧૩-૯-૨૪ના અવસાન પામ્યા છે. પ્રફુલના પત્ની. મા. હાંસબાઇ છગનલાલ રવજીના પુત્રવધૂ. રક્ષા, જીજ્ઞા, બીરેનના માતુશ્રી. બિદડા મા.સાકરબેન નાનજી પાસુના પુત્રી. મહેન્દ્ર, નિર્મળા, રંજન, મધુના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મંજુલા પી. ગાલા, એ-૧૦૩, સીમા એપાર્ટ., આનંદનગર, વસઇ (વે).

ભોજાયના મેઘજી ખેરાજ નાગડા (ઉં. વ. ૮૪) તા. ૧૪-૯-૨૪ ના રોજ અવસાન પામેલ છે. માનબાઈ ખેરાજના પુત્ર. લીલાવંતીબેન (લીલબાઇ)ના પતિ. અનિલના પિતા. હરશી, કેશવજી, વિશનજીના ભાઇ. કોટડી મહા.ના ખેતબાઈ મણશીના જમાઈ. પ્રા.: શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ટા. : બપોરે ૩.૩૦ થી ૫.

મોટી રાયણ હાલે અમદાવાદ મધુરીબેન હરખચંદ (છોટુભાઈ) ગાલા (ઉં. વ. ૮૩)તા.૧૨-૯-૨૪ના અવસાન પામેલ છે. લાખણીબાઈ રામજી તેજશી ગાલાના પુત્રવધૂ. સ્વ. હરખચંદભાઈના પત્ની. રાજુ, કલ્પેશ, રેખાબેન, મીતાબેનના માતા. ડોણ સ્વ. લાછબાઈ શામજી કોરશી છેડાના પુત્રી. સ્વ. ગાંગજીભાઈ, સ્વ. મુલચંદભાઈ, કિશોરભાઈ, જયંતભાઈ, અરિવંદભાઈ, સ્વ. પાનબાઈ, સ્વ. મણીબેન, સ્વ. કસ્તુરબેનના બેન. પ્રા.યોગી સભાગૃહ, દાદર (સે.રે.). ટા.સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦.

કપાયાના હરખચંદ મેઘજી કેનીયા (ઉં. વ. ૭૦) તા. ૧૫-૯-૨૪ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મણીબાઇ મેઘજીના પુત્ર. કપાયા રતનબેન રામજીના જમાઇ. લતાબેનના પતિ. મયુરના પિતા. પ્રભાબેન ભોગીલાલ, સ્વ. શાંતાબેન મોરારજી, અરૂણાબેન લક્ષ્મીચંદ, સ્વ. જીતેન્દ્રના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ મેઘજી, એસ/૪૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

કોડાયના વિજય નેમચંદ ગાલા (ઉં. વ. ૪૮) તા. ૧૪-૯-૨૪ના દેશમાં અવસાન પામેલ છે. નિર્મળાબેન નેમચંદના સુપુત્ર. હેતલના પતિ. અમરના પિતા. શીલા, પ્રીતી, ગોયમના ભાઇ. વાંકીના જયવંતીબેન ભાઇલાલ ગણપત ગાલાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી.

## છેલ્લા પાનાનું ચાલુ

### નવરાત્રિ પછી

ઑક્ટોમ્બરથી નવરાત્રિ ચાલુ થયા બાદ બેઠક વહેંચણી અને વિવિધ પક્ષના ઉમેદવારો જાહેર થશે.

મહાવિકાસ આઘાડી (એમવીએ)માં ૧૨૫ બેઠક ઉપર ત્રણે પક્ષ એકમત થયાનું કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાતે પહેલા જ જાહેર કરી દીધું છે. આ વિધાનને ધ્યાનમાં લેતા હજી ૧૬૦ થી વધુ બેઠકો પર સંમતિ બાકી હોવાનું સ્પષ્ટ થાય છે. એમાંથી માત્ર ૩૦ બેઠક પર મુશ્કેલી ઊભી થવાની સંભાવના છે. આ બેઠકો પર મહાવિકાસ આઘાડીના બે અથવા ત્રણ પક્ષનો દાવો હોવાથી નિર્ણય થવો મુશ્કેલ છે.

નવેમ્બર ૧૬ થી ૧૮ દરમ્યાન મતદાન થવાની શક્યતા છે. તેથી તેના ત્રીસ દિવસ પહેલા એટલે કે ૧૬થી ૧૮ ઑક્ટોમ્બર દરમ્યાન આચારસંહિતા લાગુ થઇ શકે છે. તેથી મહાયુતિ અને મહા વિકાસ આઘાડી બેઠક ફાળવણીની ફોર્મ્યુલા નક્કી કરીને ૧૦ ઑક્ટોમ્બર સુધી ઉમેદવાર જાહેર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરશે, એવી શક્યતા છે.

બેઠક ફાળવણી સંદર્ભે ભાજપ, શિવસેના અને અજિત પવાર જૂથમાં ત્રણ વખત ચર્ચા થઇ છે. ત્રણે વખત મુખ્યપ્રધાન એકનાથ શિંદે, બંને ઉપમુખ્યમંત્રીઓ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાજર હતા. આ સિવાય શિંદે અને અજિત પવાર વચ્ચે સ્વતંત્ર ચર્ચા થઇ છે. ફડણવીસ અને અજિત પવાર વચ્ચે પણ ચર્ચા થઇ છે.

ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે ૨૮૮ બેઠકમાંથી ૭૫ ટકા બેઠક પર મહાયુતિમાં સંમતિ સધાઈ છે. એનો અર્થ કે લગભગ ૨૧૫ બેઠક પર એકમત થયા છે. માત્ર ૭૦ થી વધુ બેઠકો પર હજી સંમતિ નથી.

ખરી કસોટી આ બેઠકોની ફાળવણીમાં થવાની છે. 'સિટિંગ ગેટિંગ' ફોર્મ્યુલા પ્રમાણે જ્યાં જેના વિધાનસભ્ય તે બેઠક તેની, તે મુજબ ૨૧૫ બેઠક પર સમજૂતી અપેક્ષિત છે, કારણ ત્રણે પક્ષની મળીને તેટલી જ સંખ્યા છે.

શ્રાદ્ધપક્ષ છતાં નક્કી કરેલા ઉમેદવારોને જાણ કરવી જોઈએ જેથી અનિશ્ચિતતાનો અંત આવે અને ઉમેદવાર પ્રચાર શરૂ કરી શકે એવું ભાજપનું કહેવું છે, જેથી શ્રાદ્ધપક્ષમાં ઉમેદવારને તેની જાણ થઈ શકે છે. ■

### એકનાથ શિંદે

આરતી કરી હતી. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની લાલબાગચા

રાજાની મુલાકાત એવા સમયે કરવામાં આવી હતી જ્યારે સામાન્ય ભક્તો અને વીઆઈપી સાથે વિરોધાભાસી વર્તન દર્શાવતા સોશિયલ મીડિયા પર ફરતા વાયરલ વીડિયો પછી લોકોમાં લાલબાગચા રાજાના વહીવટીમંડળ સામે આક્રોશ ભભૂકી રહ્યો છે.

લોકોની નારાજગી વચ્ચે શિંદેએ તેમની મુલાકાતનું આયોજન કર્યું. રાજ્યના વડા તરીકે, મુખ્ય પ્રધાન પાસે તેમના કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓ વીઆઈપી મૂવમેન્ટને પગલે તેમની રક્ષા કરે છે.

દરમિયાન, શિંદેની લાલબાગચા રાજાની આ બીજી મુલાકાત છે. તેઓ ગયા અઠવાડિયે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે અહીં ગણેશ દર્શન માટે આવ્યા હતા. અમિત શાહ ગયા અઠવાડિયે મુંબઈ સમાચારના કાર્યક્રમ માટે મુંબઈ આવ્યા તેના બીજા દિવસે લાલબાગ ગયા હતા.

આ પહેલાં રવિવારે મુખ્ય પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ગણપતિ દર્શન માટે તેમના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા'ની મુલાકાત લેનાર અનેક હસ્તીઓના ફોટા શેર કર્યા હતા. પરંપરા મુજબ ૧૦-દિવસના ગણપતિ બાપ્પાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા બંગલો' ખાતે સ્વાગત કરવામાં આવે છે. મંગળવારે બાપ્પાનું વિસર્જન કરવામાં આવશે. ■

### આરે-બીકેસી

શિંદેએ રાહતના દરે ૩૦ લાખ ઘર બાંધીને મુંબઈને ઝૂંપડપટ્ટીમુક્ત બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના રજૂ કરી હતી. એક અહેવાલ અનુસાર સરકારે આ લક્ષ્યને હાંસલ કરવા માટે અનેક સરકારી એજન્સીઓ સાથે ભાગીદારી કરી હોવાનું તેમણે જણાવ્યું છે.

સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે મીડિયા સાથેની અનૌપચારિક વાતચીત દરમિયાન શિંદેએ જણાવ્યું હતું કે નીતિ આયોગની ભલામણ મુજબ આવાસની સંખ્યામાં વધારો કરવાથી મુંબઈમાં રિયલ એસ્ટેટના ભાવ ઘટી શકે છે.મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ), સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) અને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) જેવી એજન્સીઓ વર્ષોથી અટકી પડેલા ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ્સને આગળ ધપાવવા માટે રોકવામાં આવી છે. આ એજન્સીઓ બાંધકામ પ્રવૃત્તિઓ માટે પ્રાઈવેટ ડેવલપર્સ સાથે સહયોગ કરશે. ■

### ૮૦ થી ૯૦ બેઠક

મહાયુતિમાં અજિત પવારે કેટલી બેઠકની માંગણી કરી છે એનો ખુલાસો એનસીપીના અજિત પવાર જૂથના નેતા અને પ્રધાન છગન ભુજબળે કર્યો છે. 'એનસીપીના અજિત પવાર જૂથે મહાયુતિમાં ૮૦થી ૯૦ બેઠકની માગણી કરી છે' એવો ખુલાસો છગન ભુજબળે કર્યો છે. ■

### શિવસેનાના

તરીકે નિમણૂંક કરવામાં આવી છે. સિડકોના અધ્યક્ષને કેબિનેટ પ્રધાનનો દરજ્જો હોય છે. સંજય શિરસાટ હાલમાં શિવસેનાના પ્રવક્તા છે.

બીજી તરફ શિવસેનાના ભૂતપૂર્વ સાંસદ હેમંત પાટીલનું પણ રાજકીય રીતે પુનર્વસન કરવામાં આવ્યું છે. હેમંત પાટીલને રાજ્યકક્ષાના પ્રધાનનો દરજ્જો આપવામાં આવ્યો છે. હેમંત પાટીલને બાળાસાહેબ ઠાકરે હળદર સંશોધન અને તાલીમ કેન્દ્રના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હેમંત પાટીલ હિંગોલીના શિવસેનાના ભૂતપૂર્વ સાંસદ છે.

લોકસભાની ચૂંટણીમાં શિવસેના દ્વારા હેમંત પાટીલને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા, પરંતુ છેલ્લી ઘડીએ હેમંત પાટીલની ઉમેદવારી પાછી ખેંચી લેવામાં આવી હતી અને તેના બદલે બાબુરાવ કદમ કોહલીકરને હિંગોલીમાંથી ઉમેદવારી આપવામાં આવી હતી.

ભાવના ગવળીનું પત્તું કપાયા બાદ હેમંત પાટીલની પત્ની રાજશ્રી પાટીલને યવતમાળ-વાશિમમાંથી ઉમેદવારી આપવામાં આવી હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા

ગૌરવ મશરૂવાલા
feedback@bombaysamachar.com

# નિવૃત્તિ એટલે શું ?




ફરી બીજા શબ્દોમાં પૂછીએ : નિવૃત્તિ એટલે તમારા મન શું?

શું રોજિંદા કામકાજમાંથી મુક્તિને તમે નિવૃત્તિ કહેશો કે પછી કંઈ પણ કર્યા વગર બેસી રહેવું તેને કહેશો? ઘણા લોકો માટે નિવૃત્તિ એટલે એવો સમયગાળો, જેમાં અધૂરાં સ્વપ્નો પૂરાં કરી શકાય અને જીવનમાં તેની પહેલાં જે સુખ પ્રાપ્ત કરી શકાયું ન હોય તે પ્રાપ્ત કરી શકાય.

બીજા શબ્દોમાં કહીએ તો નિવૃત્તિ એટલે જીવનનો વધુ એક સંક્રમણકાળ. યુવાનીમાંથી વાર્ધક્યમાં પ્રવેશ. કમાતી વ્યક્તિની વાત કરીએ કે પછી આર્થિક દૃષ્ટિએ વાત કરીએ તો સક્રિય જીવનશૈલીમાંથી નિષ્ક્રિયતામાં પ્રવેશ એટલે નિવૃત્તિ. ઘર ચલાવનાર વ્યક્તિ મટીને નાણાં માટે ક્યાંક અવલંબન રાખવું પડે એ વ્યક્તિ.

'અબક' બૅન્કના જનરલ મેનેજર શ્રી ભટ્ટસાહેબ મટીને ફક્ત 'શ્રી ભટ્ટ' તરીકે ઓળખાવાની શરૂઆત એટલે નિવૃત્તિ.

આપણે નાનપણથી સાંભળતાં આવ્યા છીએ કે કોઈ પણ સંક્રમણ હંમેશાં આકરું હોય છે અથવા તો સહેલું હોતું નથી. સ્કૂલ-કૉલેજનો પહેલો દિવસ, પહેલી નોકરીનો પહેલો દિવસ, નવવધૂનો પારકા નવા ઘરમાં પ્રવેશ, વગેરે વગેરે.

નિવૃત્તિમાં સંક્રમણ કરતી વખતની મુશ્કેલી કે ચિંતા સંપૂર્ણપણે દૂર કરી શકાતી નથી, પણ જો આર્થિક બાબતોનું વ્યવસ્થિત આયોજન કરી લેવાયું હોય તો તેની તકલીફ મહદ્ અંશે ઓછી જરૂર કરી શકાય છે.

નિવૃત્ત વ્યક્તિને તબિયતની સ્થિતિ પણ અકળાવનારી હોઈ શકે છે. પોતાનો સમય કેવી રીતે પસાર થશે એ વાતની પણ એને ચિંતારહે એ સ્વાભાવિક છે. સૌથી મોટો પ્રશ્ન હોય છે: 'હું ગુજરી જાઉં ત્યાં સુધી મારા ખપ પૂરતા પૈસા મળી રહેશે કે નહીં'?

જાણીતી લેખક જોનાથન ક્લેમેન્ટ્સે નાકના કહ્યું છે કે નિવૃત્તિ એટલે લાસ વેગાસમાં ગાળવા માટેનું લાંબું વેકેશન અને એ વેકેશનમાં શક્ય તેટલો સંપૂર્ણ આનંદ પ્રાપ્ત કરી લેવો, પણ એમ કરતાં કરતાં પૈસા ખૂટી ન જવા જોઈએ !'

૧૯૦૦ની સાલની વાત કરીએ તો એ વખતની મનુષ્યની સરેરાશ આવરદાને જોતાં નિવૃત્ત વ્યક્તિ ફક્ત એકાદ વર્ષ નિવૃત્તિકાળ ભોગવીને બીજા-ત્રીજા વર્ષે સ્વર્ગે સિધાવી જતી. વર્ષ ૧૯૮૦- ૯૦ની વાત કરીએ તો નિવૃત્તિકાળ વધીને આશરે ૧૮ વર્ષનો થઈ ગયો તો ૨૦૧૦/૧૨ની સાલ સુધીમાં નિવૃત્તિકાળ વધીને લગભગ ૨૦થી ૨૫ વર્ષનો થઈ ગયો. જો આપણે ૨૨મા વર્ષે કારકિર્દી શરૂ કરીએ અને ૬૦મા વર્ષ સુધી એટલે કે સંતાનોને શિક્ષણ અપાવવું, એમનાં લગ્ન કરવાં, રોજિંદા ખર્ચ કાઢવા અને નિવૃત્તિ પછી બીજાં ૨૫ વર્ષ ચાલે એટલું ધન કમાવવું એ કંઈ નાનીસૂની વાત નથી.

બીજી તરફ, શહેરીકરણને લીધે પારિવારિક વાતાવરણ પણ બદલાયું છે. હવે સંયુક્ત કુટુંબો ઘણાં ઓછાં રહ્યા છે. અત્યારના પરિવારોમાં સંતાનો અને વડીલો અલગ-અલગ રહેવા લાગ્યાં છે. સંતાનો પોતાનાં માતા-પિતાની સારસંભાળ લેવા માગતાં હોય તો પણ એમની પોતાની આર્થિક સ્થિતિ કદાચ એમને એમ કરવા દેતી ન હોય.

મનુષ્યને પજવતો એક મોટો રાક્ષસ છે ફુગાવો-મોંઘવારી. ૧૯૮૭માં જે સાબુ ૩.૦૫ રૂપિયામાં મળતો તે ૧૯૯૭માં ૭.૮૫ના ભાવે વેચાતો અને આજે તેની કિંમત ૩૯ રૂપિયા છે. રાંધણગેસનો બાટલો ૧૯૮૭માં ૫૬.૧૫ રૂપિયામાં મળતો. ૧૯૯૭માં તેના ભાવ વધીને ૧૩૭.૮૫ રૂપિયા થઈ ગયા હતા. આજે એટલા જ ગેસનો બાટલો ૮૩૦ રૂપિયામાં ઘરે આવે છે.

આપણી જીવનશૈલી પણ ક્યાં નથી બદલાઈ! એક વખત હમામ સાબુ વાપરનારાઓ આજે એ વાપરતા હશે કે કેમ કે મોટો પ્રશ્ન છે. ૧૯૮૨માં ઘરમાં રંગીન ટીવી અને વોશિંગ મશીન હોય એ મોટી સુખસાહ્યબી ગણાતી. આપણે ઘણાં એવાં સર્વેક્ષણોનાં ફોર્મ ભર્યાં હશે, જેમાં જવાબ આપનારને પૂછવામાં આવતું કે એમના ઘરમાં રંગીન ટીવી કે વોશિંગ મશીન છે કે કેમ. આ બન્ને વસ્તુ ધરાવતા પરિવારો સંપન્ન ગણાતા. આજે એ જરૂરિયાત ગણાવા લાગી છે.

મનુષ્યની આવરદા વધી છે, રહેણીકરણી બદલાઈ છે તથા ફુગાવો વધતો ગયો છે. આ બધાં કારણોને લીધે આપણને હંમેશાં વધારે ને વધારે પૈસા કમાવવાની જરૂર પડતી ગઈ છે. મહિનાના પગારમાંથી પ્રોવિડન્ટ ફંડમાં પૈસા જાય, બૅન્કની ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરાય અને પોસ્ટ ઑફિસની વિવિધ યોજનાઓમાં નાણા રોકવામાં આવે એ બધા ઉપાયો હવે પૂરતા નથી. નિવૃત્તિ માટેનું આયોજન લાંબા ગાળાની દૃષ્ટિએ ધ્યાનપૂર્વક કરવાનું હોય છે અને એ તબક્કાવાર કઈ રીતે કરી શકાય એની વાત હવે પછી આપણે કરીશું. ■

feedback@bombaysamachar.com
ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# પિગી બૅન્કનું મહત્ત્વ કેવળ બાળપણ પૂરતું જ મર્યાદિત નથી!

હું તમને એક મજાની વાત કરવા માંગુ છું. હંમેશા મારા ક્લાયન્ટ્સને કહેતી રહું છું કે જ્યારે પણ એ એમની નાણાકીય બાબતની ચર્ચા કરવા માટે મને મળવા આવે ત્યારે શક્ય હોય તો એમનાં સંતાનોને પણ સાથે લઈ આવે. આ પાછળનો હેતુ એ છે કે બાળકોમાં પણ પણ ધીરે ધીરે પૈસાની બાબત વિશે જાગરુકતા કેળવાય ... આવી જ એક મીટિંગમાં એક ક્લાયન્ટ એમની નાની દીકરી સાથે આવ્યા. એ લગભગ છએક વર્ષની હશે. આપણા જૂના દિવસોની યાદ તાજી રાખવાના હેતુથી મેં મારી ઑફિસમાં એક નાની પિગી બેન્ક રાખી છે. જ્યારે પણ નવા ક્લાયન્ટ આવે ત્યારે હું એમની ભૂતકાળની નાણાકીય યાદોને તાજી કરી મને કહેવાનો આગ્રહ રાખું છું. હવે પેલી નાની દીકરી મારી ઑફિસમાં પિગી બેન્ક જોઈ કે તરત જ એ એકદમ ઉત્સાહિત થઈ ગઈ. એની મમ્મીને પિગ્ગી બેન્ક બતાવીને કહેવા લાગી :

મમ્મી, જો પેલી પિગી બેન્ક !

મમ્મી : હા,બેટા ! આ પિગી બેન્ક પણ તારી પિગ્ગી બેન્ક જેવી જ છે! '

બાળકી : મને આ પિગી બેન્ક જોઈએ છે ! '

આ સાંભળીને મેં સામેથી મારાવાળી પિગી બેન્ક પેલી બાળકીને આપી. હવી બાળકી એની સાથે રમત રમતા જિજ્ઞાસાવશ પિગી બેંકને હલાવવા લાગી, પરંતુ એકદમ ખાલી છે તે સમજીને એણે થોડીક નિરાશ થઈ ગઈ. એ કહેવા લાગી :

મમ્મી, આ પિગી બેન્ક કેમ ખાલી છે? એના બધા સિક્કા કયા ગયા?'

મમ્મી : તારી જેમ આ આંટી બચત કરતા નથી એટલે એમાં એકપણ સિક્કા નથી ! પરંતુ તું તો ડાહી દીકરી છે એટલે નિયમિત બચત કરે છે !'

મારી તરફ ફરીને મમ્મીએ મને કહ્યું:

અમે પણ એને આવી જ પિગી બેન્ક અપાવી છે, જેથી એનામાં બચતનો ગુણ કેળવાય !'

ખરેખર આ બહુ જ સરસ વાત છે બાળકોમાં નાનપણથી જ બચત કરવાની આદતના બીજ રોપવાની. નાનપણમાં આપણને રમકડું કે ઢીંગલી લેવી હોય તો પણ એને માટે આપણને બચત કરવા કહેવામાં આવતુ !

આપણે હકીકતમાં એને કમાવવુ પડતુ હતુ. જ્યારે પણ આપણને કોઈ પૈસા આપે તો આપણી આંખો કેવી આનંદથી ચમકી ઊઠતી ! મળેલા પૈસા લઈનેતરત જ એને પિગ્ગી બેંકમાં નાખવા માટે આપણે કેવા દોડતા ! થોડે થોડે દિવસે કેટલા પૈસા ભેગા થયા છે એ જાણવા માટે પિગી બેન્કખોલીને એમાં જમા થયેલા પૈસાને ગણતા અને જ્યારે એક દિવસ એમ લાગે કે કે પેલા રમકડા કે ઢીંગલી માટે જોઈતા પૈસા જમા થઈ ગયા છે ત્યારે આપણી ખુશીનું કોઈ ઠેકાણું નહોતું રહેતું ! આપણે મમ્મી-પપ્પા પાસે દોડી જતાં અને રમકડાની દુકાને લઈ જવા માટે વિનવણી કેવી કરતા !

એક વાર આ રીતે આપણુ લક્ષ્ય પૂરું થઈ જતું ! પછી ફરીથી બીજા રમકડાની ખરીદી કરવા બચત શરુ થઈ જતી...!

હવે આપણી મૂળ વાત પર પાછા ફરીએ :

હું : (ક્લાયન્ટને) તો તમારી પિગ્ગી બેન્ક ક્યાં છે?!

ક્લાયન્ટ : (થોડાંક આશ્ચર્ય સાથે) ) અમારી પીગી બેન્ક?!


હું (મરકીને) : હા, ચાલો એને હલાવીને જોઈએ કે એમાં કેટલા પૈસા જમા થયા છે?!

આ સાંભળીને બધા હસી પડ્તા...

મુખ્ય મુદ્દો એ છે કે તમારી પોતાની પાસે પણ તમારી એવી એક પિગ્ગી બેન્ક હોવી જોઈએ, જેમાં તમારા ઈચ્છિત લક્ષ્યો માટે પૈસા ભેગા કરી શકાય. તમારા લક્ષ્ય માટે ખંતપૂર્વક બચત કરો અને દરેક તકનો લાભ ઉઠાવો, જેથી જ્યારે તમારી પિગી બેન્ક ભરાઈ જશે ત્યારે તમારા આનંદનો પણ પાર નહીં રહે !

બચતની દિશામાં આવી પિગી બેન્ક પ્રથમ પગલું છે....





feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ઝડપી વજન ઘટાડો આરોગ્ય માટે કેટલો જોખમી છે?

આપણે અવારનવાર વાંચીએ છીએ કે ફલાણા- ઢીંકણા બોલીવૂડ અભિનેતા કે અને અભિનેત્રી ફિલ્મમાં પોતાની ભૂમિકાને ન્યાય આપવા માટે વજન ઘટાડે છે -વધારે છે અને પછી તરત ફરીથી મૂળ વજન પર પાછું આવી જાય છે... આ સાંભળીને આપણને નવાઈ પણ લાગે : આ તે વળી કઈ રીતે શક્ય છે ?

બીજી તરફ, આપણે એ પણ જાણ્યું કે તાજેતરમાં પેરિસ ઓલિમ્પિક્સના લાઈફ કુસ્તી દંગલમાં વિનેશ ફોગાટ માત્ર ૧૦૦ ગ્રામ વજન ઓછું કરવા આખી રાત પ્રયત્ન કરતી રહી અને એ ન થતા ફાઈનલમાંથી બાકાત થઈ ને રજત અને સંભવતઃ સુવર્ણ પદકનું બહુમાન પણ ગુમાવ્યું ને હોસ્પિટલ ભેગા થવાનો વારો આવ્યો.

ફિલ્મ 'દંગલ'માં આમિર ખાને પહેલવાન જેવા દેખાવા માટે ૯૦ કિલો વજન વધાર્યું ત્યાર પછી વજન ઘટાડવાના પ્રયાસમાં એને શ્વાસ લેવામાં તકલીફ ઊભી થઈ હતી.

આજે આપણે આ કિસ્સા એટલા માટે વર્ણવ્યા છે, કેમકે આજકાલ યુવકોને 'ફિટ-ટ્રીમ એન્ડ ફાઈન' દેખાવાનો તો યુવતીઓને 'ઝીરો ફિગર' ફ્લોન્ટ કરવાની ઘેલછા વળગી છે. બળતામાં ઘી હોમવાનું કામ સોશિયલ મીડિયા કરે છે, જ્યાં સેલેબ્રિટીઝ અને ઇન્ફ્લ્યુએન્સર્સના રૂપાળા ફોટા જોઈને ઝડપથી વજન ઓછું કરવા મંડી પડે છે. એમના આવા પ્રયાસથી ગંભીર આડઅસરો થઇ શકે છે.

## ઝડપી વજન ઘટાડાનો અર્થ શું છે?

જ્યારે સાપ્તાહિક વજન ઘટાડો ૫૦૦ ગ્રામથી વધુ હોય ત્યારે નિષ્ણાતો તેને ઝડપી વજન ઘટાડો કહે છે. જે લોકો વજન ઘટાડવા માગે છે એમના માટે તે સમજવું મુશ્કેલ હોઈ શકે છે, કારણ કે શક્ય તેટલી ઝડપથી પરિણામ જોવા માગે છે. જો કે, આ રીતે ઝડપથી વજન ઘટાડવું તમારા સ્વાસ્થ્ય માટે અસુરક્ષિત હોઈ શકે છે, જે સ્નાયુઓની ખોટ અથવા પોષણની ઊણપ તરફ દોરી જાય છે.

વિભિન્ન અભ્યાસ દર્શાવે છે કે ત્રણમાંથી એક વ્યક્તિ જે દરરોજ ત્રણ ગ્રામથી ઓછી ચરબી ખાય છે એ પિત્તાશયની પથરીનું જોખમ વધારે છે.

ઝડપી વજન ઘટાડાનાં જોખમો વિશે જાણીએ...

**★ સ્નાયુ સમૂહમાં ઘટાડો**

વજન ઘટાડાનો અર્થ એ જરૂરી નથી કે ચરબી ઘટે. વજન ઓછું થવાથી પાણી અને સ્નાયુઓની ઘટ થઈ શકે છે. તંદુરસ્ત વજન ઘટાડવાનું ધ્યેય ચરબીનો ઘટાડો છે.

**★ ચયાપચયમાં ફેરફાર**

મેટાબોલિક પ્રવૃત્તિ વજન ઘટાડા પર નોંધપાત્ર અસર કરે છે. સક્રિય ચયાપચયનો અર્થ થાય છે કે વધુ કેલરી બળી જાય છે અને વધુ ખોરાક ઊર્જામાં રૂપાંતરિત થાય છે, પણ કેલરીના સેવનમાં અચાનક તીવ્ર ઘટાડો તમારા ચયાપચયને લગભગ ૨૩% ધીમું કરી શકે છે. છેવટે, આ આહારની અસરને ઉલટાવીને વજનમાં વધારો કરે છે.

**★ પોષક તત્ત્વોનો અપૂરતો પુરવઠો**

ભોજન જતું કરવાનો અર્થ છે પોષક તત્ત્વોની ઊણપનું જોખમ. આવશ્યક પોષક તત્ત્વોની અછતથી એનિમિયા, થાક, નબળા હાડકાં, ચેપનું જોખમ વધારે છે. એનાથી વાળ પણ ખરવા માંડે છે.

**★ નિર્જલીકરણ**

ઝડપી વજનમાં ઘટાડો ઘણીવાર શરીરમાં પાણીની અછત ઊભી કરે છે,જેને લીધે માંદા હોવાની લાગણી-થાક- મૂર્છા - માથાનો દુખાવો અને કબજિયાત થાય છે.લાંબા ગાળે કિડનીની પથરી અને કિડનીનું કાર્ય ખોરવી દે છે.

**★ થાક ને આળસ**

થાક જીવનની સામાન્ય ગુણવત્તાને મર્યાદિત કરી શકે છે, પરંતુ મુખ્યત્વે તે કાર્યક્ષમતા ઘટાડે છે. આત્યંતિક કેલરીની ઊણપ શરીરને સામાન્ય રીતે કામ કરતા અટકાવે છે પરિણામે તે થાક, શરદી, ચીડિયાપણું, અને સ્નાયુ ખેંચાણ જેવી સમસયા ઊભી કરી છેઅને અમુક કિસ્સામાં તો વજન પાછું વધવા લાગે..

**★ ઇલેક્ટ્રોલાઇટ અસંતુલન**

શરીર કાર્યરત રહેવા સતત ફેરફારોને સ્વીકારે છે. જો કે, અમુક ફેરફાર શરીર માટે તણાવપૂર્ણ હોઈ શકે છે અને ઇલેક્ટ્રોલાઇટ સંતુલનને અસર કરી શકે છે. ઇલેક્ટ્રોલાઇટ્સ સ્નાયુને સંકોચવા અને આરામ કરવા અને હૃદયના ધબકારાને નિયંત્રિત કરવા માટે જરૂરી છે. ઇલેક્ટ્રોલાઇટની ઊણપ ગંભીર સમસ્યા જેમકે અંગને નુકસાન અને કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમમાં અનિયમિતતા સર્જે છે.

આપણે અહીં ઝડપી વજન ઘટાડાનાં જોખમ વિશે જાણ્યું. હવે જો તમારે કોઈ પણ કારણસર વજન ઘટાડવું જ હોય તો અહીં દર્શાવેલી કેટલીક સામાન્ય ટિપ્સ પણ ધ્યાનમાં રાખજો, જેમકે...

પ્રોટીન અને ફાઇબર વધારો... પ્રોટીન તમારા ચયાપચયને વેગ આપી શકે છે, જે વજન ઘટાડવાની આડ- અસરથી બચાવે છે. એ સ્નાયુના નુકસાન વગર લાંબા સમય સુધી તમારા પેટને ભરેલું રાખે છે.

**▸ પ્રોસેસ્ડ કાર્બોહાઇડ્રેટ્સ ટાળો...**

પ્રોસેસ્ડ કાર્બોહાઇડ્રેટ્સ તંદુરસ્ત વજન ઘટાડવા માટે પ્રતિકૂળ છે. એના જોખમને ટાળવા તમારા આહારમાંથી એને શક્ય તેટલું દૂર રાખો

**▸ ધીમે ધીમે ખાઓ...**

આપણે ઘણી વાર ખોરાક ખૂબ ઝડપથી ગળી જઈએ છીએ,જે નુકસાનકારક છે.

**▸ પૂરતી ઊંઘ લો...**

ઊંઘની વિકૃતિ આવેગજન્ય તૃષ્ણાઓને પ્રોત્સાહન આપી શકે છે. એ વજન ઘટાડવાની પ્રક્રિયાને ધીમું કરીને તંદુરસ્ત રક્તખાંડના સ્તરમાં પણ વિક્ષપ ઊભો કરી શકે છે.

**વ્યાયામ....**

લાંબા ગાળે વજન ઘટાડવા માટે કાર્ડિયો અને વેઈટ ટ્રેનિંગ સૌથી મદદરૂપ કસરત છે. જો કે, વધારે પડતો વ્યાયામ પણ ટાળવો પણ મહત્ત્વપૂર્ણ છે. ■



પ્રકરણ ૬૪

# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

'બધા આવી ગયાં?'

ડાઈનિંગ ટેબલ પર પોતાની ખુરશી પર ગોઠવાતાં જગમોહન દીવાને પૂછી લીધું.

'બધાં હાજર છે એટલે જ કોઈ બોલ્યું નહીં!'

એક સારું વાક્ય બોલવાનો સંતોષ જગમોહને સ્મિત દ્વારા વ્યક્ત કર્યો. કોઈએ પ્રતિભાવ આપ્યો નહીં.

જગમોહનને આશ્ચર્ય થયું કે ગાયત્રી પણ ચૂપ હતી. એ સામે પડેલી પ્લેટને ટગરટગર જોઈ રહી હતી... જાણે એના આવનારું ભવિષ્ય એમાં દેખાતું હોય.

'લખુકાકા, બધા આવી ગયા છે, પીરસવાનું શરૂ કરી દો...'

'હા ભાઈ...' લખુકાકા હરખાઈને બોલ્યા.

હિન્દી ફિલ્મના રામુકાકા જેવા લખુકાકા વર્ષો બાદ દીવાન પરિવારને એક સાથે જમતા જોઈને ખુશ થતા હતા.

જગમોહન જાણતો હતો કે લખુકાકા સિવાય બીજા કોઈને સાથે બેસીને જમવાનો એનો પ્રસ્તાવો ગમ્યો નહોતો.

'સાથે બેસીને જમીએ કે પછી એકલાં એકલાં ખાઈએ... શું ફરક પડે છે?' કરણે સૌથી પહેલાં પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

'આ બધું શું માંડ્યું છે? આપણા ઘરે નિયમ કેવા અને વાત કેવી... ચાર દિવસમાં સાથે જમવાની વાત ભુલાઈ જશે.' એવું કહીને વિક્રમે મન મનાવ્યું હતું.

'સસરાને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવું હશે એટલે બધાંની સાથે જમવા માગે છે...' જતીનકુમાર આ વાક્ય બોલ્યા નહોતા કેમ કે આ વાત કોઈ નહીં સાંભળે એ જાણતા હતા. અલબત્ત, એમણે વિચાર જરૂર કર્યો હતો.

'આ બધું ડહાપણ પેલી રૂપાળીએ આપ્યું લાગે છે!' પ્રભાને પણ ખબર હતી કે એની વાત કોઈ નહીં સાંભળે એટલે એ પણ ચૂપચાપ ફક્ત વિચારીને રહી ગઈ હતી.

'સાથે બેસીને જમવાથી પરિવારમાં પરસ્પર પ્રેમની લાગણી અને સંપ વધે. કંઈ નહીં તો છેવટે એકબીજા સાથે અંતર તો નહીં જ રહે...'

જગમોહને પોતાની વાત એટલી મક્કમતાથી સુણાવી દીધી હતી કે એની સામે વિરોધ કરવાની કોઈની હિંમત નહોતી થઈ એટલે જ બે દિવસથી બધા સમયસર ડાઈનિંગ ટેબલ પર હાજર થઈ જતાં હતા.

'આમ મૂંગા મૂંગા સાથે જમવાથી સંપ કેવી રીતે વધે એ જ સમજાતું નથી...' જતીનકુમારથી બોલ્યા વિના રહેવાયું નહીં.

'એમ તો ભોજન લેતી વખતે એકબીજાને સતત ટુચકા કહીને પણ લાગણી વધે નહીં...' કરણે જમાઈબાબુને તતડાવી નાખતા હોય એ રીતે કહી દીધું.

જતીનકુમાર મોઢું બગાડીને કંઈક બોલવા જતા હતા , પણ રેવતીએ એમનો હાથ પકડીને એમને ચૂપ રહેવા ઈશારો કર્યો.

જતીનકુમારે મોઢું કટાણું કર્યું , પણ બોલ્યા નહીં. હવે ઘર છોડવાનું છે ત્યાં ક્યાં કોઈની સાથે બગાડીને જવું... જતીનકુમારે વિચાર્યું.

'ઘણીવાર જગ્યા છોડી દેવાથી આપણે આપણી જગ્યા કાયમ કરી લેતા હોઈએ છીએ...' રેવતીના શબ્દો એમના કાને પડઘાતા હતા.

જગમોહન દીવાનની જગ્યાએ હું બેઠો હોઉં તો કેવો લાગું... એવો વિચાર પણ એમના મનમાં ઝબકી ગયો.

'જમાઈબાબુ, તમે હવે શું વિચાર્યું છે?' જગમોહને ફરી એક વાર જતીનકુમારને સીધો પ્રશ્ન કર્યો.

તમે આવા કડવા પ્રશ્નો બધાની હાજરીમાં કરો તો કુટુંબમાં સંપ કઈ રીતે વધે? જતીનકુમારને કહેવાની ઈચ્છા થઈ આવી , પણ એમણે સંયમ રાખ્યો. આ સસરો મારા પર જ શા માટે નજર રાખીને બેઠો છે. હોમવર્ક ન કર્યું હોય ત્યારે અચાનક શિક્ષક પૂછી લે ત્યારે થાય એવા ગરીબડા ભાવ જતીનકુમારના ચહેરા પર ફરી વળ્યા.

'કઈ વાતનું? મને સમજાયું નહીં.' બની શકે એટલા ભોળા ભાવ ચહેરા પર લાવીને જતીનકુમારે પૂછ્યું.

'હું પૂછું છું કે ભવિષ્યમાં શું કરવાનો વિચાર છે? તમે કહેતા હો તો આપણે પછી એકલા મળીશું ત્યારે વાત કરી લેશું. હજી બે-ત્રણ દિવસ રોકાવાના છો ને?'

જગમોહને ટેબલ પર જાણે બોમ્બ ફોડયો હોય એમ બધાના હાથ અટકી ગયા. બધા એકમેક સામે જોવા લાગ્યા.

ગાયત્રી વિચારતી હતી કે અમુકમાં કડવું બોલીને અળખામણા થવાની અદ્ભુત કુનેહ હોય છે. જગમોહને આ કળા જાણે હસ્તગત કરી લીધી છે. એણે જગમોહન સામે જોયું, પણ જગમોહન તો જાણે પોતાના કાર્ય પર મુસ્તાક હોય તેમ જમાઈબાબુ સામે જોતો રહ્યો.

'પપ્પા, અમે કાલે સવારના જ જઈએ છીએ. અમે આજે રાતના જ તમને કહેવાના હતા...' રેવતીના અવાજમાં ડૂસકું હતું કે ગુસ્સો એ કળવું મુશ્કેલ હતું.

'ઓહ, રિયલી! પણ બેટા, તમને અહીંથી વિદાય કરવાનો મારો કોઈ ઈરાદો નહતો...' જગમોહન હજી દાઢમાં બોલતો હતો.

ગાયત્રી વિચારતી હતી કે અમુકને કહેવું પડે કે તમે ભૂલ કરો છો... તો જ એ બોલતા અટકે, જગમોહને એમાંનો એક હતો.

'પપ્પા, જો તમારો એવો ઈરાદો ન હોત તો તમે બધાની હાજરીમાં મારા પતિનું અપમાન ન કર્યું હોત...' રેવતી રડવા માંડી.

'હવે તું ઠૂઠવો મૂક મા... હજી હું બેઠો છું. બાર હાથવાળો... હું તને આટલા દિવસોથી સમજાવતો હતો કે તારે મને સાસરે આવવા માટે ન કહેવું... પણ તું છો કે વારંવાર મને અહીં રોકાઈ જવાની જીદ કરે છે.'

જતીનકુમારે પત્નીના માથા પર હાથ મૂક્યો.

કરણને કહેવાની ઈચ્છા થઈ આવી કે બાર હાથ તો ઠીક, બે હાથને પણ કામે લગાડ્યા હોત તો આ દિવસ જોવો ન પડત. જોકે, હમણાં કઈ બોલવાથી વાત ડહોળાઈ જશે એવું વિચારીને એ ચૂપ રહ્યો.

'તમે આ રીતે કડવું બોલીને ઘરમાં સંપ વધારવા માગો છો?' અત્યાર સુધી હોઠ ભીડીને બેઠેલી પ્રભાએ પ્રહાર કર્યો.

'અરે બધા મારી સામે એવી રીતે જુઓ છો જાણે મેં કોઈ મોટો ગુનો કરી નાખ્યો હોય. અરે, મેં તો ફક્ત એટલું જ પૂછ્યું કે હજી બે-ત્રણ દિવસ રોકાવાના છો ને?' જગમોહનને એ જ સમજાયું નહીં કે બધાં એની સામે મોરચો માંડીને કેમ બેઠા છે.

'હવે બહુ ભોળા બનવાની જરૂર નથી. બધા જાણે છે કે તમે શું કહેવા ઈચ્છતા હતા. આપણે ત્યાં કોઈ અજાણી વ્યક્તિ ધામો નાખી શકે, પણ ઘરની દીકરી અને જમાઈ રોકાવા આવે તો પેટમાં ચૂંક ઊપડે... હું બધું જાણું છું...'

ગાયત્રીને તો જાણે કાપો તો લોહી ન નીકળે એવી સ્થિતિ થઈ ગઈ. જગમોહને સામે ચાલીને આફત નોતરી હતી. હવે હુમલો એની તરફ આગળ આવવાનો છે એવાં એંધાણ એને મળતાં હતાં.

'હવે તું પણ શું જે મોઢામાં આવે એ બોલી નાખે છે! મહેમાનનું અપમાન કરતાં વિચાર નથી આવતો?' જગમોહન ગુસ્સાથી કાંપતો હતો. ગાયત્રીનું અપમાન એનાથી સહન નહોતું થયું.

'હું બધું સમજું છું... પહેલાં ઘરવાળાનું માન રાખો પછી મહેમાનના માન-અપમાનની ચિંતા કરજો.' પ્રભા હવે વિફરી.

'હવે તમે બંને શરૂ થઈ ગયા... આપણે ત્યાં સાથે બેસવું એ જ ઝઘડાનું કારણ બની રહે છે. બધા ચૂપચાપ એકલાં એકલાં જમી લઈએ તો આવું જોવાનો વખત ન આવે ને...' કરણનો અવાજ રડમસ થઈ ગયો.

જગમોહનને હવે સમજાતું હતું કે કંઈક કાચું કપાયું છે, પણ એણે ક્યાં ભૂલ કરી છે એ ખ્યાલ નહોતો આવતો.

'શું કરણ, તું પણ તારી માની જેમ બોલવા લાગ્યો? મેં એવું શું કર્યું કે બધાં મારા પર તૂટી પડયાં છો... ગાયત્રી, તને લાગે છે કે મેં કોઈ ભૂલ કરી?' એણે ગાયત્રીને પૂછ્યું.

'લ્યો આપણે જાણે બેવકૂફ હોઈએ એમ બહારનાને પૂછે છે! અરે, આ છોકરી દીવાનની વિરુદ્ધ જાય એમાં શું માલ છે?' પ્રભા હવે જોરથી બોલતી હતી.

'ગાયત્રી એવી નથી પ્રભા, એ નિષ્પક્ષ રહીને ન્યાય તોળી શકે છે.' જગમોહન બોલ્યો.

'બોલ, ગાયત્રી, તું ચૂપ તેમ છો? મેં કોઈ ભૂલ કરી છે?'

'ના...' ગાયત્રીએ ઉત્તર આપ્યો.

'જોયું... જોયું... મેં નહોતું કીધું આ છોકરી એના માલિકની વિરુદ્ધ શેની જાય? એણે તો એના ડેરાતંબુ આ ઘરમાં તાણવાના છે...' પ્રભા ઊભી થઈ ગઈ.

'ગાયત્રી, તારે ન્યાય નહોતો કરવો તો અન્યાય પણ ના કરવો જોઈએ.' કરણ નારાજ થઈ ગયો હતો.

'મેં મારી વાત પૂરી નથી કરી...' ગાયત્રી ગંભીવ અવાજમાં પોતાની વાત આગળ વધારી :

'મારા કહેવાનો અર્થ હતો કેકાકુ, તમે ભૂલ નથી કરી...' પછી બધા સામે જોઈને ગાયત્રીએ વાક્ય પૂરું કર્યું :

'તમે એક મોટો અપરાધ કર્યો છે....!'


***

'હું જાણું છું કે તમે શ્યામલી ચક્રવર્તીના પતિ છો.'

ફોનમાં સામે છેડેથી આવેલો એ ઘૂંટાયેલો અવાજ કુમારને રુમમાં પડઘાતો લાગ્યો. એના હાથ-પગ ઠંડા પડી રહ્યા..

'કોણ છો?' કોણ છો તમે?' કુમારને લાગ્યું એનો અવાજ ગળામાંથી નીકળતો નહોતો. .

'હું કોણ છું એની લમણાઝીંકમાં નહીં પડો. તમે કોણ છો એ તમે સમજી લો... તમે શ્યામલી ચક્રવર્તીના પતિ છો...' સામે છેડેથી ફરી એ જ વાકય બોલાયું .કુમારને લાગ્યું કે એ જો પોતાની જાતને નહીં સંભાળે તો એનો ભાંડો ફૂટી જશે.




'તમારું માથું ખરાબ છે? તમે પેલી પાર્ક સર્કસવાળી શ્યામલી ચક્રવર્તીની વાત કરો છો? એનો પતિ તો ક્યારનોય મરી ચૂક્યો છે.' કુમાર હિંમત એકઠી કરીને બોલ્યો.

'તમે એ શ્યામલીને મળવા તો જાઓ છો, ખરું ને? તમે જ શ્યામલીના પતિ છો. કોઈ કારણસર તમે મરી ગયા છો એવું નાટક કરીને શ્રીમંત માણસોને ફસાવવાની રમત રમો છો.'

'ઓહ, તમે તો પેલા વિક્રમ દીવાનની વાત કરો છો? મિસ્ટર, મારે શ્યામલીના પતિ પાસેથી રુપિયા લેવાના હતા અચાનક એ અકસ્માતમાં મરી ગયો. એટલે હું એની પત્ની પાસેથી રુપિયા વસૂલવા જાઉં છું... બસ એટલું જ. હા, મને એટલી ખબર છે કે વિક્રમ દીવાન નામનો એક દિલફેંક નબીરો શ્યામલીની વાતમાં ફસાયો છે.'

'હું એ બધું નથી જાણતો અને મને જાણવામાં પણ રસ નથી. હા, તમે કોણ છો એ બધું સમજી ગયો છું તમને બે દિવસ આપું છું. આ બે દિવસમાં તમ તમારો ગુનો કબૂલી લેજો, નહીંતર હું પોલીસ પાસે જઈને તમારો ભાંડો ફોડી નાખીશ.' સામે છેડેથી અવાજ પડઘાયો.

'મિસ્ટર, તમે શું ઈચ્છો છો? ' કુમાર ઢીલો પડ્યો.

'જો તમે તમારું રહસ્ય અકબંધ રાખવા માગતા હો તો તમારે મારું એક કામ કરવું પડશે. બોલો, છે મંજૂર?'

'કામ બોલો...' કુમાર વિચારતો હતો કે એક વાર કામ તો જાણી લઉં, કરવું કે ન કરવું એ પછીનો પ્રશ્ન છે. સામે છેડેથી બોલનાર વ્યક્તિએ ખોંખારો ખાધો અને પછી ધીમા અવાજે કહ્યું:

'તમારે એક ખૂન કરવું પડશે..! .'

* * *

જગમોહન દીવાન છટપટાતો હતો.

આજે ગાયત્રીએ તો હદ કરી નાખી હતી. ડાઈનિંગ ટેબલ પર જાણે એક નાટક ભજવાઈ ગયું હતું.

આટલા બધા માણસોની હાજરીમાં ગાયત્રીએ એને કહી દીધું હતું કે આ તમારી ભૂલ નહીં, તમારો અપરાધ છે....! '

એક સેકન્ડ માટે તો એને લાગ્યું કે ગાયત્રીને અહીં લાવીને એણે ભૂલ નહોતી કરી ને?

આમ તો જગમોહન ખુદ ઈચ્છતો હતો કે ગાયત્રી એના પરિવારના સભ્યો સાથે હળેમળે અને એમનો વિશ્વાસ સંપાદન કરે એ પણ એ બધું કરવા માટે ગાયત્રીએ આ રીતે જગમોહનનું અપમાન કરવાની જરૂર નથી.

એ ધારત તો ગાયત્રીનું મોઢું તોડી શક્યો હોત, પણ એમાં એને જ નુકસાન થાત. એ જો ગાયત્રીનું માન નહીં જાળવે તો બીજા કોઈ એને માન નહીં આપે એટલે એ ચૂપચાપ ડાઈનિંગ ટેબલ પરથી ઊભો થઈને બહાર નીકળી ગયો હતો.

કરણે બૂમ પાડી. 'પપ્પા, સાંભળો તો...'

પણ જગમોહન દીવાન અટક્યો નહીં.

ગાયત્રીએ પણ એને અટકાવવાની કોશિશ ન કરી.

એ સીધો પોતાની રૂમમાં આવી ગયો. રાઈટિંગ ટેબલ પર આવીને બેઠો. થોડી ક્ષણ બાદ જાએ એને કંઈ યાદ આવ્યું હોય તેમ એણે ઉપરના ખાનામાંથી લાલ રંગનું ફોલ્ડર કાઢ્યું..

એ લાલ રંગના ફોલ્ડરમાં એનું વિલ હતું. એને લાગ્યું કે એની ગેરહાજરીમાં કોઈ એના વસિયતનામાને અડયું હતું. એ હજી ચણભણતો હતો.

એણે લાલ રંગના ફોલ્ડર પર હાથ ફેરવતાં વિચાર્યું :

હવે આ વિલમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.....

****

'આપણે બધાં જાણે કંઈ ન બન્યું હોય જમવાનું ચાલુ રાખીએ.' સહેજ અટકીને એણે ઉમેર્યું :

'ટેબલ પરથી આ રીતે ઊભા થઈને ચાલ્યા જવું એ અન્નનો અનાદર કરવું જેવું છે. હવે આપણાં બધાં એ જ વાત અહીં રિપીટ ન કરીએ તો સારું.'

'ગાયત્રી, યુ આર રાઈટ ...આપણે બધાં જમી લઈએ...' ગાયત્રીની વાતમાં કરણે સહમતી દર્શાવી.

'આ પપ્પાને શું થઈ ગયું છે.?' વિક્રમે વાત કાઢી પણ કોઈ એને પ્રતિસાદ આપવા તૈયાર નહોતું. પૂજાએ વિક્રમને કોણી મારીને એને ચૂપ રહેવા કહ્યું.

ટેબલ પર મૌન પથરાઈ ગયું. છરી- કાંટાના પ્લેટ સાથે અફળાવવાના અવાજ સિવાય કોઈ કંઈ બોલતું નહોતું.

અચાનક પ્રભા ઊભી થઈ ગઈ.

(ક્રમશઃ)■

---

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ



# ડિપ્રેશનની યૌગિક ચિકિત્સા

ડિપ્રેશન અર્થાત વિષાદ કે ખિન્નતા એક બહુ પ્રચલિત બીમારી છે. આજકાલ જાણે ડિપ્રેશનનો વા વાતો હોય તેમ લાગે છે. શરીર-મનથી સ્વસ્થ અને સુખી જણાતા હોય તેવા લોકો પણ ડિપ્રેશનનો ભોગ બની જતા હોય તેમ જોવા મળે છે. ઇંગ્લેન્ડની યાત્રા દરમિયાન જાણવા મળ્યું કે અહીં તો ચાર-પાંચ વર્ષના બાળકને પણ ડિપ્રેશન આવે છે. ડિપ્રેશનનું વાયરું જ ફૂંકાયું છે, તેમ ગણવું જોઇએ ને!

એક વાર એક પ્રકાશક-મિત્રને મળવાનું બન્યું, તેમના પુસ્તક-ભંડારમાં જ અમે બંને પુસ્તકોની દુનિયાની વાતોએ વળગ્યા હતા. અમારી વાતોનો ક્રમ તો ચાલુ જ હતો અને વચ્ચે જ તેમણે ગજવામાંથી એક નાની ડબ્બી કાઢી. તેમાંથી એક ટીકડી લઇને તેમણે મોંમાં મૂકી. બાજુમાં જ પડેલા પાણીના પ્યાલામાંથી થોડું પાણી પીને સ્મિતપૂર્વક મને હેવા લાગ્યાઃ

''આ જુઓ ને! હમણાંહમણાં ડિપ્રેશન આવી જાય છે.''

મને નવાઇ લાગી. આવા સ્વસ્થ સજ્જનને ડિપ્રેશન! અને તેઓ પણ ડિપ્રેશનને કેવી સહજતાથી લે છે- જાણે સહેજસાજ શરદી હોય તેમ!

આવા સ્વસ્થ માનવને ડિપ્રેશન શા માટે હોય? મને લાગ્યું કે મારે આ બનાવમાં ઊંડા ઉતરવું જોઇએ.

મેં પૂછ્યુંઃ ''કેમ, હમણાં કોઇ તકલીફ આવી છે?''

''ના રે ના! એવું તો કોઇ નથી. કોઇ દેખીતા કારણ વિના શરીર-મન સાવ ઢીલાં પડી જાય છે. ડૉક્ટર કહે છે કે આ ડિપ્રેશન છે એટલે મેં પણ સ્વીકારી લીધું છે કે આ ડિપ્રેશન છે, અને એવું લાગે ત્યારે ડોક્ટરે બતાવેલી આ ટીકડી લઇ લઉં છું.''

''પણ આ ટીકડીથી ડિપ્રેશન ચાલ્યું જાય છે?''

''થોડી વાર સારું લાગે છે, પાછા હતા ત્યાંના ત્યાં જ. આ ટીકડીઓ કાંઇ ડિપ્રેશનનો સાચી ઉપાય નથી, એ તો હું ય જાણું છું અને ડોક્ટર પણ એમ જ કહે છે.''

''ડોક્ટર હોણ છે?''

''ડો... બહુ સારા સાઇક્રિયાટ્રિસ્ટ છે.''

અગારી વચ્ચેની વાતચીત તો ત્યાં જ પૂરી થઇ, પણ ડિપ્રેશન વિશેનું મારું ચિંતન- મારું અન્વેષણ શરૂ થયું.

સામાન્ય રીતે ડિપ્રેશન (વિષાદ કે અવસાદ)ને એક હળવી મનોવિકૃતિ (ત્નુભવજ્ઞક્ષચીજ્ઞિતશત) ગણવામાં આવે છે. આધુનિક મનોવિજ્ઞાન ડિપ્રેશનને આ રીતે સમજાવે છે.

વ્યક્તિના જીવનમાં કોઇ દુઃખદ પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તે પરિસ્થિતિને કારણે વ્યક્તિ તીવ્ર દુઃખ કે ખિન્નતામાં ડૂબી જાય છે. પ્રિયજનનું મરણ, વ્યવસાયમાં ભારે નુકસાન, પ્રેમમાં નિષ્ફળતા, ગંભીર શારીરિક બીમારી, અકસ્માત - આ કે આવા કોઇ કારણસર વ્યક્તિના મનમાં ડિપ્રેશન અર્થાત્ વિષાદ જન્મી શકે છે. આ અવસ્થા લાંબા કે ટૂંકા ગાળા સુધી રહે છે. વળી આ અવસ્થામાં ગાળા વારંવાર આવતા પણ રહે છે.

ડિપ્રેશનનો શિકાર બનેલી વ્યકિતના જીવનમાં ખિન્નતા, ઉદાસીનતા, નિરાશા, ઉત્સવહશૂન્યતા, અભિરુચિનો અભાવ, બિનઉપયોગિતાની લાગણી, વધારે પડતી ચિંતા, આત્મવિશ્વાસનો અભાવ આદિ લક્ષણો જોવા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનની દષ્ટિએ ડિપ્રેશનનાં કારણો વ્યક્તિના મનમાં અને પરિસ્થિતિમાં એમ બંને સ્થાને છે. પરિસ્થિતિ એવી છે જે ડિપ્રેશન પેદા કરે છે અને વ્યક્તિના મનનું બંધારણ એવું છે કે જેને કારણે તે ડિપ્રેશનનો ભોગ બને છે. ડિપ્રેશનની ચિકિત્સા બે રીતે કરવામાં આવે છે. સાઇક્રિયાટ્રિસ્ટ દવાઓ આપે છે અને મનોવૈજ્ઞાનિક મનોવિશ્લેષણ, પરામર્શ (ભજ્ઞીક્ષતયહહશક્ષલ) આદિ મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા સારવાર કરે છે.

આપણી અહીં યોગ અને ભારતીય મનોવિજ્ઞાનના દષ્ટિકોણથી ડિપ્રેશનના સ્વરૂપ અને તેના નિવારણના ઉપાયનો વિચાર કરવો છે.

### ડિપ્રેશન (વિષાદ) શું છે?

ડિપ્રેશન શક્તિહીનતાનો અનુભવ છે. ખિન્નતા, નિરાશા, ઉત્સાહશૂન્યતા આદિ લક્ષણ. તો શક્તિહીનતામાંથી ફલિત થાય છે.

યોગ અને ભારતીય મનોવિજ્ઞાનની દષ્ટિએ ડિપ્રેશન એટલે જીવનશક્તિનું હડતાળ પર જવું. જીવનશક્તિ અવિરુદ્ધ થઇ જાય છે. રિસાઇ જાય છે. તેને પરિણામે વ્યક્તિ ડિપ્રેશનમાં સરી પડે છે.

ડિપ્રેશન વિશેના યોગ અને ભારતીય મનોવિજ્ઞાનના આ દષ્ટિકોણને સમજવા માટે આપણે જીવનશક્તિવિષયક યૌગિક દષ્ટિને સમજવી જોઇએ અને તે માટે યોગની પંચકોશવિષયક ધારણાને સમજવી આવશ્યક છે.સામાન્યતઃ સમગ્ર ભારતીય દર્શનમાં અને વિશેષતઃ યૌગિક દર્શનમાં આત્માનાં પાંચ શરીરનો સ્વીકાર થયેલો જોવા મળે છે. આ પાંચ શરીરને પાંચ કોશ કહેવામાં આવે છે. કોશ એટલે આવરણ કે મ્યાન. આત્માનાં પાંચ આવરણો તે જ પાંચ કોશ કે પાંચ શરીર છે. ■

---

feedback@bombaysamachar.com

## મોજની ખોજ!

સુભાષ ઠાકર

# ગણેશ, તને ભેટની ચિંતા અમને પેટની ચિંતા!

આપણે ચટકમટક તૈયાર થઈ થિયેટરમાં મિલન પિક્ચર જોવા જઈએ ને ખુરશીમાં બેઠા પછી અચાનક ઢેનઢેણેનન કરતા જુદાઈ પિક્ચરના નંબરિયા શરૂ થાય ને આપણો ચહેરો ધીરે-ધીરે પેલા તરડાયેલા ધનુષ્યબાણ જેવો થવા લાગે ને પછી ૨૫૦ વૉલ્ટનો ઝાટકો લાગે, આ શુ? મિલન ના બદલે જુદાઈ? બસ, એ જ રીતે ચંબુએ મહાદેવનું મંદિર વાંચી અંદર પ્રવેશ તો કર્યો ને અંદર પુત્ર ગણપતિ શંકરલાલ હિમાલયવાળાને જોઈ ઝાટકો લાગ્યો. ચંબુને થયું, મંદિર ખોટું પકડાયું કે ભગવાન ખોટા બેઠા છે ? પણ સૂંઢ, કાન, પેટ ચેક કરી પૂછ્યું, અરે ગણેશ, તું ?

હા, આજે હું. અમે તને બાપા કહીએ, પણ અત્યારે તારા બાપા ક્યાં ગયા?

તે તો ડમરું વગાડતા દોરી તૂટી ગઈ એ રિપેર કરાવવા ગયા છે. આવતા હશે. આ તો શ્રાવણમાં તેમની અને પ્રભુ મહાવીરની સિઝન પૂરી થઈ ને મારી શરૂ થઈ એટલે રોકાઈ ગયો છું. જેણે દોઢ દિવસનો મુકામ આપ્યો ત્યાંથી વિદાય લીધી પણ હવે કહેવાતા ભક્તો પાંચ દિવસના વિસર્જનના અંતે પૂરા ઘોંઘાટ સાથે મારા કાનના પડદા ફાટી જાય એટલા જોરથી ગણપતિબાપ્પા મોરયા પુઢચ્યા વર્ષી લૌકર યાની બૂમો મારી દરિયામાં પધરાવશે, પણ હમણાં તો મારી ઈચ્છા હોવા છતાં છઠ્ઠા દિવસે પણ કોઈ રોકાવા નહીં દે. જોકે મારા કાન મોટા છે એટલે પ્રૉબ્લેમ નથી, પણ મને કહેશે ચાલો બાપ્પા, હવે તમારી સિઝન પૂરી. હવે માતાજી માટે પાટલો ખાલી કરો. મૂર્તિઓ બદલાય, પાટલો એ નો એ. આઈના વોહી રહતા હૈ, ચેહરે બદલ જાતે હૈં.

ઓકે. હું નીકળું. બાપુજી આવે તો કહેજો, ચંબુ અંકલ મળવા આવેલા.

અરે અંકલ, બાપુજીનું કંઈ કામ હોય તો બોલો. ફરિયાદ હોય તો પણ..... હું પણ વિઘ્નહર્તા જ છું.

કેટલી ફરિયાદ કરું? ચોમાસામાં નીકળતા અળસિયાંની જેમ એક પછી એક પ્રશ્નો નીકળ્યા જ કરશે. તકદીર જ તકલીફવાળું છે. હવે તું વિઘ્નહર્તા હોય તો આ તારા ઉંદરના ખોબામાં જે લાડુ છે એ મારા ઉદરમાં પ્રવેશે એવો ચમત્કાર કર. (ત્રણ સેકન્ડ પછી) કેમ હસ્યો?

અરે અંકલ, હું સમજણો થયો ત્યારથી શ્રદ્ધાળુઓએ મને અને ઉંદરને લાડુ સિવાય શું આપ્યું છે ? અમારા નસીબમાં ત્રણ પી એટલે પીઝા, પાણીપૂરી કે પાંઉભાજી ક્યારેય નથી. શું અમારે જીભ કે મન નથી ? તમે મને એવું કંઈ મળે એવો ચમત્કાર કરો તો હું તમારા માટે. વ્યવહાર તો અરસપરસ હોય. ઍગ્રી. બટ યુ નો. અમારું પેટ તો બે જોડિયા ભાઈઓની જેમ ચીટકીને બેઠું છે. ન સમજ્યા? અરે, કવર પર પોસ્ટની ટિકિટ ચીટકાડી હોય એમ.... અલ્યા ભૈ, તારા પ્રત્યે અમારો ગમે તેટલો ભાવ હોય; પણ હમણાં તો ભાવવધારાને લીધે જ અમારા અન્નનળી, જઠર, આંતરડાં બધાં બેકાર યુવાનોની જેમ નવરાધૂપ બેઠાં છે. શું કરે બિચારાં, હોજરી માટે અન્ન હાજર ન હોય તો? તારા ધનિક ભક્તો કદાચ વેદ જાણતા હશે, પણ અમારી વેદના જાણતા નથી. જો આમ ચાલ્યું તો આ સરકાર પણ રક્તદાન તો દૂર, ટેસ્ટ કરવા જેટલું પણ લોહી નહીં બચવા દે. અરે, જે ડફોળોને હાઈવે પર ૩૦૦૦ ખાડા નથી દેખાતા તેને અમારા પેટના ખાડા તો ક્યાંથી નજરમાં આવે ? છેલ્લે કેટલાક વખતથી ઈજ્જત ગુમાવવાનો એને એવો જબરો શોખ વળગ્યો છે કે ભાવવધારામાં પેટ્રોલ, ડીઝલ, અનાજ, શાકભાજી, ફળ, ખાંડ, કઠોળ, સોનું... મોટું પુસ્તક છપાય એવડું લિસ્ટ છે. ભાવવધારામાં કોઈ ચીજ બાકી ન રહેવી જોઈએ. તેં જીવ આપ્યો, પણ જીવન તો આ ભ્રષ્ટ નેતાઓએ છીનવી લીધું છે. નકટાઓ ૩૦૦૦ની થાળી જમતાં-જમતાં અમારા પેટની ચર્ચા-ચિંતા કરે છે. તને અમારી વિનંતી કે તું પણ થોડો વખત તારી ભેટની ચિંતા છોડ અને અમારા પેટની ચિંતા કર; કારણ કે દેશ, સમાજ કે પરિવાર કરતાં તું સૌથી નજીકનો સગો છે. બાકી આ લપોડશંખ સરકારે તો પ્રતિજ્ઞા કરી છે કે બધી ચીજવસ્તુઓના ભાવ હજી આસમાને પહોંચશે એ પહેલાં તમને આસમાનમાં પહોંચાડી દઈશું. એક આશ્ચર્યની વાત કહું ? કૌભાંડોની હારમાળામાં તેને લાગ્યું કે મોં કાળું થાય એટલી ઈજજત ગઈ નથી એટલે થોડા વખત પહેલાં ૨૦૦ કરોડનું કોલસા કૌભાડ પકડ્યું. એ બહાને પણ મોં કાળું થાય છે. તારી સૂંઢમાં એટલે કે નાકમાં એક પણ હાડકું નથી, પણ આ લોકોને તો નાક જ નથી. જો તું વિઘ્નહર્તા હોય તો તું આ બધું જાણતો હોવા છતાં તારા મોટા પેટનું પાણી પણ કેમ હલતું નથી કે પછી અંદર પાણી છે જ નહીં? આ બધી વાત તારા બાપુજીને પણ પહોંચાડજે. કદાચ અરજી પાસ કરે.

શું કહો છો ? ■



feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સ્વાસ્થ્યનો ખજાનો ધરાવતી, મોટા અનાજ તરીકે જાણીતી ‘કોદરી’



મોટું અનાજ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણવામાં આવે છે. જેમાં બાજરો,

જુવાર, કંગની, રાગી, સામો, કોદરી જેવા અનેક મોટા અનાજનો સમાવેશ થાય છે. જેને મિલેટ્સ તરીકે ઓળખવામાં આવે છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ જી-૨૦ સમિટમાં ભારતીય મિલેટ્સને પ્રાધાન્ય આપ્યું હતું. વિદેશી મહેમાનોને મિલેટ્સમાંથી બનતી વિવિધ પ્રકારની વાનગીનો રસાસ્વાદ ચખાડીને આનંદિત કરી દીધા હતા. વર્ષ ૨૦૨૩ને ‘આંતરરાષ્ટ્રીય મિલેટસ્ વર્ષ’ તરીકે ઊજવવામાં આવ્યું હતું. જે

શ્રી અન્ન તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લાં ૭ વર્ષથી સપ્ટેમ્બર મહિનાને ‘પોષણ માહ’ તરીકે ઊજવવામાં આવે છે. જલવાયુ પરિવર્તનથી થતાં નુકસાનથી બચવામાં મદદ કરે છે. હવે તો ભારતમાં આરોગ્ય પ્રત્યે સજાગ લોકો પોતાના આહારમાં મોટા અનાજનો વધુને વધુ ઉપયોગ કરતાં થયા છે. આજે આપણે જે અનાજની વાત કરવાના છીએ તેના વિશે બહુ ઓછા લોકોને જાણકારી હશે. જે કોદરી કે કોદો તરીકે ઓળખાય છે. છત્તીસગઢના સ્થાનીય લોકો માટે તો કોદરી એટલે કે કોદો અત્યંત પ્રિય વાનગી ગણાય છે. વળી અનેક વર્ષોથી તેનો ઉપયોગ થતો આવ્યો છે. સ્થાનીય લોકોની કોદરી માટે એક કહેવત ઘણી પ્રચલિત છે. ‘કોદોના ભાત ખાઈ લે, બીમારી દૂખ ભગાડી લે’. આદિવાસી લોકો તેને ભગર તરીકે ઓળખે છે. જેનો ઉપવાસમાં ઉપયોગ કરી શકાય છે. એવું કહેવાય છે કે કોદરીમાં સામાન્ય ચોખાની સરખામણીમાં ૧૨ ગણું વધુ કેલ્શિયમ સમાયેલું જોવા મળે છે. વળી આયર્નની માત્રા વધુ સમાયેલી જોવા મળે છે. વર્ષ ૨૦૨૨માં છત્તીસગઢને રાષ્ટ્રીય સ્તરે પોષક અનાજની ખેતીને પ્રોત્સાહન આપતો ઍવોર્ડ આપવામાં આવ્યો છે. ભારત તથા નેપાળમાં કોદરીનો પાક સૌથી વધુ થાય છે. પાક તૈયાર થાય ત્યારે તેના દાણા લાલ તેમજ ભૂરા રંગના જોવા મળે છે. આવા સંજોગોમાં જો તેનો ઉપયોગ કરવામાં આવે તો લાલ દાણાને સાફ કરીને ઉપયોગમાં લેવામાં આવે છે.

**કોદરી શું છે?**

કોદરીનો ઈતિહાસ ઘણો જૂનો છે. તેની ખેતી ભારતમાં ૩ હજાર વર્ષ પૂર્વે થતી આવી છે. તેનો છોડ ૬૦-૯૦ સેમી સુધી ઊંચાઈ ધરાવતો સીધો હોય છે. દેખાવમાં અન્ય ધાન જેવું લાગે છે. તેના બીજ ચમકદાર, સફેદ-ગોળાકાર હોય છે. તેને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે કોદો, કોંદો, કોદરા, હરકા, વરગુ, અરિકેલુ.

સામાન્ય ધાન જેવી દેખાતી કોદરીની ખાસ વાત એ છે કે તેની ખેતીમાં પાણીનો ઉપયોગ ઓછો થાય છે. ભારતમાં મહારાષ્ટ્ર, ઉત્તરી કર્ણાટક, તમિલનાડુનો કેટલોક ભાગ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, બિહાર, ગુજરાત તથા ઉત્તર પ્રદેશમાં તેની ખેતી મોટા પાયે થાય છે. વિદેશમાં પણ કોદરીની ખેતી થતી જોવા મળે છે. ભારત સિવાય કોદરીની ખેતી ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા, થાઈલૅન્ડ તેમજ દક્ષિણ આફ્રિકામાં જોવા મળે છે.

ગુણોનો ભંડાર ધરાવતી કોદરીને ‘ગરીબના ચાવલ’ તરીકે ઓળખ મળી છે. તેનું મુખ્ય કારણ ઓછા પાણીમાં ઊગી જાય છે. વળી તેની ખેતી સૂકી -બંજર કે ખડકાળ જમીનમાં સરળતાથી કરી થઈ શકે છે. એવું કહેવાય છે કે જે જમીનમાં કોઈ અનાજ ન પાકતું હોય તેવી જમીનમાં કોદરીની ખેતી બારેમાસ શક્ય છે. તેથી જ તેને દુકાળનું અનાજ કહેવામાં આવે છે.

**કોદરીના સ્વાસ્થ્યવર્ધક લાભ :**

સાંધાના દુખાવામાં ગુણકારી : કોદરીમાં કેલ્શિયમની માત્રા હોય છે. કેલ્શિયમ હાડકાંની મજબૂતાઈ માટે અત્યંત આવશ્યક છે. કોદરીના સેવનથી હાડકાંની મજબૂતાઈ વધે છે. નિયમિત સેવન કરવાથી સાંધાના દુખાવાની તકલીફથી બચી શકાય છે.

**ડાયાબિટીસમાં અત્યંત ગુણકારી :**

કોદરી ડાયાબિટીસના દર્દી માટે અત્યંત ગુણકારી ગણવામાં આવે છે. તેના નિયમિત સેવન દ્વારા લોહીમાં રહેલાં ગ્લુકોઝના સ્તરને ઘટાડવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ કોદરીમાં ડાયાબિટીસ વિરોધી કમ્પાઉન્ડ ક્વેરસેટિન, ફેરૂલિક એસિડ, વૈનિલિક એસિડ વગેરે સમાયેલાં હોય છે.

ગ્લૂટેન ફ્રી મિલેટસ્ : કોદોમાં ગ્લૂટેનની માત્રા હોતી નથી. જેમને ગ્લૂટેનની એલર્જી હોય તેમને માટે કોદરી ઉત્તમ આહારનો વિકલ્પ બની શકે છે. તેના સેવનથી શરીરને પૂરતાં પ્રમાણમાં પોષક ગુણો મળી રહે છે. અન્ય વ્યાધિથી શરીરને બચાવી શકાય છે.



### ધુસ્કા (ચીલા) બનાવવાની રીત

૧ કપ કોદરી, અડધો કપ ચણાની દાળ, પા કપ અડદની દાળ, ૨ મોટા ચમચા પૌઆ, ૨ મોટા ચમચા છીણેલું ગાજર, ૨ મોટી ચમચી ઝીણી સમારેલી કોબી, ૨ નંગ લીલા મરચાં, સ્વાદાનુસાર મીઠું, તળવા માટે તલનું તેલ, ૧ ચમચી ધાણાજીરું, ૧ ચમચી જીરું,૧ ચમચી હળદર, ૧ ચમચી મરચું પાઉડર, સજાવટ માટે કોથમીર.

બનાવવાની રીત : સૌ પ્રથમ કોદરી તથા દાળને અલગ અલગ પલાળી દેવાં. દાળને મિક્સરમાં ઝીણી વાટી લેવી. કોદરીની અંદર લીલું મરચું, મીઠું, જીરું ઉમેરીને વાટી લેવું. વાટેલી દાળ તથા કોદરીનું મિશ્રણ ભેગું કરી લેવું. તેમાં ઉપર જણાવેલાં મસાલા ભેળવવા. ગાજર તથા કોબી ભેળવવી. કોથમીર ભેળવવી. ત્યારબાદ મિશ્રણમાંથી નૉનસ્ટિક તવા ઉપર ચીલા કે પૂડા બનાવવા. ધીમા તાપે થવા દેવું. બન્ને બાજુ સોનેરી રંગનું થાય ત્યારબાદ તેને વટાણા-બટાકાના શાક કે ટોમેટો સૉસ સાથે ગરમાગરમ પીરસવું.

વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી : કોદોમાં ફાઈબરની માત્રા ભરપૂર સમાયેલી છે. વળી તેનો ગ્લાઈસેમિક લોડ ઘણો ઓછો છે. જેને કારણે શરીરમાં ગ્લુકોઝ એકત્રિત થતું અટકે છે. તેના સેવન બાદ પેટ લાંબો સમય સુધી ભરાયેલું રહે છે. જેને કારણે શરીરમાં અકારણ કૅલરી લેવાની આદત ઘટતી જાય છે, ધીમે ધીમે વજન નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

કૅન્સર કોશિકાને વધતી રોકવામાં ઉપયોગી : ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા કોદરીમાં સમાયેલી છે. વળી સંશોધન દ્વારા એવું જાણવા મળ્યું છે કે કોદરીથી ફ્રી રેડિકલ્સની સંખ્યાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ફ્રી રેડિકલ્સની સંખ્યા ઓછી હોય તો કૅન્સરની કોશિકા વધતી નથી. વળી પૉલીફેનોલ તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણ કોદરીમાં હોય છે. એવું કહેવાય છે કે પૉલિફિનોલ માનવ શરીરમાં પેદા થતાં બૅક્ટેરિયાની સામે લડે છે. જેથી શરીરનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. ઝારખંડની લોકપ્રિય વાનગી ધુસ્કા છે. જેમાં કોદરી, પૌઆ, દાળની સાથે અન્ય મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે. ધૂસ્કા વાનગીને બટાકા-વટાણાનું શાક સૉસ તથા ચટણી સાથે પીરસવામાં આવે છે.

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# માંસપેશીને તંદુરસ્ત રાખો

આજની અતિ વ્યસ્ત જિંદગીના કારણે અનિયમિત ખાનપાનને કારણે, તનાવના કારણે શરીરના સ્વાસ્થ્ય પર માઠી અસર જોવા મળે છે. વિવિધ દુખાવા શરીરમાં જણાય છે. એમાં પણ માંસપેશીના દુખાવા કે મસલ્સના દુખાવા આજ વધુ જણાય છે. તેના કારણે દૈનિક ક્રિયાઓમાં મુશ્કેલીઓ ભોગવવી પડે છે. ચાલવું, ઊઠવું, બેસવું, ફરવુંમાં ઘણી મુશ્કેલીઓ થાય છે. શરીરમાં અકડતા જણાય છે. ઘણીવાર આ દુખાવા અસહનીય બની જાય છે. વર્તમાન સમયમાં આ મુશ્કેલીઓ વધતી જાય છે. શરીરમાં મસલ્સના દુખાવાને કારણે માનસિક સ્વાસ્થ્ય પણ બાધિત થાય છે. કામકાજી યુવક-યુવતીઓ આ મુશ્કેલી વ્યસ્ત જીવન કારણે વધુ અનુભવે છે જેના કારણે તેમની કાર્યક્ષમતા પણ પ્રભાવિત થઈ છે.

માંસપેશી કે મસલ્સ સંકુચિત થાય છે. તેની આસપાસ સોજા આવવાના કારણે દુખાવા થાય છે. લોકો એવું માને છે કે આ દુખાવા વજન ઉપાડવાના કારણે, દોડવાના કારણે, વ્યાયામના કારણે, વધુ ઊભા રહેવાના કારણે થાય છે. પણ આ ભ્રામક છે. વધુ પડતા શારીરિક કામકાજને કારણે થોડો થાક લાગે છે. પણ મસલ્સના દુઃખાવા કે ખેંચાણ એ તો શરીરમાં એસિડનું પ્રમાણ વધવાથી થતી એસીડીટીના કારણે થાય છે. વધુ દોડવા, વજન ઉપાડવા કે દોડવાથી નહિ. કારણ જે માથાડી કામદારો છે જે સો કિલો જેટલું વજન માથા પર ઉપાડીને દોડે છે તેઓને મસલ્સના દુખાવા જણાતા નથી. આનો મતલબ એમ છે કે ખોટા આહારને કારણે શરીરમાં એસિડ પેદા થતાં એસીડીટીના કારણે અને અંગોના મસલ્સ પર સોજા આવવાના કારણે મસલ્સના દુખાવા થાય છે. કેમિકલ યુક્ત આહાર જે પચતા નથી તેના કારણે શરીરમાં એસિડની વૃદ્ધિ થાય છે. મસલ્સના દુખાવાનું કારણ બને છે. જેથી દોડતી વખતે કે વજન ઉપાડતી વખતે મસલ્સમાં દુખાવા થાય છે.

મસલ્સ કે માંસપેશીઓને મજબૂત બનાવવા કેમિકલ યુક્ત આહારનો ત્યાગ કરવો જરૂરી છે. સારા પ્રોટીનયુક્ત આહારની ગરજ છે. મસલ્સ પ્રોટીન બનેલા છે. મસલ્સના દુખાવા જલદી દૂર કરવા માટે યોગ્ય આકારની ગરજ છે. મેગ્નેશિયમ, કેલ્શિયમ, પોટેશ્યિમ યુક્ત આહાર જરૂરી છે. ચરબીના થરો પણ મસલ્સના દુખાવાનું કારણ છે.




**ચેરી**

એથોક્યનિસ નામનું એન્ટીઓક્સિડેન્ટ ધરાવે છે. જે મસલ્સની બળતરા પર કાબૂ મેળવે છે અને દુખાવામાં રાહત આપે છે. રોજની પચાસ ગ્રામ જેટલી ચેરી લઈ શકાય છે. ડ્રાયફ્રૂટવાળી ચેરીમાં અશ્વગંધા પાવડર નાખી ચટણી બનાવી લેવી.

**પમકીન સીડ (લાલ ભોપલાના બીજ)**

આજની યુવા પેઢી આ બીજથી ઘણી પરિચિત છે. પમકીન સીડમાં મોટા પ્રમાણમાં પોટેશ્યિમ મેગ્નેશ્યિમ અને પ્રોટીન તેમજ બીજા અન્ય મિનરલ્સ પણ છે જે દુખાવાથી થોડા દિવસોમાં સારા કરે છે. પ્રોટીનને મજબૂત કરે છે જેના કારણે વાળ, આંખના મસલ્સ પણ મજબૂત બને છે. વીસથી ત્રીસ ગ્રામ જેટલા પમકીન સીડનું દૂધ બનાવી લઈ શકાય છે. જે જલદી ફાયદો કરે છે. આનો પાવડર બનાવી રોટલીના લોટમાં નાખી શકાય છે. ચટણી પણ સ્વાદિષ્ટ બને છે. શેકવા કરતાં કાચા જલ્દી સારું પરિણામ આપે છે. બજારમાં મોટા પ્રમાણમાં મળે છે. ભોપલું ઘરે લાવી તેના બીજનો ઉપયોગ કરવો હિતાવહ છે. પમકીનનું શાક કે સુપ બનાવી ઉપયોગ કરવો. ભોપલાની છાલનું શાક સ્વાદિષ્ટ બને છે.





**તુલસી**

તુલસીના બીજ કે તુલસીનો ઉપયોગ કરીને દુખાવો દૂર કરી શકાય છે. વિકાર મટાડવાની ક્ષમતા છે. જે તેના પ્રાકૃતિક ગુણ છે.



**લાલ કેપ્સિકમ**

લાલ કેપ્સિકમમાં પ્રાકૃતિક કેપ્સિસિન ધરાવે છે જે માંસપેશીને પ્રોટીન આપે છે. આની ચટણી કે સલાડમાં ઉપયોગ કરી લઈ શકાય છે. અન્ય લાલ મરચા જેમાં તીખાશ ઓછી હોય તેનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ. સાઉથ ઈન્ડિયન વાનગીઓમાં જે તીખા ન હોય તેવા ઘણી જાતના લાલ મરચાનો ઉપયોગ થાય છે. દુખાવાથી રાહત માટે આનો ઉપયોગ થવો જોઈએ. લાલ મરચાનું એસેસિયલ તેલ પણ મળે છે તેને બીજા અન્ય તેલમાં મિક્સ કરી મસાજ કરી શકાય છે આ પ્રયોગ નિષ્ણાતની સલાહથી કરવો.

અન્ય ખાદ્ય-પદાર્થો ગોળ, મોલારકીસ, તાડ ગોળ, કાજુ, પાલક, તલ, અળસી, શક્કરીયા મસલ્સને મજબૂત કરવા માટે લેવા જોઈએ. લાલ-પીળી અને સૂકી ખારેક મસલ્સને મજબૂતી માટેનો રામબાણ ઈલાજ છે.

મસલ્સના દુખાવાના અન્ય કારણો ડાયાબિટીસ, આર્થરાઈટીસ, તાવ પછી, કોઈ જીવજંતુના કરડવાથી બરફનો શેક, બાજરાને પોટલીમાં ભરી ગરમ કરી શેક કરવો, માટીનો શેક, ઠંડા પાણીના પોતા, તલના તેલથી માલિશ, નિર્ગૃડીનું તેલથી માલિશ રામબાણ ઈલાજ છે. વ્યાયામના કારણે મસલ્સના દુખાવા રહેતા હોય તો વ્યાયામ થોડા દિવસ બંધ કરવો. ફક્ત ચાલવાની કસરત કરવી. વ્યાયામના દુખાવા ઠંડા પાણીના પોતાથી દૂર થઈ જાય છે. વધુ દુખાવામાં અનાજ બંધ કરી ફક્ત બે થી ત્રણ દિવસ સૂપ કે ફક્ત ફળનો આહાર કરવો. મસલ્સના દુખાવા નિયમિત રહેતા હોય તો કોઈપણ પ્રકારની મીઠાઈનું સેવન બંધ કરવું. વિભિન્ન પ્રકારના મસલ્સના દુખાવાને માયોપેથી જેવા પોલીમાયોસિટિસ અને ઈન્ફ્લૂજન બોલી માયોસિટિસ, લ્યૂપસ એરિથેમેટોસ નામથી પણ ઓળખાય છે. આવા પ્રકારનાં દર્દો કે દુખાવામાં એકાદ દિવસનો ઉપવાસ સારું પરિણામ આપે છે. જે રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે. ઉપવાસ કરવાથી માંસપેશીની ક્ષમતા વધી જતા તે હાડકાંને પોતાના સ્થાન પર સુરક્ષિત રાખે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સ્મૃતિ શાહ

# આંખને પજવતા ચેપ


ગયા સપ્તાહ આપણે ‘આત્માની બારી’ આંખ વિશે જાણ્યું. એની કઈ રીતે જાળવણી કરવી એ પણ જાણ્યું. હવે જાણીએ આંખના ચેપ અને એના લક્ષણો વિશે...

**આંખો આવવીઃ** આંખો આવવાના મુખ્ય ત્રણ કારણો અને તેનાં લક્ષણોઃ




**બેક્ટેરિયાનો ચેપ**

- ચેપી
- આંખોમાંથી ચીપડા, પરું નીકળવું.
- એક આંખમાંથી બીજી આંખમાં ચેપ ફેલાઈ શકે છે.



**વાઈરસનો ચેપ**

- ખૂબ જ ચેપી.
- આંખોમાંથી પાણી પડવું.
- એક આંખમાંથી બીજી આંખમાં ચેપ ફેલાઈ શકે છે.



**એલર્જી**

- ચેપી નથી.
- નાક બંધ થઈ જવું, છીંકો આવવી.
- આંખોનો નીચેનો ભાગ વધુ લાલ થવો.
- બંને આંખને અસર થવી.
- ધૂળ, માટી, શેમ્પુ, કેમિકલ વગેરેની એલર્જીના કારણે.

**આંખો આવવાના ત્રણે પ્રકારના સામાન્ય લક્ષણોઃ**
- આંખો લાલ થઈ જવી અને ખંજવાળ આવવી.
- આંખોથી ધૂંધળું-આછું દેખાવું.
- આંખોમાંથી પાણી આવવું અને આંખો દુઃખવી.
- તડકામાં કે અતિ પ્રકાશમાં આંખો અંજાઈ જવી.

**સાવધાની**

- ઉપર જણાવેલ કોઈપણ કારણોસર આંખો આવી હોય ત્યારે ૫ થી ૬ દિવસમાં આપોઆપ રાહત થઈ જાય છે. માટે તેને વધુ ગંભીર ન લેતા, ધીરજ રાખવી. તેમ છતાં વધુ દુઃખાવો થાય કે પસ નીકળે તો ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.
- આંખો આવી હોય ત્યારે કોન્ટેક્ટ લેન્સ ન પહેરવા.
- હાથ ધોયા વિના આંખના કોઈપણ ભાગને સ્પર્શ ન કરવો.
- દર્દીની સામે સીધી નજરે ન જોવું. તેનાથી ચેપ લાગી શકે છે.
- દર્દીએ આંખોમાંથી નીકળતા પાણી કે પરુને સાફ કરવા વાપરેલ કપડાંને ગરમ પાણીમાં ધોઈ, શક્ય હોય તો ઈસ્ત્રી કરીને વાપરવા. જેથી કપડાં દ્વારા અન્યને ચેપ ન ફેલાય. તે કપડાં શક્ય હોય ત્યાં સુધી અન્ય વ્યક્તિઓએ વાપરવા નહિ.
- શક્ય હોય તો આંખોને આરામ મળે તથા બીજાને ચેપ ન લાગે તે માટે ગોગલ્સ, સાદા ચશ્માં પહેરી રાખવા.
- ભારે પ્રકાશવાળા પદાર્થો તરફ કે સૂર્યગ્રહણ આંખો વડે જોવું નહીં.
- ૮-૧૦ કલાક સતત પુસ્તક વાંચન કરવું કે ટી.વી. અથવા કોમ્પ્યુટર પર કામ કરવું નુકસાનકારક છે.

**આંખો આવી હોય તેના ઉપચારોઃ**

૧. ત્રિફળાનો ઉકાળો કરી ગાળી તેનાં ટીપાં આંખમાં નાખવાં તથા ત્રિફળા ચૂર્ણ ૧ ચમચી મધ અને ઘીમાં લેવું.

૨. મોટી હરડે તથા ફટકડીનો ઝીણો પાવડર કરી શુદ્ધ પાણીમાં ટીપાં બનાવી નાખવાં.

૩. ગુલાબ જળના અથવા કોથમીરના રસના ટીપાં આંખમાં નાખવાં.

૪. સરગવાના પાનનો રસ મધમાં મેળવીને આંજવો.

૫. ૧ ચમચીનો ચોથો ભાગ મધ અને ચોથો ભાગ પાણી બંને ભેગું કરીને ૨-૨ ટીપાં સવાર-સાંજ આંખોમાં આંજવા.

૬. આંખો ઉપર હૂંફાળા અથવા ઠંડા પાણીનો શેક કરવો.

૭. આંખમાં દિવેલ આંજવું.

**આંજણી**

- આંજણીઃ પાંપણની બહાર કે અંદર લાલ ઉપસેલો નાના દાણા જેવો ભાગ, કે જે જોવામાં ખીલ કે ગૂમડાં જેવો લાગે. તે પરુથી ભરેલ હોય છે અને તે ઘણીવાર પોતાની રીતે અઠવાડિયામાં મટી જાય છે.

**આંજણીના ઉપચારોઃ**

૧. દિવસમાં ૨થી ૩ વાર કપડાંને હૂંફાળા પાણીમાં બોળી-નીચોવીને તેનો બંધ આંખ ઉપર ૫ મિનિટ શેક કરવો. શેક કર્યા બાદ આંજણી ઉપર દિવેલ લગાવવાથી ખૂબ જ રાહત મળે છે.

૨. જ્યાં આંજણી થઈ હોય ત્યાં કુંવારપાઠાનું લાબરું દિવસમાં ૪થી ૫ વાર, ૨૦-૨૦ મિનિટ સુધી લગાવી રાખવું.

૩. ૨થી ૩ ચમચી હળદરને પાણીમાં ૧૦ મિનિટ ઉકાળી, તેને ગાળીને તે પાણી દ્વારા આંજણી થયેલ આંખને ધોવી.

૪. ૧ ગ્લાસ ગરમ દૂધમાં હળદર નાખી સૂતાં પહેલાં પીવું.

૫. ૧ ચમચી આખા ધાણાને પાણીમાં ૧૦ મિનિટ ઉકાળી, તેને ગાળીને તે પાણી દ્વારા આંજણી થયેલ આંખને ધોવી.

૬. મરી અથવા એલચીના દાણાને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલદી પાકીને ફૂટી જાય છે.

૭. આંખમાં આંજણી થાય ત્યારે આંબાના લીલા પાનના રસનું ટીપું આંજણી પર લગાડવું.

૮. ચણોઠીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લગાડવી.

**આંખમાં બળતરા કે લાલાશ બળતરા કે લાલાશનાં કારણોઃ**
- કોમ્પ્યુટર સ્ક્રીન કે ટી.વી. સામે લાંબો સમય સુધી એકધારું જોઈ રહેવાથી.
- વધુ પડતા ઉજાગરા કરવાથી.
- લાંબા સમય સુધી સતત વાંચવાની આદત હોવાથી.
- વધુ પડતી ગરમીનું સેવન કરવાથી.
- શરીરમાં થાકનો અનુભવ થવાથી.
- ધૂળ, માટી, પરાગરજ, અત્તર, શેમ્પુ, કેમિકલ વગેરેની એલર્જી હોવાથી.
- વધુ મસાલેદાર કે ગરમ ખોરાક ખાવાની ટેવથી.

**બળતરા કે લાલાશના ઉપચારોઃ**

૧. ત્રિફળા ચૂર્ણને રાત્રે પાણીમાં પલાળીને સવારે ગાળીને તે પાણી આંખોમાં છાંટવાથી આંખોની બળતરા અને લાલાશ દૂર થાય છે.

૨. ગુલાબજળનાં ટીપાં આંખોમાં સવાર-સાંજ નાખવાં.

૩. આંબળાના પાણીથી આંખો ધોવી.

૪. આંખમાં ઘી આંજવાથી આંખની લાલાશ દૂર થાય છે.

૫. રોજ તાજું માખણ ખાવાથી અથવા આંખની અંદર અને બહાર લગાડવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.

૬. ધાણા, વરિયાળી અને સાકર સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું, આંખ લાલ રહેવી, આંખે અંધારા આવવા જેવાં દર્દો મટે છે.

૭. કાકડી કે બટાટાને ફ્રીજમાં અડધો કલાક મૂકીને તેની ચીર કરી આંખો ઉપર મૂકવાથી આંખોને ખૂબ જ ઠંડક થાય છે, અને આંખો ખેંચાતી બંધ થાય છે.

૮. ધાણાને પાણીમાં પલાળી રાખી સવારે મસળી તે પાણીને ગાળી તેનાથી આંખો ધોવી.

૯. દૂધીનું છીણ કરી, તેની નાની પોટલી કરી આંખો બંધ કરી તેના ઉપર વારંવાર મૂકવી.

૧૦. ૧ ચમચી ધાણાનું ચૂર્ણ અને ૧ ચમચી સાકર, ઘી સાથે સવાર-સાંજ લેવું. ■

# ગણેશ દર્શન

**ગણેશોત્સવમાં વિવિધ થીમ સાથેની સજાવટ સાથે ગણપતિ બાપ્પાની પધરામણી કરાઈ છે. 'મુંબઈ સમાચાર' દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા સરસ-સરસ મૂર્તિઓના દર્શનનો લાભ આપશે તેના વાચકોને.**



આજે અમે તમને અનોખા ગણપતી બાપ્પાનાં દર્શન કરાવીશું. આ બાપ્પા રંગોળી સ્વરૂપે લોકોને આશિષ આપી રહ્યા છે. મોહનકુમાર ડોડેયા અને ટીમે સાથે મળીને બાપ્પાની આ અનોખી રંગોળી બનાવી છે. આ રંગોળી રંગોથી નહીં, પરંતુ સાબુદાણાથી બનાવવામાં આવી છે. બાપ્પાને મહાદેવની પૂજા કરતા દેખાડવામાં આવ્યા છે. એના માટે લગભગ ૩૫ કિલો સાબુદાણાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એને બનાવવામાં એક મહિનાનો સમય લાગ્યો છે. આજે ૬૪ વર્ષથી તેઓ સતત અનોખી અને મનોરમ્ય રંગોળી બનાવીને લોકોને આકર્ષિત કરે છે. લોકોને આ રંગોળીના દર્શનનો લાભ બાવીસ સપ્ટેમ્બર સુધી મુલુંડમાં મળી શકશે.



શ્રી જય સંતોષી માતા મિત્ર મંડળ, નાગદેવી



સાતરસ્તામાં આવેલા બાળગોપાળ ગણેશ મિત્ર મંડળે એક એવી સ્થિતિનો ચિતાર રજૂ કર્યો છે, કલકત્તામાં ડૉક્ટર સાથે થયેલા બળાત્કાર બાદ હત્યા અને બદલાપુરમાં નાની બાળકીઓ સાથે થયેલા દુષ્કર્મની ઘટના પર પ્રકાશ પાડ્યો છે.



કૌશિક વિનોદભાઈ ભદ્રેશ્વરા, કાંદિવલી



શૌર્ય હિતેશ પારેખ, મુલુંડ



અજિત પુરુષોત્તમ ખત્રી અને
મિસિસ હર્ષા અજિત ખત્રી, મુલુંડ



નવનીત ચુડાસમા, દહિસર



રાજેશ પંડ્યા, દહિસર



નિધિ અને રિયા જીજ્ઞેશ દેઢિયા, મુલુંડ

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સૂર્ય વિનાયક મંદિર | જાપાન |
| શ્રી મહાવલ્લભ ગણપતિ મંદિર | ભારત |
| શ્રી કસ્બા ગણપતિ મંદિર | નેપાળ |
| અરુલમિગુ નવશક્તિ મંદિર | યુએસએ |
| માત્સુચિયામા શોદેન મંદિર | સેશલ્સ |

### ઓળખાણ પડી?

મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ દરમિયાન માવો, ઘી, ચણાનો લોટ અને દૂધના મિશ્રણથી બનાવવામાં આવતી આ સ્વાદિષ્ટ વાનગીની ઓળખાણ પડી?



અ) પાયસમ બ) સાટોરી ક) કરંજી ડ) ખરવસ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગિ | રિ | ૨ કં | ૩ દ | ૪ રા | | ૫ ઘ | ૬ ટા | ૭ મ | ૮ ય |
| ર | | ૯ ક | ર | વ | ૧૦ ત | | ૧૧ ઈ | લ | મ |
| ૧૨ ના | ગ | ણ | | | ૧૩ ક્રા | ન્તિ | | ક | |
| ર | | | ૧૪ સ | ૧૫ વા | ર | | ૧૬ કા | | ૧૭ સાં |
| | ૧૮ અ | ણ | મો | લ | | ૧૯ આ | ચ | ૨૦ મ | નિ |
| ૨૧ સ | મ | | ૨૨ વ | મ | ળ | | | ૨૩ મ | ધ્ય |
| ૨૪ મ | ન | | ડી | | | ૨૫ ખાં | ખ | ત | |
| ર્પિ | | ૨૬ બા | યું | | ૨૭ વ | ધ | | | ૨૮ ખા |
| ત | | વ | | ૨૯ વ | ત્સ | | ૩૦ વાં | જ | ણી |
| | ૩૧ આ | રા | ધ્ય | | ૩૨ લ | લ | ક | | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | ૧૨ | | | | |
| ૧૩ | | | ૧૪ | | | | | ૧૫ | |
| | | ૧૬ | | | ૧૭ | | ૧૮ | | |
| ૧૯ | | | ૨૦ | | | | | | ૨૧ |
| | | ૨૨ | | | ૨૩ | ૨૩-અ | | | |
| ૨૪ | ૨૪-અ | | | ૨૫ | | | | ૨૬ | |
| | | | ૨૭ | | | | ૨૮ | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧.ઊપજ (પેદાશ) આપે એવી (૪)
૩. ઘણું, સંખ્યામાં ખૂબ (૫)
૭. પોપડો, સ્તર (૨)
૮. સ્મિત સાથે (૩)
૯. મારા સપનામાં આવ્યા તા, તમારા... (૨)
૧૦. રેબઝેબ, તરબોળ (૪)
૧૨. નિષ્કર્ષ, નિર્ણય (૩)
૧૩. --- તેલ તળવામાં વપરાય (૨)
૧૪. દાબડી (૨)
૧૫. ખબર (૨)
૧૬. અમદાવાદીઓ મિત્રને કહે (૨)
૧૭. હલકી જાતનું (૪)
૧૯. સુધી (૨)
૨૦. રખવાળાં (૩)
૨૩. મેલોઘેલો, ગોબરો (૩)
૨૪. નાકનો એક રોગ (જો. છૂ) (૩)
૨૫. ઉપકાર, અહેસાન, પાડ (૩)
૨૬. દરેકને કૈંક --- જોઇએ (૨)
૨૭. ભારતની સમસ્યા --- વધારો (૩)
૨૯. શાબાશ, ધન્યવાદ, મુબારકબાદી (૫)
૩૦. એક તંતુવાદ્ય (૪)
૨૯. રાજ્યાભિષેક (૪)
૩૦. રાતે ગમે તે વખતે (૫)

**ઊભી ચાવી**

૧. ઊંધું ચત્તું, પરિવર્તન (૬)
૨. પ્રથમ, પહેલું (૪)
૩. સ્વશક્તિનું ભાન, દેશાભિમાન (૩)
૪. તેતરથી બનાવેલી વસ્તુઓ (૫)
૫. જંગલમાં માલધારીઓનું ગામ (૨)
૬. વાખરો, પંચાત, રસાલો, કારભાર (૪)
૧૧. બીક, આંચકો, ધબકારો (૪)
૧૫. આ મનપાંચમના મેળામાં સૌ--લઇને આવ્યા છે (૨)
૧૭. એક યોગિક ક્રિયા (૫)
૧૮. ના પાડવી તે (૩)
૨૧. સ્તુતિ, પ્રણામ (૫)
૨૨. બ્રહ્માનાં મુખ (૨)
૨૩-અ. માણસની મૂળભૂત જરૂરિયાત (૨)
૨૪-અ. સુગંધ (૩)
૨૫. બેઠક, ખુરશી, બેસવાની જગ્યા (૩)
૨૭. કૃષ્ણ પક્ષ (૨)
૨૮. ફૂલનો પવન માટે લોચન --- (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

ગણપતિ બાપ્પાને ધરાવવામાં આવતા લાડુ કયા નામથી ઓળખાય છે એ જણાવો. ચોખા અથવા ઘઉંના લોટ સાથે કોપરું અને ખાંડ કે ગોળ ઉમેરવામાં આવે છે.

અ) ડિંક લાડુ બ) પુરણ મોદક ક) ઉકડી મોદક ડ) કોહળા મોદક

### માતૃભાષાની મહેક

વ્યાસજીએ મહાભારત રચ્યું તે વેળા ગણેશને બ્રહ્મા પાસેથી લહિયા તરીકે માંગી લીધા હતા. વ્યાસ શ્લોક બોલતા જાય અને ગણેશ લખતા જાય એવી હકીકત પુરાણમાં છે. એ વિઘ્નહર કહેવાય છે. શિવજીએ કહ્યું હતું કે સર્વ દેવોમાં ગણેશ પહેલા પૂજાશે ને સર્વ શુભ કામમાં તેનું આરાધન થશે. એથી હરકોઈ શુભ પ્રસંગે પ્રથમ એમની સ્થાપના કરવામાં આવે છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ARENOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પાણી બ) વિસ્તાર ક) રેતી ડ) હવામાન

### ઈર્શાદ

ગણપતિ બાપ્પા મોરયા,
પુઢચ્યા વર્ષી લવકર યા!
- ગણેશ જયઘોષ

### સુડોકુ-૬૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૬ |
| | ૫ | ૬ | | | | ૯ | ૭ | |
| ૧ | | ૨ | | | | | ૩ | |
| | | ૧ | ૮ | ૨ | | | | |
| ૫ | ૯ | | ૩ | | ૧ | | ૮ | ૨ |
| | | | | ૪ | ૭ | ૧ | | |
| | ૮ | | | | | ૫ | | ૭ |
| | ૧ | ૫ | | | | ૪ | ૯ | |
| ૯ | | | | | | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૪ | ૯ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૪ | ૭ | ૮ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૩ | ૫ | ૮ | ૬ | ૨ | ૧ | ૪ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૧ | ૯ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૫ |
| ૫ | ૩ | ૭ | ૮ | ૯ | ૪ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૩ | ૭ | ૮ | ૪ | ૨ | ૫ | ૬ | ૯ | ૧ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૬ | ૮ | ૩ | ૪ | ૨ |

### માઈન્ડ ગેમ

વિશેષ કરીને ધાર્મિક પ્રસંગે વાપરવામાં આવતા આ પાત્રનું નામ આપેલા વિકલ્પમાંથી શોધી જણાવો. એનો ઉપયોગ વાતાવરણ પવિત્ર બનાવે છે.

અ) તાટ બ) જલકુંભ ક) આચમની ડ) ધૂપાટણે

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગણપતિ | વિનાયક |
| પાર્વતી | ઉમા |
| શંકર | નીલકંઠ |
| કાર્તિકેય | મુરુગન |
| સીતા | જાનકી |

માઈન્ડ ગેમ
દૂર્વા

ઓળખાણ પડી?
પુણે

ગુજરાત મોરી મોરી રે
મશરૂમ

ચતુર આપો જવાબ અર્થ જણાવો
વાયુ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુરેખા દેસાઈ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવનદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પામાની (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રસિક જુઠ્ઠાણી (ટોરોન્ટો - કેનેડા) (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) નિખીલ બેંગાલી (૧૯) અમિષી બેંગાલી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જયોતી ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિના સંપટ (૪૦) દેવેન્દ્ર સંપટ (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનીતા પટવા (૪૩) નિતિન બજારિયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) નુતન વિપિન (૫૦) મહેશ સંઘવી.

# ૧૪૦ કરોડ દેશવાસીઓને સરકાર પર ભરોસો છે: મોદીએ ગાંધીનગરમાં રી-ઈન્વેસ્ટ-૨૦૨૪નું ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં ૬૦ વર્ષ પછી જનતાએ કોઈ સરકારને સતત ત્રીજી વખત સત્તાનું સુકાન સોંપ્યું છે, એ જ દર્શાવે છે કે ૧૪૦ કરોડ દેશવાસીઓને સરકાર પર ભરોસો છે. કેન્દ્ર સરકારનાં છેલ્લાં ૧૦ વર્ષના સુશાસનમાં દેશના યુવાનો-મહિલાઓની આકાંક્ષાઓને જે પાંખો મળી છે, તેને નવી દિશાની ઉડાન માટે પ્રેરક બળ મળી રહેશે. દેશના ગરીબ, દલિત, શોષિત, પીડિત અને વંચિતોને ભરોસો છે કે તેમના ગરિમાપૂર્ણ જીવનનો પાયો બનશે એવું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે મહાત્મા મંદિર ખાતે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રી-ઇન્વેસ્ટ-૨૦૨૪ના પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે વડા પ્રધાન મોદીએ સૂર્ય ઊર્જાનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે, આગામી દિવસોમાં ગુજરાત ગ્રીન હાઇડ્રોજન હબ બને તે માટે ઊર્જા સંગ્રહ માટે રાજ્યમાં ૫૦ જગ્યાજ્યા નક્કી કરવામાં આવી છે.

વડા પ્રધાન મોદીએ ગ્રીન ફ્યુચર, 'નેટ ઝીરો' કોઈ ફેન્સી વર્ડ્ઝ નહીં, ભારતની જરૂરિયાત હોવાથી તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, તેમણે રિન્યૂએબલ એનર્જીક્ષેત્ર ઇન્વેસ્ટમેન્ટ અને ઇનોવેશન માટે ભારત શ્રેષ્ઠ સ્થળ બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો, તે ઉપરાંત તેમણે સોલાર, વિન્ડ, ન્યૂક્લિયર અને હાઇડ્રોપાવર પર આધારિત ભવિષ્ય નિર્માણનો સંકલ્પ દોહરાવ્યો હતો, ગ્રીન ટ્રાન્ઝિશનને જનઆંદોલન બનાવવાની સરકારની નેમ દર્શાવી હતી. ગુજરાતની ધરતી શ્વેતક્રાંતિ, મધુક્રાંતિ બાદ હવે સૌરક્રાંતિની પણ પ્રણેતા બની છે, વડા પ્રધાને જણાવ્યું હતું કે, પીએમ સૂર્યઘર યોજનાથી ૨૦ લાખથી વધુ રોજગારી ઊભી થશે, તથા ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યા દેશનું સૌ પ્રથમ સોલાર સિટી બનવા તૈયાર હોવાનું અને દેશનાં અન્ય ૧૭ શહેરોને સોલાર સિટી તરીકે વિકસાવાશે તેવી પણ તેમણે માહિતી આપી હતી.

સૌર ઊર્જાનું મહત્ત્વ સમજાવતા વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ૨૦૩૦ સુધી રિન્યુએબલ એનર્જી પાર પાડવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. પીએમ સૂર્ય ઘર વીજળી યોજનાનો અભ્યાસ કરવો જોઇએ. આ યોજના થકી ભારતનું દરેક ઘર પાવર પ્રોડ્યુસર બનવા જઇ રહ્યું છે. ૩ લાખથી વધુ ઘરમાં આ યોજના થકી સોલાર ઇન્સ્ટોલેશનનું કામ પૂરું થઇ ગયું છે. એક નાનકડો પરિવાર સરેરાશ ૨૫૦ યુનિટની વીજળીની ખપત કરે છે, જે હવે ૨૫ હજાર રૂપિયા બચત કરશે. ગ્રીન જોબની તકો ઘણી ઝડપથી વધશે, વેન્ડરોની જરૂર પડશે. આ યોજના થકી ૨૦ લાખ રોજગારીનું સર્જન થશે.

અમારું લક્ષ્ય ફક્ત ટોચે પહોંચવાનું નથી, પણ ગ્રીન પાવરના આધારે અમે ભવિષ્ય સુરક્ષિત રાખવા ઈચ્છીએ છીએ. જે વિકાસશીલ દેશો નથી કરી શક્યા, તે ભારતે કરી બતાવ્યું છે. રૂફ ટોપ સોલાર યોજનાથી દેશના તમામ ઘર પાવર પ્રોજેક્ટ બની જશે. અત્યાર સુધી સવા ત્રણ લાખ ઘરોમાં સોલાર ઈન્સ્ટોલેશન થઈ ગયું છે. આ યોજનાથી ૨૦ લાખ રોજગારીનું પણ સર્જન થશે.

મહાત્મા ગાંધીના જીવનના પાયામાં મિનિમમ કાર્બન ફૂટ પ્રિન્ટ હતું. આપણે પણ માનવજાતના ભવિષ્યની ચિંતા કરવાની છે અને આપણા એ જ સંસ્કાર છે. ભારત આગામી એક હજાર વર્ષનો આધાર તૈયાર કરી રહ્યું છે. ગુજરાતની ધરતી પર શ્વેત ક્રાંતિનો ઉદય થયો હતો. હવે ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે, જેણે ભારતમાં પહેલી સોલાર પોલિસી ઘડી.

મોદીએ વધુમાં કહ્યું હતું કે, એનર્જીના ફ્યુચર, ટેક્નોલોજી, પોલિસી પર ગંભીર ચર્ચા થશે. જે પણ વિચારીશું એ સમગ્ર માનવજાત માટે ઉપયોગી થશે.

દેશની જનતાએ સાત વર્ષ સુધી આ જ સરકાર પર વિશ્વાસ દેખાડ્યો, દેશના તમામ વર્ગોને અમારી સરકાર પર વિશ્વાસ છે. વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવવા દેશવાસીઓનો પ્રયાસ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા મંદિરમાં પ્રદર્શન નિહાળ્યું હતું અને ચરખો પણ ચલાવ્યો હતો. ત્યારબાદ ગુજરાતના મુખ્ય પ્રધાને શાલ ઓઢાડી તેમનું સ્વાગત કર્યું હતું. ગ્લોબલ રિ-ઇન્વેસ્ટ રિન્યુએબલ એનર્જી સમિટમાં હાજર તમામ લોકોનું સ્વાગત કરવા સાથે મોદીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વ ની સૌથી મોટી ત્રીજી ઇકોનોમી બનવા તરફ આગળ વધતું જઇ રહ્યું છે. ગ્રીન એનર્જી માટે અનેક નિર્ણયો લેવાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમિટમાં ૪૦થી વધુ સત્રો, ૫ પ્લેનરી ચર્ચાઓ અને ૧૧૫થી વધુ બીટુબી (બિઝનેસ ટુ બિઝનેસ) મીટિંગ્સ યોજાશે, જેમાં ૧૪૦ દેશોના ૨૫,૦૦૦ પ્રતિનિધિઓ, ૨૦૦થી વધુ વક્તાઓ ભાગ લેશે.

આ કાર્યક્રમના સહયોગી દેશો ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, જર્મની અને નોર્વે છે, જ્યારે સહયોગી રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. યુએસએ, યુકે, બેલ્જિયમ, યુરોપિયન યુનિયન, ઓમાન, યુએઈ, સિંગાપોર અને હોંગકોંગના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આ સમિટમાં હાજર રહેશે. આ ઉપરાંત, આ કાર્યક્રમ ભારત અને વિશ્વભરની અગ્રણી નાણાકીય સંસ્થાઓ, રોકાણકારો, સ્ટાર્ટઅપ્સ અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રની મહત્ત્વની વ્યક્તિઓને એકસાથે લાવશે. ■

# વડા પ્રધાન મોદીએ ગાંધીનગર-અમદાવાદ મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપી: મુસાફરી પણ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે છે. સોમવારે તેમણે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો ટ્રેનનું લોકાર્પણ કર્યું હતું. તે ઉપરાંત તેમણે મેટ્રો ટ્રેનમાં સેક્ટર-૧થી ગિફ્ટ સિટી સુધી મુસાફરી કરી હતી અને બાળકો સાથે સંવાદ પણ કર્યો હતો. આ મેટ્રો ટ્રેન અમદાવાદના વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર ૧ સુધી મેટ્રો દોડશે.

આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે.

મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્ત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. અમદાવાદના એપીએમસી (વાસણા)થી ગાંધીનગર સેક્ટર-૧ સુધીની ૩૩.૫ કિ.મીની મેટ્રો યાત્રા માત્ર ૬૫ મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર રૂ.૩૫ રહેશે. તેની સરખામણીએ, ટેક્સીથી આ મુસાફરીનો સમય ૮૦ મિનિટ જેટલો થાય છે જેનું ભાડું રૂ. ૪૧૫થી પણ વધારે થાય છે. ■

# ભુજ-અમદાવાદ વચ્ચે દોડનારી વંદે મેટ્રો ટ્રેનને વડા પ્રધાને લીલી ઝંડી આપી

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દેશની પહેલી વંદે મેટ્રો ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી, તે પહેલાં રેલવેએ આજે મોટો નિર્ણય લીધો હતો. વંદે મેટ્રોનું નામ બદલીને 'નમો ભારત રેપિડ રેલ' કરવામાં આવ્યું હતું. દેશની પહેલી નમો ભારત રેપિડ રેલ ભુજથી અમદાવાદની વચ્ચે દોડશે. આ પહેલાં આરઆરટીએસનું નામ રેપિડએક્સથી બદલીને નમો ભારત કરવામાં આવ્યું હતું. દેશની પહેલી નમો ભારત ટ્રેન દિલ્હીથી મેરઠની વચ્ચે ચાલશે. તેના અમુક સેક્શન શરૂ થઈ ચુક્યાં છે. વડા પ્રધાન મોદી આ સાથે છ વંદે ભારત ટ્રેનને પણ લીલી ઝંડી બતાવીને રવાના કરશે.

દેશની પહેલી નમો ભારત રેપિડ રેલ ભુજ અને અમદાવાદની વચ્ચે શરૂ થઈ હતી. આ ટ્રેનનું સંચાલન અઠવાડિયામાં છ દિવસ થશે. દર અઠવાડિયે રવિવારે ભુજથી તેની સેવા નહીં મળે, તેમ જ અમદાવાદથી તેની સેવા શનિવારે નહીં મળે. રસ્તામાં તે અંજાર, ગાંધીધામ, ભચાઉ, સમખિયાલી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા અને સાબરમતીમાં રોકાશે. આ ટ્રેન ભુજથી સવારે ૦૫:૦૫ વાગ્યે રવાના થશે અને સવારે ૧૦:૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. વાપસીમાં આ ટ્રેન અમદાવાદથી સાંજે ૦૫:૩૦ વાગ્યે ખૂલશે અને રાત્રે ૧૧:૧૦ વાગ્યે ભુજ પહોંચશે. વંદે મેટ્રો ટ્રેન પોતાની આ યાત્રામાં ૯ સ્ટેશનોએ રોકાશે. આ ટ્રેનનું રોકાણ દરેક સ્ટેશન પર આશરે ૨ મિનિટ સુધી રહેશે અને ૫ કલાક ૪૫ મિનિટમાં યાત્રા પૂરી કરશે. વંદે મેટ્રો ટ્રેનના ભાડાની યાદી પણ રજૂ કરવામાં આવી છે. તેમાં ઓછામાં ઓછું ભાડું ૨૮ રૂપિયા છે. તેના પર સુપરફાસ્ટ સરચાર્જ, રિઝર્વેશન ચાર્જ અને જીએસટી ચાર્જ ચૂકવવાનો રહેશે.

જો કોઈ વ્યકિત વંદે મેટ્રો ટ્રેનમાં ૫૦ કિમી સુધીની યાત્રા કરે છે, તો તેને તમારે ૬૦ રૂપિયા પ્લસ જીએસટી અને અન્ય એપ્લિકેશન ચાર્જ ચૂકવવાનો રહેશે. તેના ઉપર દર કિલોમીટર પર ૧.૨૦ રૂપિયાનું મૂળ ભાડુ વધતું રહેશે. તેને મુંબઈમાં ચાલતી એસી સબઅર્બનથી પણ સસ્તી બનાવવામાં આવી રહી છે. ■

# રાજ્યના ૧૧૭ જળાશય ૧૦૦ ટકા ભરાયા: કુલ ૮૬.૭૦ ટકા જળસંગ્રહ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અલનીનોના કારણે સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં મેઘરાજા મન મૂકી વરસતા તમામ જળાશયમાં પાણીની આવક થઈ છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૩૧,૫૮૩૬ મિલિયન ક્યૂબિક ફૂટ જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૯૪.૫૪ ટકા છે. આ ઉપરાંત તરફ રાજ્યના ૨૦૬ જળાશયમાં ૮૬.૭૦ ટકા જળસંગ્રહ થયો છે.

રાજ્યના ૧૧૭ જળાશય ચોમાસાની સિઝન દરમિયાન ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે. જ્યારે ૫૧ જળાશય ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૧૮ જળાશય ૫૦ ટકાથી ૭૦ ટકા, ૧૩ જળાશય ૨૫ ટકાથી ૫૦ ટકા ભરાયેલા છે. જ્યારે સાત જળાશયમાં હજુ પણ જળસ્તર ૨૫ ટકાથી ઓછું છે.

આમ ૧૪૯ જળાશય હાઈ એલર્ટ, ૧૧ જળાશય એલર્ટ અને ૮ જળાશય વોર્નિંગ હેઠળ છે.

ઉત્તર ગુજરાતના ૧૫માંથી બે, મધ્ય ગુજરાતના ૧૭માંથી નવ, દક્ષિણ ગુજરાતના ૧૩માંથી નવ, કચ્છના ૨૦માંથી ૧૪, સૌરાષ્ટ્રના ૧૪૧માંથી ૮૩ જળાશય ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. સરદાર સરોવરમાં એક મહિના અગાઉ ૮૮.૩૫ ટકા જળસંગ્રહ હતો. આ ઉપરાંત એક મહિના અગાઉ ૧૦૦ ટકા ભરાયેલા હોય તેવા જળાશયની સંખ્યા ૫૩ હતી. ■

# અંબાજી ખાતે યાત્રિકો માટે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા: ૨,૭૬,૨૬૧ ભાવિકોએ પ્રસાદ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમનો મેળો માણવા લાખો પદયાત્રિકો અને શ્રદ્ધાળુ માઇ ભક્તોનો અવિરત પ્રવાહ અંબાજીમાં ઊમટી રહ્યો છે, અંબાજીમાં દૂર દૂરથી પદયાત્રા કરીને આવતા લાખો માઇભક્તો માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ત્રણ જગ્યાએ વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવિક ભક્તો દિવાળી બા ગુરુભવન ધર્મશાળા, અંબિકા ભોજનાલય અને ગબ્બર તળેટી ખાતે ભોજન ગ્રહણ કરી શકે છે.

નિઃશુલ્ક ભોજનાલય પૈકી એક દિવાળી બા ગુરુભવન ધર્મશાળા ખાતે પાટણના સિદ્ધહેમ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં લગભગ ૩૦૦ જેટલા સભ્યો દ્વારા પદયાત્રીઓને નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. ૧૭ વર્ષથી કાર્યરત આ કેમ્પમાં દર રોજ શ્રદ્ધાળુઓને બપોરે બુંદી, ખમણ, શાક-રોટલી, દાળ-ભાતનું ભોજનપ્રસાદ પીરસવામાં આવે છે, જ્યારે સાંજે ભાખરી-શાક અને કઢી- ખીચડીનું ભોજન આપવામાં આવે છે.

દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સહિતના પર પ્રાંતિયો દ્વારા યાત્રાળુઓને એક લાખ પકોડી ભોજન પ્રસાદ રૂપે પીરસવામાં આવી હતી. સિદ્ધ હેમ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ કેમ્પમાં શ્રદ્ધાળુઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, મેડિકલ સેવાઓ, પીવાના શુદ્ધ પાણી, શૌચાલય જેવી સેવાઓ પણ આપવામાં આવે છે.

અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં પ્રથમ દિવસે ૨૭,૫૦૦, બીજા દિવસે ૬૫,૦૦૦ ત્રીજા દિવસે ૮૫,૨૪૦ અને ગઇકાલે રવિવારે ચોથા દિવસે ૯૮,૫૨૧ એમ કુલ ૨,૭૬,૨૬૧ યાત્રિકોએ નિઃશુલ્ક ભોજનપ્રસાદનો લાભ લીધો હતો. ■

# અંબાજીમાં ₹ ૧.૨૦ લાખની બનાવટી ચલણી નોટો સાથે શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠના અંબાજી ખાતે રૂ.૫૦૦ના દરની બનાવટી નોટો સાથે એક આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો.

કુલ રૂ.૧.૨૦ લાખની ૫૦૦ના દરની બનાવટી નોટો આરોપી કોઈને પધરાવે તે પહેલા જ તે ઝડપાઈ ગયો હતો. યુવક મેળામાં બનાવટી નોટો વટાવવા આવ્યો હતો. ભાભરનો આરોપી બુરેઠા ગામનો વતની ભરત પ્રજાપતિ ઝડપાઈ ગયો હતો.

એક તરફ અંબાજીમાં ભાદરવી સુદ પૂનમનો મેળો ચાલી રહ્યો છે અને બીજી તરફ મેળામાં બનાવટી નોટો સાથે આરોપી ઝડપાયો હતો.

અંબાજી પોલીસે આરોપીની ધરપકડ કરીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આરોપી કયાંથી આ નોટો લાવ્યો અને કોઈ કારખાનામાં આ નોટો છાપવામાં આવતી હતી કે નહીં તે અંગે પૂછપરછ હાથ ધરાઈ છે. આરોપી સાથે કોણ સંકળાયેલું છે તેની પોલીસે તપાસ હાથ ધરી છે.

ભાભરના બુરેઠા ગામનો ભરત પ્રજાપતિ પોતાના ઘરે જ કલરિંગ પ્રિન્ટીંગ મશીન લાવીને બનાવટી નોટો છાપતો હતો. આરોપીએ અન્ય કોઈ જગ્યાએ આ નોટો વટાવી છે કે નહીં તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડાએ આ તપાસ એલસીબીને સોંપી છે. આરોપી પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા છે. યુવાન પાસેથી ૫૦૦ની ૨૪૦ બનાવટી નોટો ઝડપાઈ હતી. નકલી નોટોની કુલ કિંમત ૧,૨૦,૦૦૦ થાય છે. ■

# વડોદરાના અકોટામાં મહિનામાં જ ૨૦ ભૂવા પડ્યા: કલેકટર કચેરીના રસ્તા પર વધુ એક ભૂવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતના અમદાવાદમાં નજીવા વરસાદ બાદ પણ રસ્તા પર મોટા ગાબડાં અને ભૂવા પડવાનો સિલસિલો શરૂ થઇ જતો હોય છે પરંતુ હવે વડોદરામાં પણ ખાસ કરીને અકોટા વિસ્તારમાં તાજેતરમાં વિશ્વામિત્રી નદીના પૂરના પાણી લાંબો સમય ભરાયેલા રહ્યાં બાદ રસ્તા પર ભૂવા પડવાનો સિલસિલો શરૂ થયો છે. અત્યાર સુધીમાં અકોટામાં ૨૦ થી વધુ ભૂવા પડી ચૂક્યાં છે. કલેક્ટર કચેરી જવાના રસ્તે જ મોટો ભૂવા પડતા બે દિવસથી ટ્રાફીક જામ થવાની સમસ્યા સર્જાઇ છે.

અકોટાથી કલેકટર કચેરી જવાના રોડ પર ૫ ફૂટ લાંબો અને ૧૨ ફૂટ ઊંડો છે.હાલ રોડને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. વડોદરામા વિકાસની ગતિએ આગળ તો વધી રહ્યું છે પરંતુ વડોદરા શહેરમાં ભૂવા પડવાની સમસ્યા યથાવત છે. જેના કારણે વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે, ભૂવાને કોર્ડન કરવાની કામગીરી કરાઈ છે,પરંતુ ભૂવાને રિપેર કરવાની કોઈ કામગીરી શરૂ કરાઈ નથી. આ ઉપરાંત કારેલીબાગ વુડા સર્કલ નજીક મસમોટો ભૂવો પડયો હતો. ૨૪ કલાક વાહનોથી ધમધમતા મુખ્ય માર્ગ પર પડેલા મસમોટા ભૂવાને કારણે વાહનચાલકો અને રાહદારીમાં પણ ભયનો માહોલ ઉભો થયો હતો.ભૂવાની નીચેથી પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો. આ સિવાય તંત્રના પાપે ઠેરઠેર ખાડાઓમાં પાણી ભરાઈ જતાં વાહન ચાલકો પછડાયા હતા. જેને લઈ લોકોમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળ્યો હતો. અધિકારી અને કન્ટ્રાક્ટરોની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરી હલકી ગુણવત્તાના બનાવેલ શહેરના વુડા સર્કલ પાસે સ્માર્ટ રોડ પર પણ ભૂવા પડી રહ્યાં હોવાનો આક્ષેપો થઇ રહ્યાં છે. ■

# રિન્યુએબલ એનર્જી ક્ષમતા ૧૦ વર્ષોમાં ૧૭૫ ટકાનો વધારો: પ્રલ્હાદ જોશી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતે તેના પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રના વિસ્તરણમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગ્રીડ-કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ્સ માટેના ટેરિફમાં ૭૬ ટકા ઘટાડો થયો છે સાથોસાથ આપણી સ્થાપિત રિન્યુએબલ એનર્જી ક્ષમતા વર્ષ- ૨૦૧૪માં ૭૫.૫૨ જીડબલ્યુથી વધીને આજે ૨૦૭.૭ જીડબલ્યુ થી વધુ થઈ ગઈ છે, જે ૧૦ વર્ષોમાં ૧૭૫ ટકાનો વધારો સૂચવે છે એવું કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા પ્રધાન પ્રલ્હાદ જોશીએ જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે રિ-ઇન્વેસ્ટ-૨૦૨૪ સમિટ ઍન્ડ એક્ષ્પોનો પ્રારંભ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, ભારતમાં કુલ રિન્યુએબલ એનર્જી જનરેશનમાં ૮૬ ટકાનો વધારો થયો છે, એટલે કે રિન્યુએબલ એનર્જી જનરેશન ૧૯૩.૫૦ બિલિયન યુનિટથી વધીને ૩૬૦ બિલિયન યુનિટ થયું છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સની શરૂઆત કરી છે તેમજ વર્ષ-૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ એનર્જી માટેના લક્ષ્યાંકને વર્ષ ૨૦૨૧-૨૨માં જ હાંસલ કરવામાં આવ્યો છે. વર્ષ - ૨૦૩૦ સુધીમાં વિવિધ ઉત્પાદકો દ્વારા ૫૭૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદિત કરવાનું આયોજન છે, ઉત્પાદકોએ સોલાર મોડ્યુલમાં ૩૪૦ ગીગાવોટ, સોલાર સેલમાં ૨૪૦ ગીગાવોટ, વિન્ડ ટર્બાઈનમાં ૨૨ ગીગાવોટ તેમજ ઇલેક્ટ્રોલાઈઝર્સમાં ૧૦ ગીગાવોટની વધારાની ક્ષમતા પ્રતિબદ્ધ કરી છે. ■

# ગુજરાત રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં લીડિંગ સ્ટેટ બન્યું: ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ:વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાત રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં લીડિંગ,સ્ટેટ બન્યું છે, એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રિ-ઇન્વેસ્ટ-૨૦૨૪ના પ્રારંભ ટાણે મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાને ગ્રીન ક્લીન એનર્જી - હરિત ઊર્જા માટે જે નિર્ધાર કર્યો છે તેને સાકાર કરવામાં ગુજરાત રીન્યુએબલ એનર્જી પોલિસી તથા ગ્રીન હાઈડ્રોજન પોલિસીસાથે ગ્રીન ફ્યુચર માટે પ્રતિબદ્ધ છે. ગુજરાતમાં દેશના પહેલા ક્લાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને ચારણકા સોલાર પાર્કની શરૂઆત નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનના પરિચાયક છે. રાજ્યમાં ઇન્સ્ટોલ્ડ એનર્જી કેપેસિટીમાં રિન્યુએબલ એનર્જીનો યોગદાન ૫૪ ટકા છે અને સોલાર રૂફટોપમાં ગુજરાત અગ્રેસર છે. ગ્રીન, સસ્ટેનેબલ અને ક્લીન ઉજવળ ભવિષ્યના નિર્માણ માટે રિન્યુએબલ એનર્જીનો વ્યાપ વધારવાના મંથન-ચિંતનની આ સમિટનું યજમાન બનવાની તક ગુજરાતને આપવા માટે મુખ્ય પ્રધાને વડા પ્રધાનનો અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ■

# મેટ્રો રેલ પ્રોજેક્ટ ૧૯ વર્ષ પછી પણ થોડા જ ફેઝમાં કેમ શરૂ થયો?: કૉંગ્રેસે કર્યો સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:૨૦૦૫ના જૂન મહિનામાં પ્રોજેક્ટ રૂ. ૪,૨૯૫ કરોડનો તૈયાર કરીને કૉંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્ર સરકારને આપવામાં આવ્યો હતો. કૉંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકારે કોઈપણ વિલંબ વગર તે જ વર્ષમાં માત્ર ગણતરીના અઠવાડિયામાં અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી હતી. આમ, સવાલ એ છે કે ૨૦૦૫માં મંજૂર થયેલો મેટ્રો રેલ પ્રોજેક્ટ ૧૯ વર્ષ પછી પણ માત્ર પસંદગીના થોડા જ ફેઝમાં કેમ શરૂથયો ? એવો સવાલ ઉઠાવીને કૉંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે, મેટ્રો રેલ પ્રોજેક્ટમાં થયેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારને લીધે રૂ. ૪,૨૯૫ કરોડનો આ પ્રોજેક્ટ આજે અનેકગણો ખર્ચાળ બન્યો છે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ૨૦૦૩માં ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ઝડપી મુસાફરી થઈ શકે તે માટે મેટ્રો રેલ પ્રોજેક્ટ તૈયાર થયો હતો. ગુજરાતને મેટ્રો રેલ પ્રોજેક્ટની મંજૂરી મળ્યાના કેટલાંય વર્ષો પછી રાજસ્થાનમાં જયપુરને મેટ્રો રેલ પ્રોજેક્ટની મંજૂરી મળી હતી. પરંતુ કૉંગ્રેસની અશોક ગેહલોતની સરકારે માત્ર ત્રણ વર્ષ અને આઠ મહિનામાં જયપુરમાં ફેઝ વન એ-ની મેટ્રો દોડતી કરી દીધી હતી અને ત્યારબાદ બીજા કામો પણ ગણતરીના સમયમાં જ પૂર્ણ કરી આપ્યા હતા. અને રાજસ્થાનના મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કોઈ ભ્રષ્ટાચાર થયો હોવા અંગે કેગનો રિપોર્ટ ન આવ્યો, જેની સામે ગુજરાતની મેટ્રો રેલ પ્રોજેક્ટની કફોડી સ્થિતિ કેમ? સંજય ગુપ્તાને મેટ્રો રેલ પ્રોજેક્ટના ચેરમેન બનાવ્યા બાદ તટસ્થ ઓડિટ કરતી સંસ્થા કેગ દ્વારા ઓડિટ થયું અને તેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર ઉજાગર થયો હતો. ટ્રકોથી માટી પુરાઈ છે એવા બિલો ઊધરેલા હતા ત્યાં કેગ દ્વારા ઉજાગર થયું કે જે નંબરો લખાયા હતા એ સ્કૂટર અને રિક્ષાના નંબરો હતા અને કોઈ માટી નંખાઈ જ નહોતી ત્યાંના કરોડો રૂપિયા ઊધરાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ સંજય ગુપ્તાને જેલમાં નાખવામાં આવ્યા અને કેટલાક વર્તુળોમાં મોટી ચર્ચા છે કે સંજય ગુપ્તાને બલિનો બકરો બનાવવામાં આવ્યા હતા અને જેલમાં જ તેઓને કોઈક રીતે ગંભીર રોગગ્રસ્ત કરી દેવામાં આવ્યા હતા અને તેથી લથડેલી તબિયતના કારણે જામીન મળ્યા બાદ તેઓનું મૃત્યુ થયું હતું. ■

# અંબાજીના ભાદરવી પૂનમના મેળાના પાંચમા દિવસે પદયાત્રીઓનું ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં સૌથી મોટા આધ્યાત્મિક ગણાતા અંબાજીના ભાદરવી પૂનમના મહામેળામાં શનિવાર અને રવિવાર એમ બે દિવસોએ લાખો શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા બાદ આજે પાંચમા દિવસે અંબાજી તેમજ અંબાજી તરફ જતા રસ્તાઓ પર પદયાત્રીઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું. અંબાજી બોલ મારી અંબે જય જય અંબે.. ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

લાખો માઇભક્તો પદયાત્રા કરીને માં અંબાના ધામ અંબાજી પહોંચી રહ્યા છે. તા. ૧૨ સપ્ટેમ્બરથી પ્રારંભ થયેલા આ પવિત્ર મહાપર્વનું આગામી તા. ૧૮ સપ્ટેમ્બર પૂનમના દિવસે સમાપન થશે. ઉલ્લેખનીય છે કે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા આ ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઇભક્તો દૂર દૂરથીમાંની ભક્તિ સાથે ચાલતા આવે છે

આ વર્ષે પણ લાખો શ્રદ્ધાળુઓ દૂર દૂરથી અંબાજી આવી રહ્યા છે. બારસથી યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. અંબાજી ભાદરવા મહામેળાની હવે શાનદાર જમાવટ થઇ રહી છે. રસ્તાઓ ઉપર યાત્રિકોની સંખ્યામાં સારો વધારો જોવા મળે છે.બનાસકાંઠા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ મેળામાં આવતા પદયાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ■

# રાજ્યમાં આઠ મહિનામાં ૪૫ હજાર અકસ્માત: અમદાવાદમાં સૌથી વધુ ૧૭,૭૭૫

અમદાવાદ: શહેર સહિત રાજ્યના પાંચ શહેરોમાં જાન્યુઆરીથી ઑગસ્ટ સુધીના ૮ મહિનામાં માર્ગ અકસ્માતના ૪૫ હજારથી વધુ કોલ ૧૦૮ને મળ્યા હતા, જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૭,૭૭૫ કોલ મળ્યા હતા. રાજ્યના મુખ્ય પાંચ શહેરમાં જાન્યુઆરીથી ઑગસ્ટ સુધીમાં માર્ગ અકસ્માતના કેસમાં ૧૭ હજાર કેસ સાથે અમદાવાદ મોખરે છે. તેમ જ ગત વર્ષ કરતાં આ વર્ષે ૭૦૦ કેસ વધુ નોંધાયા છે. ગત વર્ષે અમદાવાદમાં જાન્યુઆરીથી ઑગસ્ટમાં અકસ્માતના ૧૭,૦૫૬ કેસ નોંધાયા હતા. તેની સામે આ વર્ષે જાન્યુઆરીથી ઑગસ્ટમાં ૧૭,૭૭૫ કેસ નોંધાયા છે. વરસાદને કારણે રોડ તૂટી ગયા છે, જેના કારણે માર્ગ અકસ્માતના કેસમાં વધારો થયો છે. અમદાવાદ ૧૭,૭૭૫, સુરત ૧૧,૩૩૬, વડોદરા ૭,૩૧૨, રાજકોટ ૫,૫૦૭, ભાવનગરમાં ૩,૭૦૮ જેટલી અકસ્માતની ઘટનાઓ બની હતી. ■

# કોહલીએ ફટકાર્યો શોટ અને દીવાલમાં પડી ગયું બાકોરું!



ચેન્નઈ: ગુરુવાર, ૧૯મી સપ્ટેમ્બરે અહીં બાંગ્લાદેશ સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. એમાં પણ વિરાટ કોહલી લંડનમાં પત્ની અનુષ્કા અને બંને બાળકો, વામિકા તથા અકાય સાથે એક મહિનો વેકેશન માણ્યા બાદ પાછો આવ્યો છે એટલે પ્રેક્ટિસ સેશનમાં જોરદાર ફટકાબાજી કરી રહ્યો છે.

ભારતના ત્રણેય ફોર્મેટ માટેના ભૂતપૂર્વ કેપ્ટન વિરાટે રવિવારે નેટ સેશનમાં બોલર્સની ખબર લઈ નાખી હતી. તેના એક શોટમાં બોલ નજીકની દીવાલને લાગ્યો હતો જેમાં મોટું બાકોરું પડી ગયું હતું.

ટીમ ઇન્ડિયા હવે થોડા દિવસ રેડ બોલથી રમશે.


વિરાટ છેલ્લે જાન્યુઆરીમાં સાઉથ આફ્રિકામાં રેડ બોલથી રમ્યો હતો. ત્યાર બાદ ઇંગ્લેન્ડ સામેની સિરીઝમાં તે અંગત કારણસર નહોતો રમ્યો. હવે આ વર્ષ દરમિયાન ભારતીય ટીમની એકેય વન-ડે સિરીઝ નથી રમવાની અને વિરાટ ટી-૨૦માંથી રિટાયર થઇ ગયો હોવાથી થોડા મહિના ટેસ્ટ પર જ ધ્યાન કેન્દ્રિત કરશે.

રવિવારે હેડ-કોચ ગૌતમ ગંભીરની દેખરેખમાં નેટ સેશન યોજાયું હતું જેમાં તેમણે બેટર્સને બને એટલી તાકાતથી શોટ ફટકારવાનું કહ્યું હતું. વિરાટ આક્રમક મૂડમાં બેટિંગ કરતો જોવા મળ્યો હતો. તેના એક શોટમાં નજીકની ડ્રેસિંગ રૂમની દીવાલ પર બોલ વાગતાં એમાં મોટું બાકોરું પડી ગયું હતું.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની સતત ત્રીજી ફાઇનલમાં પહોંચવાનો ભારતને સારો મોકો છે.

ફાઈનલમાં સ્થાન નક્કી કરવા ભારતે હવે સાડાત્રણ મહિનામાં ૧૦ ટેસ્ટ રમવાની છે અને એમાં વિરાટ કોહલીના પર્ફોર્મન્સ પર ટીમ ઇન્ડિયા ઘણો મદાર રાખશે. ■

# ગૌતમ ગંભીરે જ્યારે ગુસ્સામાં ટ્રક પર ચડીને ડ્રાઈવરનો કોલર ખેંચી લીધો!




નવી દિલ્હી: ૨૦૦૩-૨૦૧૬ દરમ્યાન આક્રમક મૂડમાં અનેક ઈનિંગ્સ રમીને ભારતને યાદગાર વિજય અપાવનાર ટીમ ઇન્ડિયાના વર્તમાન હેડ-કોચ ગૌતમ ગંભીર ગુસ્સે થાય તો પોતાને જે સાચું લાગે એ કરીને જ રહે એ માટે જાણીતા છે. થોડા વર્ષ પહેલાં તેમણે ઑફ ધ ફીલ્ડ એક બનાવમાં એક ટ્રક પર ચડીને ડ્રાઇવરનો કોલર ખેંચી લીધો હતો અને તેને કડક શબ્દોમાં ચેતવ્યો હતો.

ભારતના ભૂતપૂર્વ ઓપનિંગ બેટર આકાશ ચોપડાએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં એ ઘટનાની વાત કરી હતી. રણજી ટ્રોફીમાં દિલ્હી વતી રમતી વખતે ઓપનિંગ સ્લોટ માટે એક સમયે ગંભીર અને આકાશ વચ્ચે હરીફાઈ થતી હતી. જોકે બંને વચ્ચે મિત્રતા પણ રહી છે. કોમેન્ટેટર આકાશે મુલાકાતમાં ગંભીરના ક્રોધાવેશની એક ઘટના યાદ કરતાં કહ્યું કે બધા જાણે છે કે 'ગૌતમ પોતાને ખરું લાગે એ કહીને જ અને કરીને જ રહે છે. એક દિવસ તેણે દિલ્હીમાં એક ટ્રક ડ્રાઇવર સાથે પંગો લીધો હતો.'

ગૌતમ ગંભીરને મિત્રો 'ગોટી' કહીને બોલાવે છે. આકાશ ચોપડાએ એ ઘટનાની વાત આગળ વધારતાં કહ્યું કે ટ્રક ડ્રાઇવર ખોટો વળાંક લઈને અમારી કારની સામે આવી ગયો અને અમારી સામે જોઈને ગાળમગાળ કરવા લાગ્યો હતો. ગૌતમનો પિત્તો ગયો. 'ગુસ્સામાં ગૌતમ કારમાંથી ઊતર્યો. મેં તેને કહ્યું કે 'અરે, ગોટી આ શું કરે છે? એ ભાઈસાહેબ તો સીધો ટ્રક પર ચડી ગયો અને ટ્રક ડ્રાઇવરનો કોલર જ પકડીને તેને ચેતવી દીધો કે બીજી વાર આવું ક્યારેય નહીં કરતો, સમજ્યો.'

'આકાશે પોડકાસ્ટમાં કહ્યું કે બધાને ખબર છે કે ગૌતમ આવા આક્રમક મિજાજ માટે જાણીતો છે.'

ભૂતકાળમાં ગૌતમ અને બીજો આક્રમક ક્રિકેટર વિરાટ કોહલી મેદાન પર સામસામે આવી ગયેલા જોવા મળ્યા હતા. જોકે થોડા સમય પહેલાં જ બંને વચ્ચે મિત્રતા થઈ ગઈ અને એ વિશે સોશિયલ મીડિયામાં ક્રિકેટચાહકોએ આનંદ વ્યક્ત કર્યો હતો. ગૌત્તમ હવે ટીમ ઇન્ડિયાના હેડ-કોચ છે અને વિરાટ કોહલી ટીમનો સિનિયર ખેલાડી છે. ■

## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૯૯૪-ડી)

**૧૪. નોકરી ખાલી છે**

**અંધેરીમાં**

**રસોઈ, ઘરકામ અને અપંગ માસીની સારસંભાળ માટે ગુજરાતી, વૈષ્ણવ, બ્રાહ્મણ, જૈન બહેનની જરૂર છે. 8971972599. (એસડીબી-૨૧૫૦)**

**૧૭. જગ્યા આપવી છે**

■ રાજકોટમાં સારી રેન્ટલ 5/6% ઈન્કમ આપતી પ્રોપર્ટી વેચવાની છે રાજકોટમાં કોઈપણ પ્રકારની પ્રોપર્ટી લેવા/વેચવા મલો. 96646 33574. (બી-૧૪૮૩૬)

**અંધેરી**

**વેસ્ટમાં ઈરલા બ્રિજ દેરાસર નજીક 1 BHK લીઝથી/ ઈસ્ટમાં 435' (1.25 CR) આંબાવાડીમાં/ 547' 2 BHK (1.80 CR) અમરતરૂમાં/ 700' (2.60 CR) વિશાલમાં સ્ટેશન નજીક લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૧૬૬)**

**૨૫. શૈક્ષણીક**

**સંગીત શીખો**

હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779 ગદાધર. (બી-૧૪૮૮૮)

**૨૯. મશીનરી**

**PET PREFORM MOULDING SYSTEM. (1) Ferromatik Milacron make - Injection Moulding Machine - 200T, (2) Conair Dehumidifier - W-300, 1000 Lit. BIN, 700 kg Pet with 02 Auto Loaders, (3) Conair Water Chiller - 5.67 TR, 350 LPM, Water Cooled, (4) Branded 5HP Air Compressor, (5) Akshat Make Cooling Tower - 40TR with Pump, (6) Steelmades Make Pet Preform Mould, 48 CAV. For Details Call:- 93239 07774 / Email: steelmades@gmail.com (14977-C)**

**વેચાણ માટે ફ્લેટ ઉપલબ્ધ**

**વિલે પાર્લે - પશ્ચિમ, JVPD / જુહુ**

• 2, 3, 4 BHK • રેડી પઝેશન
• અંડર કન્સ્ટ્રકશન

**ફક્ત ખરીદદારો જ સંપર્ક કરે.**

**ફક્ત શાકાહારી ગ્રાહકો માટે.**

**દલાલો અને સલાહકારોએ સંપર્ક કરવો જ નહીં.**

Email : ashwinagile@gmail.com

(બી-૧૪૮૮૯)

**JUHU SCHEME / VILE PARLE**

West. To Buy and Sell 2, 3, 4 Bedroom Flats. Contact: B Vijay Associates 9930304515. (B-14857)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**૨૦. ધંધાદારી જગ્યા**

**COMMERCIAL PROPERTY FOR SALE**

Commercial Property for Sale
100 Sft to 1500 Sft area.
At 30, Popatwadi, Kalbadevi Road, Mumbai 400 002.
Please Contact :
MR. CHIRAG KAPADIA
022 - 6149 0200
chirag@ashtechindia.net
Cell : +91 98201 11610

(B-14890)

**૩૩. ધંધાદારી**

**દિવાળી ઓફર**

પ્રીતી સાબુ: સફાઈના ઉત્કૃષ્ટ ઉત્પાદનોની ખરીદી કરી ફ્રી ગીફ્ટ ઘેર બેઠા મેળવો. 022 23054000. (બી-૧૪૮૮૬)

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૪૮૮૭)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**

**લવ મેરેજ, પતિ દુ:ખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/02228898500. (૧૪૯૬૮-એ)**

■ મહારાજા જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ) તાત્કાલિક ચોક્કસ રીઝલ્ટ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ, ઘરકંકાશ, સૌતન-શત્રુ, તૂટેલા સંબંધ, ફેક્ટરી-ધંધો. 9998705190. (બી-૧૪૮૮૪)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સાક્ષી મલિક, અમન સહરાવત અને ગીતા ફોગાટે કુસ્તી ચેમ્પિયન્સ સુપર લીગની કરી જાહેરાત



નવી દિલ્હી: ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિક અને અમન સહરાવતે ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ વિજેતા ગીતા ફોગાટ સાથે સોમવારે રેસલિંગ ચેમ્પિયન્સ સુપર લીગ શરૂ કરવાની જાહેરાત કરી હતી. જો કે, દેશના ઊભરતા કુસ્તીબાજો માટે આયોજીત થનારી આ લીગને હજુ સુધી નેશનલ ફેડરેશનનું સમર્થન મળ્યું નથી.

સાક્ષીએ બજરંગ પૂનિયા અને વિનેશ ફોગાટ સાથે મળીને રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના ભૂતપૂર્વ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે કુસ્તીબાજોના વિરોધનું નેતૃત્વ કર્યું હતું. બ્રિજભૂષણ પર મહિલા રેસલર્સનું યૌન ઉત્પીડન કરવાનો આરોપ છે.

આવતા મહિને હરિયાણા વિધાનસભાની ચૂંટણી પહેલા બજરંગ અને વિનેશ કોંગ્રેસમાં જોડાયા પછી સાક્ષીએ પોતાને તેમનાથી દૂર કર્યા હતા. સાક્ષીએ ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં ૫૮ કિગ્રા. વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણે ગીતા સાથે આ લીગની જાહેરાત સોશિયલ મીડિયા પર કરી હતી. ગીતા ૨૦૧૨ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૫૫ કિગ્રા. વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ વિજેતા છે. બંનેએ જણાવ્યું કે પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા અમન પણ આ લીગમાં તેમની સાથે છે. જો કે, તેણે આ લીગ સાથે અમન જોડાશે કે નહીં તેને લઇને કોઇ વિગતવાર માહિતી આપી ન હતી.

ગીતાએ આશા વ્યક્ત કરી કે તેને આ લીગ માટે ફેડરેશન અને સરકાર તરફથી સમર્થન મળશે. ગીતાએ પીટીઆઈને કહ્યું હતું કે , સાક્ષી અને હું લાંબા સમયથી આ લીગનું આયોજન કરી રહ્યા છીએ. તે ટૂંક સમયમાં તેનું અંતિમ સ્વરૂપ લેશે. અમે હજુ સુધી ડબલ્યૂએફઆઇ સાથે વાત કરી નથી પરંતુ ફેડરેશન અને સરકાર અમને ટેકો આપે તો સારું રહેશે. આ પહેલી લીગ હશે જે ફક્ત ખેલાડીઓ દ્વારા જ ચલાવવામાં આવશે. ■

# ઓગસ્ટ મહિનામાં રહ્યો શ્રીલંકન ખેલાડીઓનો દબદબો

## જીત્યો આઈસીસીનો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવૉર્ડ

દુબઈ: શ્રીલંકાના પુરુષ ક્રિકેટર દુનિથ વેલાલાગે અને મહિલા ક્રિકેટર હર્ષિતા સમરવિક્રમાને સોમવારે ઑગસ્ટ ૨૦૨૪ માટે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ના બેસ્ટ પ્લેયર ઓફ ધ મંથ ખેલાડીઓ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. વેલાલાગે ભારત સામેની વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું જ્યારે હર્ષિતાએ આયરલેન્ડના પ્રવાસમાં સારો દેખાવ કર્યો હતો.

આ પહેલા મહિનામાં માત્ર એક જ દેશના પુરુષ અને મહિલા ખેલાડીઓને બેસ્ટ પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ મળ્યો છે. આ વર્ષે જૂનમાં ભારતના જસપ્રીત બુમરાહ અને સ્મૃતિ મંધાનાને મહિનાના શ્રેષ્ઠ ખેલાડીઓ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

વેલાલાગે દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજ અને વેસ્ટ ઈન્ડિઝના ઝડપી બોલર જેડન સીલ્સને હરાવીને એવોર્ડ જીત્યો હતો. ભારત સામે શ્રીલંકાની ૨-૦ની શ્રેણી જીત દરમિયાન વેલાલાગેને પ્લેયર ઓફ ધ સીરિઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ૩૧ વર્ષીય વેલાલાગેએ અણનમ ૬૭, ૩૯ અને બે રનની ઇનિંગ્સ રમવા ઉપરાંત શ્રેણીમાં કુલ સાત વિકેટ પણ લીધી હતી, જેમાં ત્રીજી મેચમાં ૨૭ રનમાં પાંચ વિકેટ પણ સામેલ હતી.

આ પાંચમી વખત છે જ્યારે શ્રીલંકાના પુરુષ ક્રિકેટને આ એવોર્ડ મળ્યો છે. અગાઉ એન્જેલો મેથ્યુસ (મે ૨૦૨૨), પ્રબથ જયસૂર્યા (જુલાઈ ૨૦૨૨), વાનિન્દુ હસરંગા (જૂન ૨૦૨૩) અને કામિન્દુ મેન્ડિસ (માર્ચ ૨૦૨૪) આ એવોર્ડ જીતી ચૂક્યા છે.

વેલાલાગે કહ્યું કે આ એવોર્ડ ખૂબ જ પ્રોત્સાહક છે. તેણે કહ્યું, ''આ મારા માટે ખૂબ જ સારા સમાચાર છે અને તે મને ખૂબ જ સંતોષ આપે છે કારણ કે આ સન્માન મને એક ખેલાડી તરીકે મારા સારા કામને ચાલુ રાખવા અને મેદાન પર શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે મારી ટીમને યોગદાન આપવા માટે વધુ શક્તિ આપશે. બીજી તરફ મહિલા પુરસ્કારની રેસમાં હર્ષિતાએ ઓર્લા પ્રેંડરગાસ્ટ અને ગેબી લુઈસની આયરિશ જોડીને પરાજય આપ્યો હતો. આયરલે પ્રવાસ દરમિયાન હર્ષિતા વન-ડે ઈન્ટરનેશનલમાં સદી ફટકારનારી માત્ર ત્રીજી શ્રીલંકન મહિલા ક્રિકેટર બની હતી.

૨૬ વર્ષીય ડાબોડી બેટ્સમેન હર્ષિતાએ બે ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચોમાં ૧૬૯.૬૬ના સ્ટ્રાઈક રેટથી કુલ ૧૫૧ રન કર્યા હતા. જેમાં પ્રથમ મેચમાં ૪૫ બોલમાં અણનમ ૮૬ રનની મેચવિનિંગ ઈનિંગ પણ સામેલ હતી. તેણે ત્રણ વન-ડેમાં ૮૨.૬૯ના સ્ટ્રાઈક રેટથી ૧૭૨ રન કર્યા હતા. જેમાં બીજી મેચમાં ૧૦૫ રનની ઈનિંગ સામેલ છે. હર્ષિતા માત્ર બીજી શ્રીલંકન ક્રિકેટર છે જેને આઇસીસી વુમન્સ પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ કરવામાં આવી છે. શ્રીલંકાના કેપ્ટન ચમરી અટાપટ્ટુએ આ વર્ષે મે અને જુલાઈમાં બે વખત આ ખિતાબ જીત્યો છે. ■

## કેએસસીએ ઈન્વિટેશન ટૂર્નામેન્ટમાં

# અર્જુન તેંડુલકરે નવ વિકેટ ઝડપી

અલુર (કર્ણાટક): ભારતના ભૂતપૂર્વ મહાન બેટ્સમેન સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરે ડો. (કેપ્ટન) કે થિમપ્પૈયા મેમોરિયલ ટુર્નામેન્ટમાં યજમાન કર્ણાટક સામે નવ વિકેટ ઝડપીને તરખાટ મચાવી દીધો છે. અર્જુનની શાનદાર બોલિંગની મદદથી ગોવાએ એક ઇનિંગ અને ૧૮૯ રનથી જીત મેળવી હતી. ડોમેસ્ટિક સીઝન પહેલા આયોજિત આ ઈવેન્ટને કેએસસીએ (કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન) ઈન્વિટેશન ટુર્નામેન્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

નિકિન જોશ અને વિકેટકીપર શરત શ્રીનિવાસ સિવાય કેએસસીએ ઇલેવન ટીમના તમામ ખેલાડીઓ અંડર ૧૯ અને અંડર ૨૩ ટીમના હતા. મહાન બેટ્સમેન સચિન તેંડુલકરના પુત્ર અર્જુને આ મેચની બંને ઇનિંગ્સમાં ૨૬.૩ ઓવર નાંખી અને ૮૭ રન આપીને નવ વિકેટ ઝડપી હતી.

અર્જુને પ્રથમ દાવમાં ૧૩ ઓવરમાં ૪૧ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જેના કારણે કર્ણાટકની ટીમ માત્ર ૧૦૩ રનમાં સમેટાઈ ગઈ હતી. ગોવા સીએ ઇલેવને અભિનવ તેજરાણાની ૧૦૯ રનની ઇનિંગના આધારે ૪૧૩ રન કર્યા હતા. કેએસસીએનો બીજો દાવ ૩૦.૪ ઓવરમાં ૧૨૧ રનમાં સમેટાઈ ગયો હતો. દરમિયાન અર્જુને ૧૩.૩ ઓવરમાં ૪૬ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ■

# યુનીસ ખાને બાબરને કહ્યું, 'તું વિરાટની કરીઅર પરથી કંઈક શીખ'

## ભૂતપૂર્વ કૅપ્ટને બાબર સહિત સમગ્ર પાકિસ્તાન ટીમને વખોડતાં કહ્યું, 'ખેલતેં કમ, બોલતે ઝયાદા હૈ'



કરાચી: પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન યુનીસ ખાનનું એવું માનવું છે કે મર્યાદિત ઓવર્સની મૅચો માટેનો કૅપ્ટન બાબર આઝમ તથા ટીમના અન્ય કેટલાક ખેલાડીઓ બહુ સારું નથી રમતા, પણ બહુ બોલ્યા કરતા હોય છે.'

પાકિસ્તાન ૨૦૦૯માં યુનીસ ખાનની કૅપ્ટન્સીમાં ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બન્યું હતું. તેણે મેન ઇન ગ્રીનને અને ખાસ કરીને વ્હાઇટ-બૉલ કૅપ્ટન બાબર આઝમ માટે સલાહ આપી છે કે 'તેણે ક્રિકેટ પર વધુ એકાગ્રતા રાખવી જોઈએ અને પર્ફોર્મન્સ કેવી રીતે સુધરે એના પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

૨૯ વર્ષનો રાઇટ-હૅન્ડ બૅટર બાબર થોડા મહિનાઓથી સારું નથી રમી શક્તો. છેલ્લી ૧૬ ટેસ્ટ ઇનિંગ્સમાં તેની એક પણ હાફ સેન્ચુરી નથી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં અને ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેની નબળી બૅટિંગ અને કૅપ્ટન્સી વિશે ખૂબ ટીકા થઈ હતી.

યુનીસ ખાનનું કહેવું છે કે 'બાબર અને ટીમના કેટલાક ખેલાડીઓ બહુ બોલ્યા કરે છે, પણ સારું રમતા નથી. ખાસ કરીને બાબર વિશે કહું તો તેણે વિરાટ કોહલી પરથી કંઈક શીખવું જોઈએ. કોહલી કૅપ્ટન્સી છોડ્યા પછી પણ સારું રમી રહ્યો છે. જો બાબર અને ટોચના અન્ય ખેલાડીઓ સારું રમે તો સારા પરિણામો આપોઆપ લોકોની સામે આવી જાય. હમારે પ્લેયર્સ ખેલતેં કમ, બોલતે ઝયાદા હૈ.' યુનીસ ખાને એવું પણ કહ્યું કે 'વિરાટ કોહલીની જ વાત કરીએ. તેણે પોતાની શરતે કૅપ્ટન્સી છોડી અને હવે તે રેકૉર્ડ્સ તોડી રહ્યો છે. આ બતાવે છે કે દેશ વતી સારું રમવાની બાબતને અગ્રતા આપવી જોઈએ. ત્યાર પછી જો કંઈ ઊર્જા બચી હોય તો અંગત હેતુ સિદ્ધ કરવા રમો, પણ એ પહેલાં તો દેશ માટે જ રમવું જોઈએ.' યુનીસે એવું પણ કહ્યું કે 'બાબર આઝમ ટીમનો બેસ્ટ પ્લેયર હોવાને કારણે જ તેને કૅપ્ટન બનાવાયો હતો. હું એ મીટિંગમાં હાજર હતો. બાબરે ફિટનેસ પર તેમ જ પોતાના કાર્યને લગતી નૈતિકતા પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.' ■

# ચેસ ઓલિમ્પિયાડમાં ભારતીય પુરુષ ટીમે અઝરબૈજાનને અને મહિલા ટીમે કઝાકિસ્તાનને આપી હાર

બુડાપેસ્ટ: શાનદાર ફોર્મમાં ચાલી રહેલા વર્લ્ડ ચેમ્પિયનશિપ ચેલેન્જર્સ ડી ગુકેશ અને અર્જુન એરિગેસીના શાનદાર પ્રદર્શનના આધારે ભારતીય પુરુષ ટીમે ૪૫માં ચેસ ઓલિમ્પિયાડના પાંચમા રાઉન્ડમાં અઝરબૈજાનને ૩-૧થી હરાવ્યું હતું. ગુકેશે અઇદિન સુલેમાનીને અને અર્જુને રઉફ મામેદોવને હરાવ્યો જ્યારે વિદિત ગુજરાતી અને શખરિયાર મામેદ્યારોવની મેચ ડ્રો રહી હતી. પ્રજ્ઞાનાનંદા પણ ડ્રો રમ્યો હતો.

સતત પાંચમી જીત બાદ ભારતીય પુરુષ ટીમ દસ પોઈન્ટ સાથે વિયેતનામ સાથે ટોચ પર છે અને વિયેતનામે પોલેન્ડને ૨.૫. ૧.૫ પોઈન્ટથી હરાવ્યું છે. ચીને સ્પેનને અને હંગેરીએ યુક્રેનને ૨.૫, ૧.૫થી હરાવ્યું હતું.

નોર્વે અને ઈરાન નવ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. ટુર્નામેન્ટના છ રાઉન્ડ રમવાના બાકી છે જ્યારે નોર્વેએ તુર્કીને ૩.૧ હરાવ્યું હતું જ્યારે ઇરાને કેનેડાને ૩.૫, ૦.૫થી હરાવ્યું હતું. મહિલા કેટેગરીમાં ગ્રાન્ડમાસ્ટર ડી હરિકાને બિબિસારા અસાઉબાયેવા વિરુદ્ધ અણધારી હારનો સામનો કરવો પડ્યો હતો. વંતિકા અગ્રવાલે અલુઆ નુર્મનને હરાવ્યું જ્યારે દિવ્યા દેશમુખે ઝેનિયા બાલાબાયેવા સાથે ડ્રો કર્યો હતો. આર વૈશાલીએ એમ કમાલિદેનોવાને હાર આપી હતી. મહિલા ટીમ આર્મેનિયા અને મંગોલિયા સાથે ૧૦ પોઇન્ટ સાથે ટોપ પર છે.■

# ન્યૂ ઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ સામે શ્રીલંકાની ટીમ જાહેર, ઓશાદા ફર્નાન્ડોની વાપસી

કોલંબો: શ્રીલંકાએ ન્યૂ ઝિલેન્ડ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણી માટે ટીમની જાહેરાત કરી છે. ઓશાદા ફર્નાન્ડોની ટીમમાં વાપસી થઇ છે. ઓશાદા ફર્નાન્ડોએ માર્ચ ૨૦૨૩થી એકપણ ટેસ્ટ મેચ રમી નથી. તેને ધનંજય ડી સિલ્વાની કેપ્ટનશીપમાં ૧૬ સભ્યની ટીમમાં તક મળી છે. શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૮ સપ્ટેમ્બરથી રમાશે. આ શ્રેણી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૫નો ભાગ છે. ફર્નાન્ડોએ શ્રીલંકા 'એ' માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. આ મહિનાની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકા 'એ' સામે ૧૨૨ અને ૮૦ રન કર્યા હતા. ૩૩ વર્ષીય ફર્નાન્ડોને નિશાન મદુષ્કાના સ્થાને તક મળી છે. કસુન રજીથા અને નિસાલા થારકા અન્ય બે ખેલાડી છે જેઓ ટીમમાંથી બહાર થઇ ગયા છે. શ્રીલંકાએ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ગયેલા ૧૫ સભ્યને સ્થાન આપ્યું છે. ધનંજય ડી સિલ્વા કેપ્ટન રહેશે. દિમુથ કરુણારત્ને, એન્જેલો મેથ્યુસ અને દિનેશ ચાંદીમલ જેવા અનુભવી ખેલાડીઓને તક મળી છે. ■

# એમ્મી અવૉર્ડસઃ ‘શૉગન’ સિરિયલે ઐતિહાસિક ૧૮ અવૉર્ડ મેળવ્યા

લૉસ ઍન્જલસઃ ઍમ્મી અવૉર્ડસની પ્રથમ જ સિઝનમાં ‘શૉગન’ સિરિયલે બૅસ્ટ ડ્રામાં સિરીઝ સહિત ઐતિહાસિક ૧૮ અવૉર્ડ મેળવ્યા હતા તો ‘હૅક્સ’એ શ્રેષ્ઠ કોમેડી સિરિયલનો અવૉર્ડ મેળવી અપસૅટ સર્જ્યો હતો. કુલ ૧૧ ઍમ્મી અવૉર્ડ સાથે ‘ધ બૅર’ સિરીઝ બીજે સ્થાને રહી હતી. ખૂબ જ વખાણાયેલી ‘શૉગન’ એફએક્સ સિરિયલ માટે હિરોયુકી સાનાડા શ્રેષ્ઠ અભિનેત્રીનો અવૉર્ડ મેળવ્યો હતો અને આ અવૉર્ડ મેળવનાર પ્રથમ જાપાનિસ અને બીજી એશિયન અભિનેત્રી બની ઈતિહાસ રચ્યો હતો.

લૉસ ઍન્જલસના પીકોક થિયેટર ખાતે રવિવારે રાત્રે આ અવૉર્ડ સમારોહ યોજાયો હતો.

જેના માટે સૌથી વધુ આશા રાખવામાં આવી હતી તે ‘ધ બૅર’ને પાછળ રાખીને ‘હૅક્સ’એ શ્રેષ્ઠ કોમેડી સિરીઝનો અવૉર્ડ મેળવી આશ્ચર્યજનક આંચકો આપ્યો હતો. હૅક્સ શ્રેણીની ત્રીજી સિઝનમાં જિન સ્માર્ટે સતત ત્રીજી વખત શ્રેષ્ઠ કોમેડી અભિનેત્રીનો અવૉર્ડ મેળવ્યો હતો.

જૅરેમી ઍલન વ્હાઈટે સતત બીજે વરસે ‘ધ બૅર’ માટે શ્રેષ્ઠ કોમેડિયનનો તો ઈબૉન મૉસએ સતત બીજીવાર શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો અવૉર્ડ મેળવ્યો હતો. મૅરિલ સ્ટ્રીપ સહિતની અભિનેત્રીઓને પછાડીને વિઝા કૉલન ઝાયસએ આશ્ચર્યજનક રીતે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો અવૉર્ડ મેળવ્યો હતો.

‘બૅબી રૅન્ડિયર’એ બૅસ્ટ લિમિટેડ સિરીઝનો અવૉર્ડ મેળવ્યો હતો. અભિનેતા રિચર્ડ ગડએ શ્રેષ્ઠ અભિનેતા અને લેખકનો તો જૅસિકા ગનિંગએ શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો અવૉર્ડ મેળવ્યો હતો. ‘ટ્રૂ ડિટેક્ટિવઃ નાઈટ કન્ટ્રી’ સિરીઝ માટે જૂડી ફૉસ્ટરે શ્રેષ્ઠ અભિનેત્રીનો અવૉર્ડ મેળવ્યો હતો. (એજન્સી) ■

# ઉ.પ્ર.ના સોનભદ્રમાં માલગાડી પાટા પરથી ખડી પડી

સોનભદ્રઃ ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં એક પહાડ પરથી કાટમાળ ધસી પડવાના કારણે સોમવારે વહેલી સવારે એક માલગાડીનું એન્જિન પાટા પરથી ઉતરી ગયું હતું. જેના લીધે રેલ વ્યવહાર કલાકો સુધી ખોરવાયો હતો. જોકે કોઇ જાનહાનિના અહેવાલ નથી.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર કાટમાળ હટાવ્યા બાદ ટ્રેન વ્યવહાર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. રેલવેના એક અધિકારીએ જણાવ્યું કે સોનભદ્ર જિલ્લાના ચુનારથી ચોપાન જતી માલગાડી સોમવારે સવારે લગભગ ૩ વાગ્યે બ્રહ્મબાબા બ્રિજ પાસે કાટમાળ સાથે અથડાઇ અને તેનું એન્જિન પાટા પરથી ઉતરી ગયું હતું. માલગાડીના ડ્રાઇવર અને ગાર્ડ પાસેથી ઘટનાની માહિતી મળતાં જ રેલવે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમારકામ શરૂ કર્યું હતું. ગાડી પાટા પરથી ઉતરી જવાને કારણે એક માલગાડીને ચુનાર ખાતે રોકી દેવામાં આવી હતી અને જમ્મુ-તાવી એક્સપ્રેસને ગઢવાથી ડાયવર્ટ કરવામાં આવી હતી. ■

# દિલ્હી હવાઈમથકે નાઈજિરિયન પાસેથી ₹ ૨૫ કરોડનું કોકેઈન પકડાયું

નવી દિલ્હી : નાઈજિરિયાનો નાગરિક અહીંના આંતરરાષ્ટ્રીય હવાઈમથકે ૨૫ કરોડ રૂપિયાના કોકેઈનની દાણચોરી કરવાના પ્રયાસમાં પકડાયો હતો, એવી માહિતી સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી.

આરોપીનું સાત સપ્ટેમ્બરે દુબઈથી અહીં આગમન થયું કે તેને આંતરી લેવામાં આવ્યો હતો.

કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટના નિવેદન પ્રમાણે તેની તપાસ દરમિયાન તેણે અધિકારીઓને માહિતી આપી હતી કે મેં કૅફીદ્રવ્ય કે સાઈકોટ્રોપિક પદાર્થ ધરાવતી કેપસ્યુલ ખાધી છે. તેણે સ્વેચ્છાથી ૨૮ કેપસ્યૂલ બહાર કાઢી હતી. તેણે એવી કબૂલાત કરી કે મારા શરીરમાં હજી થોડી કેપસ્યૂલ છે અને આને માટે હું તબીબી પ્રોસિજર કરવા તૈયાર છું. તેને સફદરજંગ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેના હૉસ્પિટલના રોકાણ દરમિયાન તેણે બીજી ૫૬ કેપસ્યૂલ બહાર કાઢી હતી. આ કેપસ્યૂલને ખોલવામાં આવી તો એમાંથી રંગીન પાઉડર અને ગ્રેન્યુલ્સ મળ્યા હતા. (એજન્સી) ■

# શાંઘાઈમાં છેલ્લાં ૭૫ વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું ‘બૅબ્નિકા’ત્રાટક્યું

બીજિંગઃ શાંઘાઈમાં સોમવારે છેલ્લાં ૭૫ વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું ‘બૅબ્નિકા’ ત્રાટક્યું હતું જેને કારણે અઢી કરોડ કરતાં પણ વધુ વસતી ધરાવતા આ મૅગાસિટીનું તમામ કામકાજ ઠપ થઈ ગયું હતું.

શાંઘાઈના પૂડૉન્ગ જિલ્લાસ્થિત લિન્ગાન્ગના કિનારા વિસ્તારમાં ૪૨ મીટર પ્રતિસેકન્ડની ઝડપે ત્રાટકેલા વાવાઝોડાએ સમગ્ર વિસ્તારને ઘમરોળ્યો હોવાનું શાંઘાઈના હવામાન ખાતાએ કહ્યું હતું.

વાવાઝોડાંને કારણે નિર્માણ પામેલી તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા હજારો રાહત અને બચાવ કાર્યકર્તાઓને અગાઉથી જ એ વિસ્તારમાં ગોઠવી દેવામાં આવ્યા હતા.

આ વરસે અત્યાર સુધીમાં ચીનમાં આવેલું આ ૧૩મું વાવાઝોડું હતું.

સમાચાર સંસ્થાના જણાવ્યા અનુસાર સ્ટેટ ફ્લડ કંટ્રોલ ઍન્ડ ડ્રૉટ રિલીફના વડામથકે પૂર્વ ચીનના અનહૂલ પ્રાન્તમાં લૅવલ ચાર અને શાંઘાઈ તેમ જ ઝૅઝિઆન્ગમાં ત્રીજા લૅવલનું ઈમરજન્સી રિસ્પોન્સ ઍલર્ટ જારી કર્યું હતું.

વાવાઝોડાંને કારણે શાંઘાઈમાં તમામ ફ્લાઈટ તેમ જ પ્રવાસીઓને વહન કરતી તમામ સેવાઓ રદ કરવામાં આવી હતી. પ્રવાસીઓ માટે ઍરપોર્ટ પર કામચલાઉ આરામ ગૃહ તૈયાર કરવામાં આવ્યા હતા અને તેમને ખાવાપીવા સહિતની સેવા પૂરી પાડવાની કેટરર્સને સૂચના આપી દેવામાં આવી હતી.

શાંઘાઈ શહેરમાંથી પસાર થતી અનેક ટ્રેનના રૂટ બદલવામાં આવ્યા હતા તો અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી.

અઢી કરોડની વસતિ ધરાવતા શાંઘાઈના ઓછામાં ઓછાં ૪.૧૪ લાખ લોકોને રવિવારે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને તમામ હાઈવે વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા હતા.

હૉંગક્વિઓ અને પૂડૉન્ગ ઍરપોર્ટ પરની તમામ ફ્લાઈટ રવિવારે રાત્રે આઠ વાગ્યાથી રદ કરી દેવામાં આવી હતી. ફૅરીસેવા તેમ જ બસસેવા પણ રદ કરી દેવામાં આવી હતી. (એજન્સી) ■

# મેંગલૂરુમાં બે પૂજા સ્થળો પર પથ્થરમારાની ઘટનાઓ બાદ તંગદિલી

મેંગલૂરુઃ દક્ષિણ કન્નડ જિલ્લામાં કટિપલ્લા અને બીસી રોડ ખાતે બે પૂજા સ્થળો પર પથ્થરમારો અને બે જૂથો વચ્ચે અથડામણની ઘટનાઓને પગલે સોમવારે તંગદિલી સર્જાઇ હતી. આ માહિતી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મેંગલુરુના કટિપલ્લામાં પથ્થરમારાની ઘટના રવિવારે મોડી રાત્રે બની હતી, પરંતુ તાત્કાલિક કાર્યવાહીથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઇ હતી અને આ વિસ્તારમાં કોઇ અપ્રિય ઘટના નોંધાઇ ન હતી. આ ઘટનામાં પૂજા સ્થળની બારીઓ તૂટી ગઇ હતી. પોલીસના જણાવ્યા અનુસાર કથિત પથ્થરબાજો બે મોટરસાઇકલ પર સવાર થઇને આવ્યા હતા. ઘટના બાદ સ્થળ પર ભારે પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું હતું.

નેશનલ હાઇવે-૭૫ને અડીને આવેલા બંટવાલ તાલુકાના બીસી રોડ નગરમાં સોમવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બે જૂથો દ્વારા ભડકાઉ નિવેદનો પોસ્ટ કર્યા બાદ તણાવ પેદા થયો હતો. દક્ષિણ કન્નડ જિલ્લા પોલીસે કહ્યું કે બંટવાલના પૂર્વ ભાગમાં ઉપ્પિનંગડી અને પશ્ચિમ ભાગમાં પનેમંગલુરુ સુધી તકેદારી વધારી દેવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર વિશ્વ હિન્દુ પરિષદ(વિહિપ) અને બજરંગ દળના નેતાઓ શરણ પંપવેલ અને પુનીત અટ્ટવર સામે ભડકાઉ નિવેદનો કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સતત નજર રાખી રહેલી મેંગલુરુ પોલીસ ભડકાઉ નિવેદનો કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે. મેંગલુરુ પોલીસ કમિશ્નર અનુપમ અગ્રવાલ આ અંગે અગાઉ જ ચેતવણી આપી ચૂક્યા છે. ■

## વેપાર વાણિજ્ય

# બાર્ગેન હંટિંગઃ સેન્સેક્સ લગભગ ૧૦૦ પોઈન્ટ ઉછળીને નવી લાઇફટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશી ફંડના એકધારા આંતરિક પ્રવાહ સાથે એનર્જી, યુટિલિટી અને બેન્કિંગ સેકટરના શેરમાં બાર્ગેન હંટિંગને કારણે નીકળેલી નવેસરની લેવાલીના ટેકા સાથે ઈક્વિટી બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ સોમવારના સત્રમાં લગભગ ૧૦૦ પોઈન્ટ ઉછળીને નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે, નિફ્ટીએ નવું ઈન્ટ્રા-ડે વિક્રમી સ્તર સ્તર હાંસલ કર્યું હતું.

સેન્સેક્સ ૯૭.૮૪ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા વધીને ૮૨,૯૮૮.૭૮ પોઇન્ટની નવી રેકોર્ડ ટોચ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૨૯૩.૪ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઉછળીને ૮૩,૧૮૪.૩૪ ની નવી લાઈફ ટાઈમ ઈન્ટ્રા-ડે હાઈ પર પહોંચ્યો હતો. નિફ્ટી ૨૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૨૫,૩૮૩.૭૫ની સપાટીએ સેટલ થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૮૯.૨ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા વધીને ૨૫,૪૪૫.૭૦ની નવી ઈન્ટ્રા-ડે રેકોર્ડ ટોચ પર પહોંચ્યો હતો.

એનટીપીસી, એલએન્ડટી, એચયુએલ, ઓક્સિસ બેન્કઃ સેન્સેક્સ ચાર્ટ પર એનટીપીસી સૌથી વધુ ૨.૪૪ ટકા વધ્યો હતો, ત્યારબાદ જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, આઇસીઆઇસીઆઇ બેન્ક, એક્સિસ બેન્ક, નેસ્લે, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ટાટા સ્ટીલનો ટોપ ગેઇનર્સમાં સમાવેશ હતો. બજાજ ફાઇનાન્સ ત્રણ ટકાથી વધુ ઘટાડા સાથે ટોપ લુઝર બન્યો હતો. સૌથી વધુ ઘટનારા અન્ય શેરોમાં હિન્દુસ્તાન યુનિલિવર, બજાજ ફિનસર્વ, અદાણી પોર્ટ અને એશિયન પેઈન્ટ્સનો સમાવેશ હતો.

બજાજ, ક્રોસ, ટોલિન્સ, : બજાજ હાઉસિંગ કેપિટલનું લિસ્ટીંગ તેના રૂ. ૭૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૧૪ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૫૦ના ભાવે થયું હતું અને ત્યારબાદ તે વધઘટમાંથી પસાર થઇને રૂ. ૧૬૫ નજીક ઉપલી સર્કિટમાં અથડાયો હતો. ક્રોસ લિમિટેડના શેર તેના રૂ. ૨૪૦ના ઇશ્યૂભાવે જ લિસ્ટેડ થયા હતા અને પાછળથી ૧૦.૬૮ ટકા ઉછળીને રૂ. ૨૬૫.૬૫ બોલાયા હતા. ટોલિન્સ ટાયર્સનો શેર તેના રૂ. ૨૨૬ના ઇશ્યૂ ભાવ સામે એક ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થઇ સત્ર દરમિયાન ૫.૪૪ ટકાના વધારા સાથે રૂ. ૨૩૮.૩૦ સુધી વધી ઉપલી સર્કિટને અથડાયો હતો.

શ્રી રામ, હિન્દાલ્કો, એચયુએલ, રેતાનઃ એકાદ બે વર્ષમાં શ્રી રામ ગ્રુપે તેની વીમા કંપનીના લિસ્ટિંગની વિચારણા હોવાનું કંપની અધિકારીએ જણાવ્યું હતું. સ્ટીલ પ્રોડક્ટની ઉત્પાદક અને ટ્રેડિંગ કંપની રેતાન ટીએમટીમાં એચએનઆઇ બાઇંગ વચ્ચે ૧.૯૦ લાખ શેરનું વોલ્યુમ સાથે ૫.૧૩ ટકા વધીને રૂ. ૧૬.૩૯ પર બંધ થયો હતો. નિફ્ટીના ટોપ ગેઇનરમાં એનટીપીસી, જેએસડબ્લ્યુ સ્ટીલ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, શ્રીરામ ફાઇનાન્સ અને એલએન્ડટી, જ્યારે ટોપ લુઝરમાં બજાજ ફાઇનાન્સ, એચયુએલ, બજાજ ફિનસર્વ, એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ અને બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ હતો.

સન ફાર્મા, રેડિકો, બાયોકોન, ગેલેક્સી, ડિક્સોનઃ બીએસઇ પર ૩૮૦ શેર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતા, જેમાં જ્યુબિલન્ટ ઇન્ગ્રીવા, એલટીઆઇમાઇન્ડટ્રી, મહારાષ્ટ્ર સ્કૂટર્સ, એમસીએક્સ ઇન્ડિયા, રેડિકો ખૈતાન, શ્રીરામ ફાઇનાન્સ, શ્યામ મેટાલિક્સ, સન ફાર્મા, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, બાયોકોન, ડિક્સોન ટેકનોલોજી, ગેલેક્સી સર્ફેકટન્ટ, ગોડફ્રે ફિલિપ્સ, એચસીએલ ટેકનોલોજીસ, જેએમ ફાઇનાન્શિયલ, જેસબડલ્યુ સ્ટીલ સહિતના શેરોનો સમાવેશ હતો.

એશિયાઇ બજારોમાં મિશ્ર વલણ, યુએસ અને યુરોપમાં તેજીઃ એશિયન બજારોમાં, હોંગકોંગનો અંત તેજી સાથે રહ્યો હતો, જ્યારે જાપાન, ચીન અને દક્ષિણ કોરિયાના બજારો રજાઓ માટે બંધ હતા. યુરોપીયન બજારો મોટાભાગે ઊંચા વેપાર કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે રૂ. ૨,૩૬૪.૮૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. જ્યારે ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સે પણ રૂ. ૨,૫૩૨.૧૮ કરોડની ઇક્વિટી લેવાલી નોંધાવી હતી.

બ્રેન્ટ ઓઇલમાં ઉછાળોઃ ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૫ ટકા વધીને ૭૧.૯૦ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક ઇક્વિટી બજારો બુધવારે ફેડરલ રેટની કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે નજીકના ગાળામાં શેરબજારના વલણને પ્રભાવિત કરે તેવી શક્યતા છે. દેશભરમાં મજબૂત ચોમાસા સાથે તહેવારોમાં સારી માગ નીકળવાના આશાવાદ અને વૈશ્વિક મોરચે અમેરિકાની ફેડરલ વ્યાજદરમાં ઘટાડો કરે આવી સંભાવના પ્રબળ બનવા સાથે શેરબજારે નવા શિખરો સર કરવાનું ચાલુ રાખ્યું હતુ. પાછલા સપ્તાહમાં બીએસઇ સેન્સેક્સ ૧,૭૦૭.૦૧ પોઈન્ટ્સ અથવા ૨.૧૦ ટકા વધીને ૮૨,૮૯૦.૯૪ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી ઈન્ડેક્સ ૫૦૪.૩૫ પોઈન્ટ્સ અથવા ૨.૦૨ ટકા વધીને ૨૫,૩૫૬.૫૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. આ અગાઉ ૧૨ સપ્ટેમ્બરના રોજ, નિફ્ટી૫૦ અને બીએસઇ સેન્સેક્સે અનુક્રમે ૨૫,૪૩૩.૩૫ અને ૮૩,૧૧૬.૧૯ની વિક્રમી ઊંચાઈ હાંસલ કરી હતી.

ભારતીય શેરબજારોએ સમીક્ષા હેઠળના પાછલા અઠવાડિયે એફઆઈઆઈના ડિસ્કલોઝર ધોરણો માટેની સેબીની ડેટલાઇન પૂરી થવા સાથે અમેરિકામાં મંદીના ભયને કારણે ઉદ્ભવેલા નકારાત્મક સેન્ટિમેન્ટ્સને અંકુશમાં લેવામાં સફળ રહ્યાં હતાં. અસ્થિરતા હોવા છતાં, મજબૂત ચોમાસા સાથે તહેવારોની મોસમ દરમિયાન ગ્રાહક માગમાં વધારાની અપેક્ષાએ રોકાણકારોના સેન્ટિમેન્ટને મજબૂતી આપી છે. આ ઉપરાંત વિદેશી સંસ્થાકીય ફંડ અને સ્થાનિક સંસ્થાકીય ફંડનો રોકાણ પ્રવાહ પણ સારો રહ્યો છે.

બજારના અભ્યાસુઓ અનુસાર આગળ જતાં, બજારનું ધ્યાન આ સપ્તાહે યોજાનારી ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની મીટિંગ પર રહેશે, એ જ સાથે, સ્થાનિક બજારની દિશા કોર્પોરેટ કમાણીથી પણ પ્રભાવિત થશે, જે બીજા ત્રિમાસિક સમયગાળામાં સુધારો થવાની આગાહી છે. નોંધવું રહ્યું કે, પાછલા સત્રમાં ગુરુવારે છેલ્લા કલાકોમાં નીકળેલી તેજીએ સેન્સેક્સને પહેલી જ વખત ૮૩,૦૦૦ના સ્તરે પહોંચાડી દીધો હતો. બેરોમીટર ૧,૫૯૩.૦૩ પોઈન્ટ અથવા ૧.૯૫ ટકા વધીને ૮૩,૧૧૬.૧૯ના જીવનકાળની ઈન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યું હતું. ઈન્ડેક્સ ૧,૪૩૯.૫૫ પોઈન્ટ અથવા ૧.૭૭ ટકા વધીને ૮૨,૯૬૨.૭૧ની વિક્રમી સપાટીએ બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૭૦.૪૫ પોઈન્ટ અથવા ૧.૮૯ ટકા વધીને ૨૫,૩૮૮.૯૦ની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. ■

## બિઝનેસ બિટ્સ

### એસટીએલમાં શેર વિભાજન માટેની બેઠક

મુંબઇઃ બોનસ શેર ઇશ્યૂ કરવા અને શેરના વિભાજનને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા માટે સેલવિન ટ્રેડર્સ લિમિટેડ (એસટીએલ)ના ડિરેક્ટર્સ બોર્ડની બેઠક ૨૫ સપ્ટેમ્બરે યોજાશે, જે શેરધારકો અને નિયમનકારી મંજૂરીને આધીન રહેશે. આ ઉપરાંત કંપનીએ બ્લોકચેઇન-આધારિત ટોકનાઇઝેશન પ્લેટફોર્મ વિકસાવવા માટે યુએઇની સિકોરબિટ એફઝેડસીઓ સાથે બે મિલિયન ડોલરના પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર કર્યા છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ક્વોરીંગ અને સપ્લાઇંગ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ. મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નં.: BCT/ ૨૪-૨૫/૧૬૩ તા. ૧૦.૦૯.૨૦૨૪ મંગાવે છે. કામ અને સ્થળઃ ચર્ચગેટ - વિરાર સેકશનઃ વિરાર ખાતે પશ્ચિમ રેલવે ક્વોરીથી મશીન ક્રશ કરેલ સ્ટોન બોલાસ્ટનું ક્વોરીંગ અને સપ્લાઇંગ. (જથ્થો - ૧૦૦૦૦૦ Cum.). કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪,૭૦,૪૬,૧૯૮/- બારડીઃ રૂ. ૩,૮૫,૨૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૮.૧૦.૨૦૨૪, ૧૫.૦૦ ક. સુધી અને ખોલવાની તારીખ અને સમયઃ ૦૮.૧૦.૨૦૨૪ ૧૫.૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0537

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ અને સમારકામ**

નં. W/118/NIT/E-Tender/2024-25/WA/21 તારીખ: 10/09/2024; ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે : **અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. 105/2024-25; કામનું નામ :** સોનગઢ : લિફ્ટ વેલની આપૂર્તિના સંબંધમાં ફૂટ ઓવર બ્રિજ ની જોગવાઈ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 4,87,86,356.31; **ઈએમડી :** ₹ 3,93,900.00; **અનુ. નં. (2) ઈ-ટેન્ડર નં. 106/2024-25; કામનું નામ :** ભાવનગર ડિવિઝન : MG સેક્શનમાં વિવિધ લેવલ ક્રોસિંગ ખાતે RCC સ્પીડ બ્રેકર માટે સમારકામ; **ટેન્ડર મૂલ્ય :** ₹ 4,06,70,005.04; **ઈએમડી :** ₹ 3,53,400.00; **ઉપરોક્ત બંને ટેન્ડર માટે : બિડીંગ પ્રારંભની તારીખ :** તા. 19/09/2024; **બિડીંગ બંધ થવાની તારીખ :** તા. 03/10/2024; એનઆઈટી રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર તા. 10/09/2024 ના રોજ અપલોડ કરેલ છે. 100

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટીસ**

આથી જાહેર જનતાને **ખબર** આપવામાં આવે છે કે અમે ગામ વિલેપાર્લે (પશ્ચિમ), તાલુકા અંધેરી, મુંબઈ ૪૦૦૦૫૬, મુંબઈ પરાં જિલ્લાના CTS નં. ૧૨૫ ધરાવતી હાટકેશ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લી.ના પ્લોટ નં. ૩/૨ના પ્લોટ નં. ૧૮ના સંદર્ભમાં, **શ્રીમતી હેમલતા રામનરેશ દેવરા અને શ્રીમતી રેખા સુરેશકુમાર દેવરા**ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ. (**“મિલકત”**) કોઈપણ શખ્સ જે મિલકત પર કે તેમાં કે તેની સામે અને/અથવા મિલકત કે તેના કોઈપણ ભાગને સંબંધિત શ્રીમતી હેમલતા રામનરેશ દેવરા અને શ્રીમતી રેખા સુરેશકુમાર દેવરા પર કોઈપણ પ્રકારના કોઈપણ હક્ક કે દાવા ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં સહાયક દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહિ કરનારને આ તારીખથી **૧૦** દિવસમાં કરે, જેમાં નિષ્ફળ જવા પર, દાવાઓ જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**તારીખઃ ૧૭/૦૯/૨૦૨૪**

**સહી/-**
**વિનોદ અગરવાલા**
**એડવોકેટ એન્ડ સોલિસિટર**

**VBA લિગલ**
**દુર્ગા ચેમ્બર્સ, છઠ્ઠો માળ, વોટર ફિલ્ડ રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦.**
**ઈ-મેલઃ vinod@vbalegal.co.in**

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**વિવિધ કામો**

W/૬૨૩/NIT/૧. તારીખઃ ૧૨/૦૯/૨૦૨૪. ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

| ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | બારડી રૂ. |
|---|---|---|
| ૧. RTM-૨૦૨૪-૨૫-૯૦. RTM ડિવિઝનઃ- DEN (નોર્થ)ના અધિકારક્ષેત્ર હેઠળ દરરોજ ટ્રેક જાળવણી માટે ચાંદેરિયા-રતલામ-ખંડાવા સેકશન વચ્ચેના કોઈપણ સ્ટેશન પર વિવિધ ડેપો/સ્ટેશનો/સ્થળોથી ફીટીંગ્સ, સ્વીચો, ક્રોસિંગ, ગ્લુડ જોઈન્ટસ, SEJ વગેરે જેવી પી.વે સામગ્રીનું પરિવહન. | ૩,૦૨,૮૬,૭૬૭.૩૦ | ૩,૦૧,૪૦૦ |
| ૨. RTM-૨૦૨૪-૨૫-૮૯. રતલામ - ખંડાવા સેક્શન - RCC દ્વારા હાલના બ્રીજ નં. ૫૩૯A અને ૫૩૯Bનું પુનઃનિર્માણ બોક્સ (કુલ ૨ નં.) | ૬૭,૯૨,૫૦૪.૦૧ | ૧,૩૫,૯૦૦ |

અંદાજિત જથ્થોઃ ક્ર. નં. ૧ & ૨ માટે - ટેન્ડર શેડ્યૂલ મુજબ. ટેન્ડર ફોર્મની કિંમતઃ ક્ર. નં. ૧ & ૨ માટે - Nil. પૂર્ણતાનો સમયગાળોઃ ક્ર. નં. ૧ - કોઈપણ ટ્રાન્સપોર્ટેશન વર્ક / સિવિલ એન્જિનિયરિંગ / ટ્રેક વર્ક. ક્ર. નં. ૨ માટે- ૩.૦ મીટરથી વધુ ખોલવાનું કોઈપણ રેલ/રોડ બ્રિજનું કામ. નોંધ - રનિંગ લાઈન હેઠળ કરવાની કામગીરી, ટેન્ડરર પાસે રનિંગ ટ્રાફિક હેઠળ કામ કરવાનો અનુભવ હોવો જોઈએ. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ક્ર. નં. ૧ & ૨ - ૧૨/૦૯/૨૦૨૪. ટેન્ડરની ખોલવાની તારીખઃ ક્ર. નં. ૧ & ૨ માટે- ૧૪/૧૦/૨૦૨૪. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટઃ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

SNP-233

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**નિર્માણ સંગઠન (ઈલેક્ટ્રીકલ)**

**બીડ આમંત્રિત નોટિસ**

**Bid/ Package No. EL/C/ADI/TRD/EPC/35/2024-25 Dated: 13-09-2024, EPC મોડ પર પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં હિંમતનગર-ખેડબ્રહ્મા સેક્શનના ઇલેક્ટ્રિફિકેશનના સંબંધમાં વડાલી ખાતે 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઇન, આપૂર્તિ, નિર્માણ, પરીક્ષણ અને કમિશનિંગ માટે RFP.** ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રજૂ કરાયેલા રેલવે મંત્રાલય, ચીફ ઇલેક્ટ્રીકલ એન્જિનિયર (બાંધકામ) દ્વારા પશ્ચિમ રેલ્વે, અસારવા, અમદાવાદ ("ઓથોરિટી"), જેની મુખ્ય ઓફિસ ચર્ચગેટ, મુંબઈ, PIN-400020, ભારત ખાતે ધરાવતાં રેલ્વે અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ અને આ પ્રયાસના ભાગ રૂપે, ઓથોરિટી હિમ્મતનગર-ખેડબ્રહ્મા સેક્શનના વિદ્યુતીકરણના સંબંધમાં વડાલી ખાતે 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનની “ડિઝાઇન, આપૂર્તિ, નિર્માણ, પરીક્ષણ અને કમિશનિંગનું કામ સુનિશ્ચિત કર્યું છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં ("પ્રોજેકટ") એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન ("EPC") કોન્ટ્રાક્ટ દ્વારા, અને બિડરની પસંદગી માટે બિડિંગ પ્રક્રિયા નિશ્ચિત કરવામાં આવશે જે મુજબ પ્રોજેક્ટ આપવામાં આવશે. પ્રોજેક્ટનું સંક્ષિપ્ત વર્ણન ઓથોરિટીની વેબસાઈટ પર પ્રોજેક્ટના માહિતી મેમોરેન્ડમમાં જોઈ શકાય છે. પ્રોજેક્ટની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે.

**પ્રોજેક્ટનું નામ:** EPC મોડ પર "પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં હિમ્મતનગર-ખેડબ્રહ્મા સેક્શનના વીજળીકરણ ના સંબંધમાં વડાલી ખાતે 66/27 KV ટ્રેક્શન સબ-સ્ટેશનની ડિઝાઇન, આપૂર્તિ, નિર્માણ, પરીક્ષણ અને કમિશનિંગ". **TSS નં.:** 1 નં. **અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ (રૂપિયા માં):** ₹ 13,10,09,917/- સંપૂર્ણ બિડ દસ્તાવેજ તા.**14-09-2024 થી તા.18-10-2024** (IST 15:00 કલાક સુધી) રેલવે વેબસાઇટ **https://ireps.gov.in** ના સત્તાવાર પોર્ટલ પરથી જોઇ/ડાઉનલોડ કરી શકાય છે. બિડરે તેની નાણાકીય બિડ અને ટેકનિકલ બિડ **https://ireps.gov.in** પર **18-10-2024** ના રોજ અથવા તે પહેલાં IST 15:00 કલાક સુધી જમા કરવી આવશ્યક છે. ઓનલાઇન પ્રાપ્ત થયેલ બિડ્સ **25-10-2024** ના રોજ IST 15:00 કલાકે ખોલવામાં આવશે. બિડ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા કરવામાં આવશે નહીં. જો કે, પાવર ઓફ એટર્ની અને સંયુક્ત બિડિંગ એગ્રીમેન્ટ વગેરે બિડર દ્વારા તા. **22-10-2024** ના રોજ IST 15:00 કલાકે અથવા તે પહેલાં ભૌતિક રીતે જમા કરવામાં આવશે. કૃપા કરીને નોંધ લેવી કે [મંત્રાલય/ઓથોરિટી/એક્ઝિક્યુટીંગ એજન્સી] કોઈપણ કારણ આપ્યા વિના તમામ અથવા કોઈપણ બિડને સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**સરનામુંઃ ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર/બાંધકામ, ત્રીજો માળ, વિંગ-સી, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, CGS હોસ્પિટલ સામે, ચામુંડા બ્રિજ પાસે, અમદુપુરા, અમદાવાદ-382345 ગુજરાત, ભારત, પશ્ચિમ રેલ્વે (રેલ મંત્રાલય) મોબાઈલ : 9724093350**
**ઈ-મેલ: dyceecwradi1@gmail.com**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly 44

**પશ્ચિમ રેલવે**

**પૉટેબલ ડ્રિન્કિંગ વૉટરની સપ્લાય**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ઈ-ટેન્ડરો મંગાવે છે. વિગતો નીચે મુજબ છે.

| ક્ર. નં. | ટેન્ડર નોટીસ નં. & તારીખ | કામ અને સ્થળ | રૂ.માં કામની અંદાજિત કિંમત | રૂ.માં બારડી |
|---|---|---|---|---|
| ૧. | BCT/ ૨૪-૨૫/૧૬૪ તા. ૧૨.૦૯.૨૦૨૪ | ખારથી જોગેશ્વરી સેકશનઃ SSE (પ.) સાંતાક્રુઝના અધિકાર ક્ષેત્રમાં ૭૩૦ દિવસો માટે ટેન્કરો દ્વારા પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય | ૧૯,૯૮,૧૫૮.૫૨ | ૪૦,૦૦૦.૦૦ |
| ૨. | BCT/ ૨૪-૨૫/૧૬૫ તા. ૧૨.૦૯.૨૦૨૪ | વસઈ રોડ, નાયગાંવ અને ભાયંદરઃ ૭૩૦ દિવસોની મુદત માટે ભાયંદર અને ભાયંદર રેસ્ટ હાઉસ ખાતે RPF બેરેક સાથે વસઈ રોડ કોલોની, સ્ટેશન, સર્વિસ બિલ્ડિંગ અને નાયગાંવ કોલોનીમાં ટેન્કરો દ્વારા પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય | ૧,૭૨,૯૪,૭૯૫.૦૦ | ૨,૩૬,૫૦૦.૦૦ |
| ૩. | BCT/ ૨૪-૨૫/૧૬૬ તા. ૧૨.૦૯.૨૦૨૪ | બોરીવલી - વિરાર સેકશનઃ ૭૩૦ દિવસોની મુદત માટે રેલવે સ્ટેશન પર ટેન્કરો દ્વારા પોટેબલ ડ્રિન્કિંગ વોટરની સપ્લાય | ૯૮,૭૮,૪૦૦.૦૦ | ૧,૯૭,૬૦૦.૦૦ |

તમામ ઉપરોક્ત ટેન્ડરો માટે સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૮.૧૦.૨૦૨૪, ૧૫ઃ૦૦ ક. સુધી. તમામ ઉપરોક્ત ટેન્ડરો માટે ખોલવાની તારીખ અને સમયઃ ૦૮.૧૦.૨૦૨૪ના ૧૫.૩૦ કલાકે. નોંધઃ- વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0540

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**પર્યાવરણ વિભાગ**

**ડે. ચીફ એન્જિ./સી/૧૧૬/પર્યાવરણ તા. ૧૬/૦૯/૨૦૨૪**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચેનું ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| કામનું નામ | બાના રકમ ડિપોઝિટ | ટેન્ડર સ્ક્રુટીની ફી | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડની છેલ્લી તા. & સમય |
|---|---|---|---|---|
| બેટરીથી સંચાલિત સકશન મશીનોની સપ્લાય અને તેનું સંચાલન અને નિભાવ, ૫ વર્ષની મુદત માટે | રૂ. ૪૬,૧૩,૦૦૦/- | રૂ. ૨૭,૫૦૦/- +૧૮% GST | ૧૬.૦૯.૨૪ સાંજે ૪ ક. | ૨૫.૦૯.૨૪ સાંજે ૪ ક. |

ટેન્ડર કોપી મહારાષ્ટ્ર સરકારની “ઈ-પ્રોક્યોરમેન્ટ” સીસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in)થી ડાઉનલોડ કરી શકાશે તેમ જ ટેન્ડર કોપી “ઈ-ટેન્ડર” સેકશન હેઠળ BMCના પોર્ટલ http://portal.mcgm.gov.in થી પણ ડાઉનલોડ કરી શકાશે.

સહી/-
એક્ષી. એન્જિનિયર
(પર્યાવરણ)

PRO/1306/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે ફ્લેટ નં. ૩૧, ૩ જો માળ, ટેક્સટીલા CHSL, ટ્વીન ટાવર લેન, ઑફ વીર સાવરકર માર્ગ, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૨૫ ખાતે સરનામું ધરાવતા **શ્રી. મિલિન્દ પિનાકીન પટેલ** (“**માલિક**”), બોજા અને દાવાઓથી મુક્તપણે સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે અને ખાલી અને શાંતિદાયક કબજા સાથે અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ રહેણાંક પ્રિમાઈસિસ (“**સદર પ્રિમાઈસિસ**”) અમારા અસીલને વેચવા અને ટ્રાન્સફર કરવા માટે સંમત થયા છે.

માલિકે અમારા અસીલને જણાવ્યું છે કે સદર પ્રિમાઈસિસ અસલમાં પ્રોમોટર / ડેવલપર પાસેથી એક, મનુભાઈ જે. પટેલ દ્વારા ખરીદવામાં આવી હતી, જો કે તેમની વચ્ચેના કરારની અસલ કે ફોટો કોપી, માલિક પાસે ઉપલબ્ધ નથી અને માલિકે ગીરો અથવા કોલેટરલ સિક્યોરિટી દ્વારા કોઈપણ વ્યક્તિ/ઓ, બેન્કો અથવા નાણાંકીય સંસ્થા સાથે સદર જમા કરાવ્યા નથી.

તમામ શખ્સો જે સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, પાર્ટીશન, પાર્ટનરશીપ, નિભાવ, બીકવેસ્ટ, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્રી-એમ્પ્શન હક્ક, પ્લેજ, પાવર ઓફ એટર્ની, ગેરંટી, ઈઝમેન્ટ, લૉન્સ, એડવાન્સીઝ, લીસપેન્ડન્સ, ઇંજંકશન કે જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલા કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યૂટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન, સદર પ્રિમાઈસિસના અસલ ટાઈટલ ડીડ્સના કબજામાં હોઈ અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો, ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલા સરનામે તેમ જ અહીં નીચે દર્શાવેલા ઈ-મેઈલ સરનામે તેની કોપી સાથે આ તારીખથી ૧૪ (ચૌદ) દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના કંઈ દાવો કે દાવાઓ હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતે કે પ્રકારે બંધનકર્તા રહેશે નહિ અને અમારા અસીલ લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

ટેક્સટીલા કૉ-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ.ના તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૭૫ શેર સર્ટિફિકેટ નં. ૫૯ હેઠળ ધરાવાયેલ વિશિષ્ટ નં. ૨૯૧થી ૨૯૫ (બંને સમાવિષ્ટ) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના તે **તમામ ૫ (પાંચ)** ફૂલ્લી પેઈડ-અપ શેર્સ, તેની સાથે મુંબઈના નોંધણી જિલ્લામાં માહિમ ડિવિઝનના F.P. નં. ૧૨૧૬, સંબંધિત કેડેસ્ટ્રલ સર્વે નં. ૨૫ ધરાવતી જમીનના પ્લોટ પર આવેલ ટવીન ટાવર લેન, ઑફ વીર સાવરકર માર્ગ, પ્રભાદેવી, મુંબઈ ૪૦૦૦૨૫ ખાતે આવેલ સોસાયટીમાં “બિલ્ડિંગ B”ના ૩જા માળ પર ભરતમાં ૭૬૦ ચોરસ ફૂટ કાર્પેટ એરિયાનો ફ્લેટ નં. ૩૧.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪.

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
ઈન્કમ ટેક્સ ઓફિસ સામે,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
Email: response@lawpointindia.com

# મહાયુતિના ૭૦ ટકા ઉમેદવારો ફાઈનલ

## ભાજપની જાહેરાતઃ સાથે પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું છે કે જે જીતી શકે તેને જ ટિકિટની ફોર્મ્યુલાઃ બેઠકોની વહેંચણીની સમસ્યા ન હોવાની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી નજીક આવી છે ત્યારે મહાયુતિ અને મહાવિકાસ આઘાડી કામે લાગી ગયા છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યમાં રાજકીય વાતાવરણ ગરમ થયું છે અને બધા જ રાજકીય પક્ષોએ કમર કસી છે ત્યારે છેલ્લા કેટલાક દિવસથી અલગ અલગ મતદારસંઘની મુલાકાત લઈને ક્યા મતદારસંઘમાં ક્યા ઉમેદવાર રાખવા તેના પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ બધાની વચ્ચે મહાવિકાસ આઘાડી અને મહાયુતિમાં બેઠકોની વહેંચણી અંગેની ચર્ચા ચાલી રહી છે. ક્યો પક્ષ કેટલી બેઠકો પર લડશે એનું ચિત્ર હજી સ્પષ્ટ થયું નથી તેમાં ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ એવું મહત્ત્વનું નિવેદન કર્યું છે કે બેઠકોની વહેંચણી અંગે કોઈ સમસ્યા નથી અને ૭૦ ટકા બેઠકો પર સહમતી સધાઈ ગઈ છે.

હું મહાયુતિના ત્રણેય નેતાઓને અભિનંદન આપવા માંગું છું કે આ નેતાઓએ કોઈ પૂર્વશરતો રાખી નથી. કેટલાક અહેવાલો પાર્ટીએ ૮૦-૯૦ બેઠકો માગી હોવાનું જણાવી રહ્યા છે પરંતુ અમારી યુતિમાં કોઈ નંબરની માગણી નથી, જ્યાં અજિત પવાર જીતશે, અજિત પવાર લડશે, જ્યાં શિંદે જૂથના વિધાનસભ્યો જીતશે, ત્યાં તેમનો આગ્રહ છે, જ્યાં અમારા ઉમેદવારને સ્વીકારવામાં આવશે ત્યાં અમે ચૂંટણી લડીશું એમ જણાવતાં બાવનકુળેએ એવો દાવો કર્યો છે કે મહાયુતિનો આગ્રહ છે કે માત્ર વિજયી થનારા ઉમેદવારોને જ ટિકિટ આપવામાં આવશે. તેમજ બાવનકુળેએ કોંગ્રેસના મુસ્લિમ વિધાનસભ્યે ફડણવીસના બંગલાની મુલાકાત લીધી તેના પર પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું હતું કે અમીન પટેલ ગણપતિ દર્શન માટે ગયા હતા, તેમાં કંઈ નવું નથી અને રાજકારણ જેવું કંઈ નથી.

બીજી તરફ ભાજપે અત્યાર સુધી જાહેરમાં જે નિવેદનો કર્યા છે તેના પરથી મહારાષ્ટ્રની ચૂંટણીમાં ખાસ રસ નથી તેવા સંકેતો મળી રહ્યા છે. વાસ્તવમાં રાજ્યમાં કેવું વાતાવરણ છે? કેટલી બેઠકો પર લડવું છે? અજિત પવારને સાથે લેવામાં આવે તો લોકસભાની જેમ ફટકો પડશે કે કેમ? એવા અનેક સવાલો ભાજપના નેતાઓને સતાવી રહ્યા છે. જેના કારણે મહારાષ્ટ્રમાંથી શું ફીડબેક આવે છે તે ભાજપ દ્વારા વારંવાર ચેક કરવામાં આવી રહ્યું છે. જેના કારણે ભાજપ ઘણા નેતાઓને દિલ્હીથી મહારાષ્ટ્ર મોકલી રહ્યું છે. આટલી કવાયત બાદ પણ મહારાષ્ટ્રમાં ફરી સરકાર બની શકે છે કે નહીં તે નિશ્ચિત ન હોવાથી ભાજપ અત્યારે કોઈ જોખમ લેવા તૈયાર નથી. ■

### સીટોની વહેંચણી અંગે ટૂંક સમયમાં જાહેરાત

મહાયુતિમાં ૭૦ ટકા બેઠકો પર સર્વસંમતિ સધાઈ ચૂકી છે. ત્રણેય નેતાઓ પ્રેસ કોન્ફરન્સ કરીને તેની ઔપચારિક જાહેરાત કરશે. મહાવિકાસ અઘાડીએ અગાઉ દાવો કર્યો હતો કે આપણે બધા મહાયુતિની ફોર્મ્યુલા જોઈશું, પરંતુ હવે કહ્યું હતું કે તેઓ સર્વે અંગેની અનૌપચારિક ચર્ચાથી વાકેફ નથી. ■

# શિવસેનાના નિષ્ઠાવાન સંજય શિરસાટ અને હેમંત પાટીલને બાપ્પા ફળ્યા, પ્રધાનપદું મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બે વર્ષ પહેલા એકનાથ શિંદેના નેતૃત્વમાં મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ આવ્યો હતો. વિધાન પરિષદની ચૂંટણી બાદ વિધાનસભ્યો સાથે એકનાથ શિંદે મુંબઈથી સુરત જવા નીકળ્યા ત્યારથી તેમની સાથે રહેલા બે નેતાનું પુનર્વસન કરવામાં આવ્યું હોવાથી તેમને બાપ્પા પાવલા એમ કહેવાઈ રહ્યું છે. વિધાનસભ્ય સંજય શિરસાટ મુખ્ય પ્રધાનની સાથે પહેલેથી હતા. જ્યારથી એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન પદના શપથ લીધા ત્યારથી સંજય શિરસાટને પ્રધાનપદ મળશે તેવી ચર્ચાઓ ચાલી રહી હતી, પરંતુ સંજય શિરસાટને પ્રધાનપદ મળ્યું નહોતું.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે. ચૂંટણીપંચ ગમે ત્યારે આચારસંહિતા લાદી શકે છે, તેથી કેબિનેટ વિસ્તરણ હવે અસંભવિત છે. કેબિનેટ વિસ્તરણની શક્યતા ધૂંધળી થઈ ગઈ છે ત્યારે પણ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સંજય શિરસાટને મોટી જવાબદારી સોંપી છે. સંજય શિરસાટની સિડકોના ચેરમેન (જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ શિંદે લાલબાગચા રાજાના દરબારમાં પહોંચ્યા


બાપ્પા ફળજેઃ આવી પ્રાર્થના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ લાલબાગ ચા રાજાના ચરણમાં કરી હશે.

મુંબઈઃ ૧૧ દિવસનો ગણપતિ ઉત્સવ મંગળવારે સમાપ્ત થશે. જેમ જેમ અંતિમ વિસર્જનનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ રાજ્યભરના ભક્તો પરંપરાગત ગણેશ મંડળોની મુલાકાત લેવા અને બાપ્પાના આશીર્વાદ લેવા ઊમટી રહ્યા છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ સોમવારે બપોરે તેમના આખા પરિવાર સાથે મુંબઈના અત્યંત પ્રસિદ્ધ લાલબાગચા રાજાની મુલાકાત લીધી હતી. એકનાથ શિંદેની સાથે તેમની પત્ની, પુત્ર તથા સાંસદ શ્રીકાંત શિંદે, પુત્રવધૂ અને પૌત્ર રુદ્રાંશ હતા. શિંદેએ તેમના પરિવાર સાથે બાપ્પાની પૂજા કરી અને (જુઓ પાનું ૪) ▶▶

# નવરાત્રિ પછી થઈ શકે છે ઉમેદવારોની જાહેરાત

મુંબઈઃ વિધાનસભા ચૂંટણી માટે મહાયુતિ અને મહાવિકાસ આઘાડી (એમવીએ)એ બેઠક ફાળવણીની યોજના બનાવવા બેઠકો શરૂ કરી દીધી હોવા છતાં અંતિમ નિર્ણય હાલ જાહેર થવાની શક્યતા નથી. પિતૃપક્ષ બાદ નવરાત્રિ દરમિયાન તેની જાહેરાત થઈ શકે છે.

૧૮ સપ્ટેમ્બરે પિતૃપક્ષની શરૂઆત થશે જે ૨ ઑક્ટોમ્બરે સમાપ્ત થશે. પિતૃપક્ષમાં કોઈ શુભ કાર્ય ન થાય તેવી માન્યતા છે. રાજકીય પક્ષો પણ આનું પાલન કરે છે એવું આપણે પહેલા ઘણી વખત જોયું છે. હાલમાં અમારી એકબીજા સાથે ચર્ચા ચાલુ છે અને તે ચાલુ રહેશે, પરંતુ બેઠક ફાળવણીની જાહેરાત પિતૃપક્ષ પછી જ કરશું, એવું બંને પક્ષના નેતાઓ કહે છે. બેઠક ફાળવણીની ચર્ચા શ્રાદ્ધપક્ષમાં પણ ચાલુ રહેશે. આમ છતાં ૩ (જુઓ પાનું ૪) ▶▶

# આરે - બીકેસી મેટ્રોની આ મહિનામાં અંતમાં શરૂઆત

મુંબઈઃ આરેથી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)ને જોડતી મેટ્રો-૩નો પ્રથમ તબક્કો આ મહિનાના અંત સુધીમાં કાર્યરત થઈ જશે એવી જાહેરાત મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે કરી હતી. આરે - બીકેસી - આરે વચ્ચે પ્રથમ તબક્કામાં મેટ્રો ટ્રેન દોડશે. બીજો તબક્કો આવતા વર્ષે પૂર્ણ થવાની સંભાવના છે. મેટ્રો લાઇન ૩ના પ્રથમ તબક્કામાં દસ સ્ટેશનનો સમાવેશ થાય છે. એક્વા લાઇન અંધેરી ઉપનગરોમાંથી પસાર થઈ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટને આવરી બીકેસી પહોંચશે.

૩૩.૫ કિલોમીટરમાં ફેલાયેલી મેટ્રો-૩ ઉત્તર - દક્ષિણ મુંબઈને જોડતી મહત્ત્વની સર્વિસ છે અને મુંબઈમાં આવનજાવન સુગમ બનાવવાના હેતુસર તૈયાર કરવામાં આવી છે. આ મેટ્રો છ વાણિજ્ય ઉપનગર ,૩૦ ઓફિસ વિસ્તાર, ૧૨ શૈક્ષણિક સંસ્થા, ૧૧ મોટી હૉસ્પિટલ, ૧૦ પરિવહન કેન્દ્ર અને મુંબઈના બંને એરપોર્ટ જોડશે. આ વિસ્તૃત નેટવર્કથી સમગ્ર શહેરમાં મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટી જશે. આ ઉપરાંત (જુઓ પાનું ૪) ▶▶

# રાહુલ ગાંધીની જીભ કાપોને ૧૧ લાખ લઈ જાવઃ શિંદે સેનાના વિધાનસભ્ય



બુલઢાણાઃ મહારાષ્ટ્રના બુલઢાણાના શિંદે જૂથના વિધાનસભ્ય સંજય ગાયકવાડે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જે કોઈ રાહુલ ગાંધીની જીભ કાપશે તેને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

સંજય ગાયકવાડે અમેરિકામાં અનામત અંગેના નિવેદન બદલ રાહુલ ગાંધીની જીભ કાપનારને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. વિધાનસભ્ય ગાયકવાડે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર દલિતો અને આદિવાસીઓનું આરક્ષણ ખતમ કરવાનું ષડ્યંત્ર કરવાનો આરોપ લગાવ્યો છે.

ગાયકવાડે કહ્યું કે બાબાસાહેબ આંબેડકરે મહારાષ્ટ્ર અને દેશના પછાત અને દબાયેલા દલિતો, આદિવાસીઓ અને ઓબીસી લોકોને બંધારણમાં આરક્ષણ આપ્યું છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિદેશ જઈને નિવેદન આપે છે કે તેઓ અનામત ખતમ કરવા માગે છે.

ગાયકવાડે કહ્યું કે આનો અર્થ એ થયો કે કોંગ્રેસે તેનો અસલી ચહેરો લોકોને બતાવી દીધો છે. તેમને પેટમાં દુખાવો થઈ રહ્યો છે. મોદી લોકસભા ચૂંટણી દરમિયાન બંધારણ બદલશે. આવી ખોટી અને નકારાત્મક વાતો ફેલાવવામાં આવી હતી અને મત લેવામાં આવ્યા હતા. આજે તેઓ ઓબીસી, દલિત અને આદિવાસીઓ માટે અનામત ખતમ કરવાની વાત કરી રહ્યા છે. ગાયકવાડે સ્પષ્ટ કહ્યું કે જે કોઈ તેની જીભ કાપશે તેને હું ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપીશ.

જોકે ગાયકવાડના આ નિવેદનના આકરા પ્રત્યાઘાત પડ્યા છે અને કોંગ્રેસે તો ગાયકવાડની જીભ પર લગામ તાણવાની ધમકી સુદ્ધાં આપી દીધી છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ ગાયકવાડે રાહુલ ગાંધી વિશે આપેલા નિવેદન પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે હું ગાયકવાડનું સમર્થન કરતો નથી. પરંતુ અનામતના ખરા હત્યારા કોંગ્રેસવાળા છે. ■

# ૮૦થી ૯૦ બેઠક માગી છે અજિત પવારેઃ આવું છગન ભુજબળ કહી રહ્યા છે

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીને હવે લગભગ બે મહિનાનો સમય બાકી છે ત્યારે મહા વિકાસ અઘાડી અને મહાયુતિમાં વિવિધ પક્ષના નેતાઓ કામે લાગ્યા છે. ચૂંટણી ટાણે અનેક રાજકીય નેતાઓએ સભાઓ, મેળાવડા અને સમીક્ષા બેઠકો બોલાવી મતવિસ્તારની સમીક્ષા કરી વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોની ચકાસણી કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં કયો પક્ષ કેટલી બેઠકો પર ચૂંટણી લડશે? મહાયુતિની બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા શું હશે? વગેરે જુદી જુદી ચર્ચા ચાલી રહી છે.

વિધાનસભાની ચૂંટણીમાં બેઠકોની વહેંચણીની ગોઠવણમાં એનસીપીના અજિત પવાર જૂથને કેટલી અને શિવસેના-શિંદે સમૂહને કેટલી બેઠક ફાળવવામાં આવશે એ વિશે વિવિધ દલીલો થઈ રહી છે. જોકે, (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**